પ્રસ્તાવના

શ્રી તીર્થંકર ભગવાનના ઉપદેશને અથવા પ્રવચનને લક્ષમાં રાખીને ગણધર મહારાજો જે સૂત્રોની રચના કરે છે, તે અંગસૂત્રો કહેવાય છે તે સૂત્રોની સંખ્યા બારની હોય છે તેથી તે સમુચ્ચયે દ્વાદશાંગીના નામથી ઓળખાય છે એ પ્રમાણે દરેક ગણધર પોતાની દ્વાદશાંગી રચે છે.

હાલના ઉપલબ્ધ અંગસૂત્રો મૂળ તો પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામીએ રચેલાં છે પરંતુ તે સૂત્રોમાંનું બારમું સૂત્ર તો તદ્દન [illegible] અને બાકીના અગિયાર સૂત્રોમાં ઘણો થોડો [illegible] છે અને જે ઉપલબ્ધ થયાં તે [illegible] છે

સૂત્રો શ્રાવકોએ ન વાચવા એવું કંઇ નથી. સૂત્રોમા જૈનધર્મનું સંપૂર્ણ જ્ઞાન સંગ્રહાયેલું છે. અને જૈનધર્મનું જ્ઞાન મેળવવાની દરેક શ્રાવકની ફરજ છે સૂત્રોમા સાધુના આચારની વિગત પણ આવે છે તે સાધુ-આચાર પણ શ્રાવકોએ જાણવો જોઈએ, જેથી શ્રાવકોનુ ચારિત્ર પણ શુદ્ધ બને.

હાલના ઉપલબ્ધ સૂત્રો તે મૂળનો ઘણો નાનો અંશ જ છે. પરંતુ ઉપલબ્ધ સૂત્રોમાના જ્ઞાનમા પણ પારંગત થઈ શકનાર અત્યારે વિરલા જ છે. એટલે અત્યારે ઉપલબ્ધ સૂત્રોનું જ્ઞાન આપણા આત્મોત્કર્ષ માટે તો પર્યાપ્ત છે એમ કહી શકાય

જૈનધર્મના હાલ ઉપલબ્ધ અગિઆર સૂત્રોમા પહેલું આચારાંગ સૂત્ર છે તેમા સાધુનો આચાર વિગતથી વર્ણવેલો છે. તે પછીનું બીજું સૂત્ર તે આ સૂત્રકૃતાંગ સૂત્ર છે. તેમા જૈનધર્મનુ મુખ્ય જ્ઞાન સંગ્રહાયેલું છે. તેના બે શ્રુતસ્કંધ છે અને તે બંનેના મળીને ૨૩ ત્રેવીશ અધ્યયન છે તેની ટૂંકી વિગત આ પુસ્તકની શરૂઆતમાં જ આપેલી છે

આ સૂત્ર એકલા મૂળ કરતા ટીકા સાથે વાચવામા આવે તો બરાબર સારી રીતે સમજી શકાય. અને તે ગુજરાતી ભાષામા હોય તો ઘણી સહેલાઈથી સમજી શકાય. પરંતુ હાલમા આ સૂત્રનો ટીકા સાથેનો કોઈ ગુજરાતી અનુવાદ ઉપલબ્ધ ન હતો તેથી ભાઈશ્રી ભીખાલાલભાઈએ સરળ ગુજરાતી ભાષામા આ અનુવાદ તૈયાર કરેલ છે અને તે જિજ્ઞાસુ મુમુક્ષુઓને ખાસ ઉપયોગી નીવડશે એમ આશા છે

આ સૂત્રના દરેક અધ્યયન અને ઉદ્દેશાને પ્રકરણની પેઠે છૂટા પાડીને છાપેલ છે. તે ઉપરાત ગાથાઓ ઉપર તે તે વિષયને બતાવનારા મથાળા ગોઠવેલ છે કે જેથી વાચકને સમજવામા અનુકૂળતા

રહે. વળી અનુક્રમણિકામા તે સર્વે મથાળા ક્રમવાર આપેલા છે. જેથી વાચકને કોઈ પણ વખતે કોઈ પણ બાબત કે વિષય સંબધી પુસ્તકમા જોવુ હોય તો તે વિષયનું પાનુ સહેલાઈથી કાઢીને વાચી શકે.

ભાઈશ્રી ભીખાલાલભાઈએ આ પહેલા પણુ "જૈન સિદ્ધાત" સભા દ્વારા પ્રકાશિત પુસ્તકોનુ સંપાદન કે અનુવાદ નિઃસ્વાર્થ ભાવે કરીને સભાને આભારિત કરેલ છે. શ્રી સૂત્રકૃતાગ સૂત્રનો મહેનત લઈને આ સુદર અનુવાદ કરવા માટે સભા તેમનો આભાર માને છે

આ સૂત્રનો, ટીકાના અનુવાદ સાથેનો, આખો ગ્રંથ ચાર ભાગમા પૂરો થશે. તેનો આ પહેલો ભાગ છે તે પછીના ભાગો પણ બનતી ઉતાવળે બહાર પાડવામા આવશે બીજો ભાગ તો હાલ તુરતમા પ્રેસમા જશે.

મુ બઈ, ૧-૮-૧૯૬૪ નગીનદાસ ગિરધરલાલ શેઠ



અનુક્રમણિકા

અધ્યયન ૧. સમયસિદ્ધાંત

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

ભાગ પહેલો

શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧-૨

અનુવાદક

ભીખાલાલ ગિરધરલાલ શેઠ

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

ભાગ પહેલો

શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧-૨

અનુવાદક
ભીખાલાલ ગિરધરલાલ શેઠ

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

ભાગ પહેલો

શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧-૨

અનુવાદક
ભીખાલાલ ગિરધરલાલ શેઠ

જિનેશ્વરની વાણી

[કવિત]

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત-હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજમતિ મપાઈ મેં માની છે;
અહો ! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વરતણી વાણી, જાણી તેણે જાણી છે.

શ્રીમદ્ રાજચંદ્ર

[શિખરિણી]

અહો ! વાણી તારી પ્રશમ રસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાની અમૃત-રસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્ચ્છા વિષતણી ત્વરાથી ઉતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

[વસંતતિલકા]

સૂત્રકૃતાંગ સૂત્રની ટૂંકી વિગત

શ્રુતસ્કંધ તથા અધ્યયન

અંગ સૂત્રોમા સૂત્રકૃતાગ એ બીજુ સૂત્ર છે તેના બે શ્રુતસ્કંધ છે. તેમા

પહેલા શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે

બીજા શ્રુતસ્કંધના ૭ અધ્યયન છે.

બન્ને મળીને ૨૩ અધ્યયન છે

મૂળ સૂત્રકૃતાગ સૂત્રના ૩૬૦૦૦ પદ હતા, પરંતુ હાલ ઉપલબ્ધ સૂત્રનું પ્રમાણ ફક્ત ૨૧૦૦ શ્લોકનુ છે. તેમા ૮૨ સૂત્રો અને ૭૨૩ ગાથા છે.

ટીકા વિગેરેની વિગત

આ સૂત્ર ઉપર બીજા ભદ્રબાહુ સ્વામીએ નિર્યુક્તિ બનાવી છે તે ૨૦૫ ગાથા પ્રમાણ છે અને ૨૬૫ શ્લોક પ્રમાણ છે.

શ્રી જિનદાસ ગણિએ ચૂર્ણિ બનાવી છે તેના ૧૦૦૦૦ શ્લોક છે. તે શ્રી ઋષભદાસ કેસરીચંદ શ્વેતાબર સસ્થા તરફથી સંવત ૧૯૯૭મા છપાઈને બહાર પડેલી છે

મૂળ સૂત્ર અને નિર્યુક્તિને અનુસરીને શ્રી શીલાકાચાર્યે ટીકા લખી છે. તે ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ છે

આ સૂત્રનુ શ્રી હર્મન જેકોબીએ અંગ્રેજીમા કરેલ ભાષાન્તર છપાઈને બહાર પડેલ છે

સૂત્રકૃતાંગ સૂત્રનો વિષય

શ્રમણ નિર્ગ્રંથોને સ્વસમય એટલે સ્વ-સિદ્ધાંત અને પર-સમય એટલે પરસિદ્ધાંતનું જ્ઞાન હોય તો જ તેમને જૈન દર્શનની શ્રેષ્ઠતાની ખાત્રી થાય. તેથી આ સૂત્રની શરૂઆતમાં સ્વ-સિદ્ધાંત તથા પર-સિદ્ધાંતોની વિગત આપી છે. તેમાં ભગવાન મહાવીરના વખતમાં અસ્તિત્વ ધરાવતા હતા તે ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી મળીને ચાર કુવાદીઓના મતનું ખંડન કરીને જૈનદર્શનના અનેકાંતવાદની શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે

તે ઉપરાંત સાધુઓના આચાર, જ્ઞાન, વિનય આદિ ગુણોનું તથા નરકના દુઃખ વગેરેનું વર્ણન કરેલ છે કે જેથી સાધુનું સમ્યગ્દર્શન નિર્મળ થાય અને તેમાં દૃઢતા થતા ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થાય

પહેલા શ્રુતસ્કંધના
૧૬ અધ્યયનની વિગત

૪. સ્ત્રી પરિજ્ઞા—સ્ત્રીઓથી લલચાવુ નહિ અને શીલધર્મની અખંડ આરાધના કરી આત્મહિત સાધવુ

૫. નરક વિભક્તિ—નરકનું વર્ણન છે તે દુઃખોથી ભય પામી સ્વ-ધર્મ આદરવો

૬. વીરસ્તુતિ—ભગવાન મહાવીરની સ્તુતિ કરી ભગવાનના ગુણોનુ વર્ણન કરેલ છે

૭. કુશીલ પરિભાષિત—અધર્મીઓનુ વર્ણન—યજ્ઞયાગ, સ્નાન, તપશ્ચર્યા આદિમા જ મોક્ષ માનનાર તો સંસારમા ભટકયા કરે છે. શુદ્ધ ચારિત્ર વાળા મધ્યસ્થ ભાવ અંગીકાર કરી સ્વ-સ્વરૂપમા રમણ કરે છે

૮. વીર્ય—બાળવીર્ય, પંડિતવીર્ય વિષે, તથા તપ વિષે વર્ણન કરેલ છે.

૯. ધર્મ—મુનિધર્મ, આત્મધર્મનું સ્વરૂપ સમજાવેલ છે.

૧૦. સમાધિ—સમાધિ-મનનુ સ્વસ્થપણુ તેના ભેદ આદિની બિના જણાવેલી છે સમભાવ રાખી મનને સમાધિમા પ્રવર્તાવવું.

૧૧. મોક્ષમાર્ગ—મોક્ષ પ્રાપ્તિના સાધનો, અહિંસાનુ તાત્વિક સ્વરૂપ તથા ભિક્ષાની બિના સ્પષ્ટ જણાવી છે

૧૨. સમવસરણ—૩૬૩ કુવાદીઓના દોષોનું દર્શન

૧૩. યથાતથ્ય—ધર્મનું યથાતથ્ય સ્વરૂપ પાસત્થાદિ સાધુઓનુ વર્ણન

૧૪. ગ્રંથપરિત્યાગ—વિવિધ પરિગ્રહનો ત્યાગ.

૧૫. આદાન અથવા યમકીય—સંયમ ધર્મનો સાર વિસ્તારથી વર્ણવ્યો છે.

૧૬. ગાથા—બ્રાહ્મણ, શ્રમણ, નિર્ગ્રંથ, ભિક્ષુ—એ ચાર શબ્દની સમજુતી

બીજા શ્રુતસ્કંધના
૭ અધ્યયનની વિગત

૧ પોંડારક—ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી મોક્ષકમળ લેવા સંકલ્પ કરે છે પણ સંસારથી વિરક્ત થઈ સંપૂર્ણ અંશે તેમ કરતા નથી. પણ કામભોગમાં રહી પ્રયત્ન કરે છે તેથી કામભોગ રૂપી કાદવમાથી નીકળી શકતા નથી. પણ ત્યાગી માણસ સહેલાઈથી મોક્ષકમળ લઈ લીએ છે. તે રૂપકથી મોક્ષમાર્ગ બતાવેલ છે

૨. તેર ક્રિયાસ્થાનો—જ્યા ઇચ્છા છે ત્યાં કષાય છે. જ્યા કષાય છે ત્યા સંસાર છે. જ્યા તેનો અભાવ છે ત્યા મોક્ષ છે તે સમજાવેલ છે

૩. આહાર પરિજ્ઞા—શુદ્ધ આહાર લેવાનુ વર્ણન.

૪. પ્રત્યાખ્યાન પરિજ્ઞા—જ્યા સુધી સર્વાંગે ત્યાગ નથી [illegible] ત્યા સુધી કર્મબંધ લાગ્યા જ કરે છે તેની સમજણ

૫. આચાર અનાચાર શ્રુત—આચાર અંગીકાર કરવા [illegible]

૬. આર્દ્રકીય [illegible] દર્શનીઓ સાથેનો [illegible]

[illegible]

પહેલા શ્રુતસ્કંધના ઉદ્દેશા

પહેલા અધ્યયનના	૮	ઉદ્દેશા છે
બીજા ,,	૩	,,
ત્રીજા ,,	૪	,,
ચોથા ,,	૨	,,
પાચમા ,,	૨	,,

એ પ્રમાણે પહેલા શ્રુતસ્કંધના શરૂઆતના પાચ અધ્યયનોના જ પદર ઉદ્દેશા છે. બાકીના અધ્યયનોમાં ઉદ્દેશા નથી.

બીજા શ્રુતસ્કંધના અધ્યયનોમા પણ ઉદ્દેશા નથી

પહેલા સમય અધ્યયનનો સાર

અહીં સમય શબ્દનો અર્થ સિદ્ધાત રૂપ લેવો. જૈન સિદ્ધાંતોનુ અને જૈનેતર સિદ્ધાતોનુ જેમા વર્ણન છે તે સમય અધ્યયન. એમા પંચમહાભૂતિક વાદ વગેરેનુ સ્વરૂપ જણાવ્યુ છે.

(૧) દુનિયામા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપ પાચ મહાભૂતને કાર્યસાધક માનનારા અન્ય ધર્મીઓનો જે વાદ તે પચમહાભૂતિકવાદ કહેવાય છે

(૨) આત્મા સિવાય બીજું કંઇ છે જ નહિ એ એકાત્મવાદનુ અથવા અદ્વૈતવાદનુ વચન છે.

(૩) શરીર તે જ જીવ એવી માન્યતાને તજ્જીવતચ્છરીરવાદ કહેવાય છે.

(૪) અકારકવાદ (સાંખ્યમત).

(૫) પંચમહાભૂતોથી અલગ છઠ્ઠો પદાર્થ તરીકે આત્માને માનનારા અન્ય ધર્મીઓનો વાદ તે આત્મષષ્ટ વાદ કહેવાય છે.

(૬) પંચસ્કંધવાદ. પાચ સ્કંધોની માન્યતા

(૭) નિયતિવાદ.

(૮) અક્રિયાવાદ

(૯) જગતઉત્પત્તિવાદ. એટલે જગતની ઉત્પત્તિના અંગે વિવિધ માન્યતા

(૧૦) લોકવાદ અન્ય બોધિ, પૌરાણિક, વિનયવાદી વગેરે પર ધર્મીઓની માન્યતા, આચાર-વિચારો વગેરે જણાવી સ્યાદ્વાદ શૈલીથી તે વિચાર આદિનુ અનુચિતપણુ સાબિત કરીને જૈનદર્શનના આચાર વિચાર વગેરે સર્વજ્ઞ પ્રભુશ્રી તીર્થંકર દેવે કહેલા હોવાથી સાચા છે. અહિંસા એ ધર્મરૂપી મહેલનો પાયો છે વગેરે બિના વિસ્તારથી સમજાવી છે

બીજા વૈતાલીય અધ્યયનનો સાર

જેમા કર્મોને નાશ કરવાના સાધનો કહ્યા છે તે વૈતાલીય અધ્યયન કહેવાય છે એમા કર્મોરૂપી લાકડાનું વિદારણ એટલે નાશ કરવાના વૈરાગ્ય આદિ સાધનોનુ દાખલા-દલીલ સાથે સચોટ વર્ણન કર્યું છે વિશિષ્ટ પ્રસંગને અનુસરીને આની રચના થઈ છે.

ટીકામા કહ્યુ છે કે—પ્રભુ શ્રી ઋષભદેવે રાજ્યના અભિલાષી [illegible] ૯૮ પુત્રોને પ્રતિબોધ કરી બાહ્ય આત્મિક રાજ્યને સમ[illegible] [illegible] બનાવવાના ઇરાદાથી જે ઉપદેશ [illegible] અધ્યયનમાં જણાવ્યો છે.

[illegible] દૃષ્ટાન્ત આપીને તે ૯૮ [illegible] —

[illegible] મુનિના [illegible] છે જેની [illegible]

તમે અહી આવ્યા છો તે વ્યવહારિક ગન્ય પ્રબળ અશાતિ અને દુર્ગતિના ભયંકર દુઃખોને આપે છે.

"શબ્દ અને રૂપ એ બન્ને કામ કહેવાય. સ્પર્શ, રસ તથા ગંધ એ ભોગ કહેવાય આ રીતે કામ ભોગમા આસક્ત થનારા જીવોની ભોગતૃષ્ણા વધતી જાય છે પણ ઘટતી નથી.

"જેમ અ ગારવાહકને સમુદ્ર આદિનું પાણી પાતા પણ તરસ છીપી નહિ તેમ ઘણા કામભોગને ભોગવતા છતા પણ તેવી નીચ વાસના વધતી જ જાય છે માટે અચળ વૈરાગ્યભાવથી સ યમને સાધો અને મુક્તિના અવ્યાબાધ સુખ પામો."

આ રીતે આત્માને નુકસાન કરનારા કામ ભોગ આદિને તજવાની અને આત્મહિતને કરનારા અહિંસા આદિને સાધવાની બિના વિસ્તારથી જણાવી છે.

આ પુસ્તકમા પહેલા બે અધ્યયનો જ આવેલા હોવાથી તે બેનો ટૂંક સાર ઉપર પ્રમાણે આપ્યો છે.

અનુવાદકનું પ્રાક્કથન

અંગ સૂત્રોમાં આ સૂત્રકૃતાંગ સૂત્ર ક્રમમાં બીજુ છે આચારાંગ સૂત્ર ક્રમમાં પહેલું હોઈ, તેની પછી ક્રમમાં આ સૂયગડાંગ સૂત્ર આવે છે તત્ત્વનો સુંદર બોધ આ સૂત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. આ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પહેલા અધ્યયનમાં સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતનું વિસ્તૃત વર્ણન છે, તેથી તે અધ્યયનનું નામ "સમયસિદ્ધાંત" છે. આ અધ્યયન દ્વારા સ્વ-પર સિદ્ધાંતનુ સારુ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સર્વપ્રથમ સૂત્રકારે સ્વસિદ્ધાંત સંક્ષિપ્તમાં વર્ણવ્યા પછી પરસમય અર્થાત્ પરસિદ્ધાંતના દોષોનું વર્ણન કર્યું છે પરસિદ્ધાંતના અનેક ભેદો છે, જેવા કે બ્રાહ્મણ-શ્રમણ (શાક્ય ભિક્ષુ, બૃહસ્પતિ મતાનુયાયી, સાંખ્યવાદી, વૈશેષિક), ચાર્વાક, લોકાયનિકવાદ, અદ્વૈતવાદ, તજ્જીવતચ્છરીરવાદ, અક્રિયવાદ, નિત્યવાદ, ક્ષણિકવાદ, [illegible]વાદ, ધાતુવાદ, નિયતિવાદ, અજ્ઞાનવાદ, ક્રિયાવાદ, જગત્કર્તૃત્વવાદ વગેરે. આ પ્રવાદીઓ પોતપોતાના આગમ-વિશેષ તથા તેમાં [illegible] અનુષ્ઠાનનું યુક્તિપૂર્વક પ્રતિ[illegible]

[illegible] કરે છે

જૈન સિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૧૫ મો

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

[અંગ સૂત્ર બીજું

મૂળ, ગુજરાતી અનુવાદ તથા શ્રીમદ્
શીલાંકાચાર્યની સંસ્કૃત ટીકાનો
ગુજરાતી ભાષાનુવાદ

ભાગ પહેલો

પ્રથમ શ્રુતસ્કંધ
અધ્યયન ૧-૨

અનુ:
ભીખાલાલ ગિ

॥ नमो वीतरागाय ॥

પહેલા અધ્યયનની

શ્રી શીલાંગ આચાર્ય વિરચિત સંસ્કૃત

પ્રસ્તાવના

નો ગુજરાતી ભાષાનુવાદ

મંગળાચરણ

હું જિનવર દેવોને નમસ્કાર કરીને સ્વસિદ્ધાંત તથા પર-સિદ્ધાંતને જાણનાર, અનંતભંગ, અનંતપર્યાય તથા અર્થ ગુણોથી [illegible] અનુક્રમે આ સૂત્રકૃતાંગ સૂત્રની વ્યાખ્યા કરું છું.

જો કે બીજા પૂર્વના આચાર્યોએ આ સૂત્રકૃતાંગ સૂત્રની વ્યાખ્યા કરી છે, તો [illegible] પણ તેની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન [illegible] ગયના જાણીને [illegible]

[illegible]

સૂત્રકૃતાંગ સૂત્રની
વ્યાખ્યાનો આરંભ

આ દુ:ખમય સંસારમાં ડૂબેલા ભવ્ય જીવોએ ઉત્તમ કુળમાં ઉત્પન્ન અને સર્વ ઇન્દ્રિયાની પૂર્ણતા વગેરે સામગ્રી પામીને તથા દુર્લભ મનુષ્ય જન્મ પામીને સમસ્ત કર્મોનો નાશ કરવા માટે અર્હત્ દર્શનમાં અવશ્ય પ્રયત્નશીલ બનવું જોઈએ.

આગમ

કર્મનો સંપૂર્ણ નાશ સમ્યક્ વિવેકથી થાય છે. પરંતુ આ સમ્યક્ વિવેક આપ્તપુરુષના ઉપદેશ વિના થતો નથી. જેના દોષો અત્યંત નષ્ટ થઈ ગયા છે તે જ આપ્ત પુરુષ છે. આપ્ત પુરુષ અરિહંત દેવ જ છે. માટે તેમના ફરમાવેલા આગમને જાણવાનો પ્રયત્ન કરવો. આગમ દ્વાદશ અંગ સ્વરૂપ છે પરંતુ આર્યરક્ષિત આચાર્યશ્રીએ આધુનિક મુમુક્ષુઓના ઉપકારાર્થે તેને ચાર ભેદોમાં વિભાજિત કરી દીધેલ છે તે ચાર ભેદો નિમ્ન છે:—

૧ *ચરણકરણાનુયોગ

૨ દ્રવ્યાનુયોગ

૩ ધર્મકથાનુયોગ

૪ ગણિતાનુયોગ

[illegible]

તત્ત્વભેદ પર્યાયો વડે વસ્તુની વ્યાખ્યા થાય છે, માટે સૂત્રકૃત સૂત્રના પર્યાયો બતાવવા માટે "सूयगडं अंगाणं" ઇત્યાદિ કહે છે

સૂત્રકૃતાંગના એકાર્થક નામો

અંગોમાં આ સૂત્રકૃતાંગ સૂત્ર બીજું છે. તેના આ પ્રમાણે એક અર્થ વાળા નામો છે:—

સૂત્ર એટલે અર્થ રૂપે તીર્થંકરો દ્વારા ઉત્પન્ન થયેલું અને તે ગણધરો દ્વારા ગ્રંથ રૂપે રચાયું માટે તે "સૂતકૃત" કહેવાય છે. આ તેનું પહેલું નામ થયું

સૂત્ર અનુસારે જેમાં તત્ત્વના અર્થનો બોધ કરવામાં આવે તેને "સૂત્રકૃત" કહે છે આ તેનું બીજું નામ થયું.

પોતાના અને પરના સિદ્ધાંતોના અર્થનું સૂચન કરવું તેને "સૂચા" કહે છે એ "સૂચા" આ શાસ્ત્રમાં કરવામાં આવેલ છે, માટે તેનું નામ 'સૂચાકૃત' છે આ ત્રણ તેના ગુણનિષ્પન્ન અર્થાત્ ગુણથી ઉત્પન્ન થયેલા નામો છે. (૨)

દ્રવ્યસૂત્ર

[illegible] અને કૃત પદના નિક્ષેપ બતાવે છે નામ અને [illegible] આગમ [illegible] શરીર [illegible] "पोण्डयाइ" વગેરે [illegible] બતાવે છે [illegible] ઉત્પન્ન થયેલું [illegible]

[illegible] થયું છે, તેને નામ- [illegible] નામ ગુણ પ્રમાણે 'સૂત્રકૃત' છે [illegible] કહે છે [illegible] કહે છે

તથા આદિ શબ્દથી અંડજ (રેશમ) અને વાળથી ઉત્પન્ન થયેલ (ઊન) વગેરે સૂત્રને દ્રવ્યસૂત્ર કહે છે.

ભાવસૂત્ર

ભાવ સૂત્ર તો અહીં આ અધિકારમાં સૂચના કરવા વાળું જ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાન છે. કારણ તે જ સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંત રૂપ અર્થને સૂચિત કરે છે. તે શ્રુતજ્ઞાન સૂત્ર ચાર પ્રકારે છે.—

૧ સંજ્ઞા સૂત્ર

૨. સંગ્રહ સૂત્ર

૩ વૃત્તનિબદ્ધ સૂત્ર અને

૪ જાતિનિબદ્ધ સૂત્ર

૧. સંજ્ઞાસૂત્ર

જે સૂત્ર પોતાના કરેલા સંકેત અનુસાર રચાયું છે તે સંજ્ઞા-સૂત્ર છે જેમકે—

जे छेए सागारियं न सेवे, सव्वामगंधं परिण्णाय
निरामगंधो परिव्वए ।

અર્થાત્ સાધુ પુરુષ મૈથુન સેવનનો ત્યાગ કરે અને બધા દોષો જાણીને છોડે.

અહીં "[illegible]" તથા "[illegible]" [illegible] છે. [illegible] "[illegible]", "[illegible]" "[illegible]" [illegible] અહીં [illegible] અને [illegible] છે

કેશ વગેરે ઉત્પન્ન કરવા તે વૈક્રિય શરીરનું ઉત્તરકરણ છે. આહારક શરીરનુ ગમનાગમન વગેર ઉત્તરકરણ છે. અથવા ઔદારિક શરીરના મૂળ અને ઉત્તરકરણને પાછલી અર્ધી ગાથા વડે નિર્યુક્તિકાર બીજી રીતે બતાવે છે કલબૂકાના ફૂલ વગેરેની આકૃતિવાળી દ્રવ્ય ઇન્દ્રિયો મૂળકરણ છે. અને પરિણામને પ્રાપ્ત થવાવાળી તે જ ઇન્દ્રિયોની શક્તિ વિષ અને ઔષધના પ્રયોગથી વધારવી તે ઉત્તરકરણ છે.

હવે નિર્યુક્તિકાર અજીવ સબંધી કરણ બતાવે છે—

તાણા-વાણા જોડીને એટલે કે લંબાઈ પહોળાઈમા તાતણા જોડીને કપડું તૈયાર કરવુ તે સંઘાતકરણ કહેવાય છે આરા

૩ સાધુ મુનિરાજ પોતાની શંકાના નિવારણ માટે મહાવિદેહ ક્ષેત્રમા તીર્થંકર દેવ પાસે મોકલવા માટે અત્યન્ત શુભ, શુકલ અને વિશુદ્ધ દ્રવ્યવર્ગણા દ્વારા એક પુતળુ તૈયાર કરે છે તે આહારક શરીર છે તે અન્તર્મુહૂર્ત માટે બનાવવામા આવે છે. આહારક લબ્ધિથી તે ઉત્પન્ન થઈ શકે છે

મેળવી દેતા. ઉદય પ્રાપ્ત કર્મોની તેઓ ઉદીરણા કરતા હતા. તેઓ અપ્રમત્ત ગુણસ્થાન (૭મા) માં રહી સાતા અને અસાતા આયુની ઉદીરણા કરતા નહિ. તેઓ મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર તથા તેના અંગોપાંગ વગેરે કર્મોના ઉદયમાં વર્તતા હતા તથા પુરુષવેદમાં અને ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા હતા. એવા ગણધર મહારાજોએ આ સૂત્રકૃતાંગ સૂત્રની રચના કરી હતી. આ અર્થોની સૂચના કરવા માટે "સૂત્ર" કહેવાય છે.

સૂત્રકૃત નામ શા માટે?

આ સૂત્ર પોતાની સ્વતંત્ર બુદ્ધિથી બનાવવામાં આવ્યું નથી, પરંતુ કેવી રીતે રચ્યું છે તે બતાવવા માટે નિર્યુક્તિકાર કહે છે કે—

અર્થની રચના કરવામાં જે વિઘ્ન ઉત્પન્ન કરનાર કર્મો છે, તે કર્મોનો ક્ષયોપશમ થઈ જવાથી, એકાગ્રચિત્ત ગૌતમ વગેરે ગણધરોએ જિનવર તીર્થંકરના મતને અર્થાત્ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત માતૃકાદિ પદોને સાંભળીને, શુભ અધ્યવસાય સહિત આ સૂત્રની રચના કરી, તેથી તેનું નામ "સૂત્રકૃત" છે.

તીર્થંકરોએ કયા યોગમાં આ સૂત્ર કહ્યું અને ગણધરોએ કેવા ભાવમાં તેની રચના કરી?

ક્ષાયિક જ્ઞાન (કેવળજ્ઞાન) મા વર્તતા તીર્થંકર દેવોએ વાણી-યોગ વડે આ સૂત્રને સારી રીતે પ્રકાશ્યું ભગવાનની ઉક્ત વાણીને ઝીલનારા તે ગણધરો પણ સાધારણ બુદ્ધિવાળા પુરુષ જેવા ન હતા, પરંતુ તેઓ અનેક યોગ ધારણ કરનારા હતા. તે યોગ તે ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિનો સમૂહ. એ યોગના ધારણ કરનારા ગણ-ધરો હતા તેથી તેઓ "અનેક યોગધર" કહેવાય છે. તે ગણધરોને આ સૂત્ર ભગવાને કહ્યુ હતુ. (અહી 'સૂત્રકૃતાંગ' શબ્દની અપેક્ષાએ 'प्रभाषितम्' નપુંસક લિંગમા વાપર્યું છે) અહી 'સાધુ' પદથી ગણધરો જ માનવા, કારણ કે ભગવાને એ ગણધરોને ઉદ્દેશીને જ આ અર્થ પ્રકાશ્યો છે. ભગવાનના આ અર્થને સાંભળીને ગણ-ધરોએ પણ વચનયોગ દ્વારા જ આ સૂત્ર રચ્યુ હતુ આ રચના જીવના સ્વાભાવિક ગુણ પ્રમાણે જ કરવામા આવી છે જે પોતના ભાવથી ઉત્પન્ન થાય છે, તેને 'સ્વાભાવિક' કહે છે, અર્થાત્ જીવને. સ્વાભાવિક ગુણ એટલે પ્રકૃત, તેનાથી સિદ્ધ છે તેને સ્વાભાવિક કહે છે—તે પ્રાકૃત છે તે પ્રાકૃત ભાષામા આ સૂત્ર રચાયુ, પરંતુ જે સંસ્કૃત ભાષ લટ્, લિટ્, રૂપ, પ્રકૃતિ, પ્રત્યય વગેરે વિકારની કલ્પનાથી ઉત્પન્ન થયેલ છે એવી સસ્કૃત ભાષ મા રચ્યુ નથી (કારણ કે સંસ્કૃત ભાષા જીવોની સ્વાભાવિક ભાષા નથી)

સૂત્રકૃત શબ્દની બીજી રીતે વ્યાખ્યા

હવે બીજી રીતે સૂત્રકૃત શબ્દની વ્યાખ્યા કરે છે

[illegible]

[illegible]

અક્ષરગુણ સાથે જોડવું તે 'અક્ષરગુણમતિસંઘટના' કહેવાય છે. (પોતાના મનના ભાવને વાણી દ્વારા પ્રગટ કરવો તે 'અક્ષરગુણમતિસઘટના છે) અથવા બુદ્ધિ દ્વારા અક્ષરગુણોની રચના કરવી તે 'અક્ષરગુણમતિસઘટના' છે.

જ્ઞાનાવરણીય વગેરે કર્મોને જીવ પ્રદેશોથી જુદા કરવા તેને 'કર્મપરિશાટક' કહે છે.

આ સૂત્રકૃતાગ સૂત્ર અક્ષરગુણમતિસંઘટના અને કર્મપરિશાટના દ્વારા રચાયુ છે. ગણધરો શાસ્ત્રની રચનામા જેમ જેમ ઉદ્યમ કરે, તેમ તેમ તેમના કર્મોનુ પરિશાટન થાય અને જેમ જેમ તેમના કર્મોનુ પરિશાટન થાય તેમ તેમ ગ્રથરચનામા તેમનો ઉદ્યમ વધતો જાય એ જ ગાથાના ઉત્તરાર્ધમા બતાવ્યુ છે

ગણધરોએ અક્ષરગુણમતિસઘટના અને કર્મ પરિશાટના એ બન્નેના યોગથી અથવા વચનયોગ અને મનોયોગથી આ સૂત્ર રચ્યુ છે, તેથી તેનુ નામ 'સૂત્રકૃત' છે.

'સૂત્ર' પદની નિરુક્તિ અને ચૌદપૂર્વ ધારીના ૬ સ્થાન

આગમમા બહુ પ્રકારે ગોઠવેલા છે. કોઈ અર્થો સૂત્રોમા સાક્ષાત કહેલા છે અને કેટલાક અર્થાપત્તિ ન્યાયથી સમજાય છે. અથવા સૂત્રમા કોઈ જગ્યાએ અર્થનો એકદેશ કહ્યો અને કોઈ જગ્યાએ સમસ્ત અર્થ કહ્યો. જે પદો વડે તે અર્થોનુ પ્રતિપાદન કરવામા આવ્યુ છે, તે પદો પ્રકર્ષથી સિદ્ધ એટલે અત્યન્ત પ્રસિદ્ધ છે, સાધ્ય નથી તથા તે અનાદિના છે, તે હમણા ઉત્પન્ન કરવા યોગ્ય નથી (હમણા બનાવવાના નથી). તેથી આ દ્વાદશાગી શબ્દ અને અર્થની રચના દ્વારા મહાવિદેહ ક્ષેત્રમા નિત્ય છે. તથા ભરત અને ઐરવત ક્ષેત્રોમા પ્રત્યેક તીર્થંકર પોતપોતાના તીર્થની અપેક્ષાએ નવા બનાવે તે અપેક્ષાએ અનિત્ય, પણ પદાર્થની અપેક્ષાએ તો અહીં પણ નિત્ય છે આ કથનથી "ઉચ્ચારણ કર્યા પછી વર્ણો નાશ પામી જાય છે તેથી આ દ્વાદશાગી અનિત્ય છે" — આવુ અન્ય દર્શનીઓનુ કથન ખંડિત થયેલુ સમજવુ.

આ સૂત્રના શ્રુતસ્કંધ, અધ્યયન અને ઉદ્દેશા

આ સૂત્રકૃતાગ સૂત્રમા બે શ્રુતસ્કધ, બન્મા મળી ત્રેવીશ અધ્યયન અને તેત્રીશ ઉદ્દેશન-કાળ છે તે આ પ્રમાણે:—

પહેલા શ્રુત સ્કંધમાં

પહેલા અધ્યયનમા — ૪ ઉદ્દેશા
બીજા અધ્યયનમા — ૩ „
ત્રીજા અધ્યયનમા — ૪ „
ચોથા અધ્યયનમાં — ૨ „
[illegible] — [illegible] „

બાકીના ૬ થી ૧૬ અધ્યયન
એટલે ૧૧ અધ્યયનોના
દરેકમાં એકેક ઉદ્દેશા — ૧૧ ઉદ્દેશા (કુલ)
=૧૬ અધ્યયનમાં — ૨૬ ઉદ્દેશા

બીજો શ્રુતસ્કંધ

૧ થી ૭ અધ્યયન
દરેકમાં એકેક ઉદ્દેશક ૭ ઉદ્દેશક (કુલ)

આ પ્રમાણે બન્ને શ્રુતસ્કંધના ગણીને અધ્યયન તથા ઉદ્દેશા નીચે પ્રમાણે થાય છે:—

	અધ્યયન	ઉદ્દેશા
૧ લા શ્રુતસ્કંધમાં	૧૬	૨૬
૨ જા ,,	૭	૭
	૨૩	૩૩

[illegible]

પ્રથમ શ્રુતસ્કંધનો
નામ-નિક્ષેપ

[illegible]

[illegible]

કહે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ભેદથી ગાથાનો ચાર પ્રકારે નિક્ષેપ થાય છે તેના નામ અને સ્થાપના પ્રસિદ્ધ છે.

દ્રવ્યગાથા બે પ્રકારની છે—

૧. આગમથી

૨. નોઆગમથી.

ગાથાનો જ્ઞાતા છે, પરંતુ ઉપયોગ રાખતો નથી તે આગમથી દ્રવ્યગાથા છે. કારણ કે ઉપયોગ ન રાખવો તે જ દ્રવ્ય છે.

નોઆગમથી દ્રવ્યગાથા ત્રણ પ્રકારે છે.

૧. જ્ઞ-શરીર દ્રવ્યગાથા

૨ ભવ્ય-શરીર દ્રવ્યગાથા

૩ એ બે સિવાયની દ્રવ્યગાથા.

જે છંદમા ચાર માત્રાવાળા સાત ગણ હોય, આઠમો ગુરુ હોય અને વિષમમા જ ગણ ન હોય, છઠ્ઠામા ચતુર્લઘુ ન હોય અથવા જ ગણ હોય તે ગાથાછંદ છે

પરંતુ આ ગાથાના પૂર્વાર્ધનુ વર્ણન છે. ઉત્તરાર્ધમા છઠ્ઠો એક લઘુ હોવો જોઈએ બાકી બધુ પૂર્વાર્ધવત્ સમજવુ. આ લક્ષણયુક્ત જે છદ, પત્ર પુસ્તકમા લખી હોય તે ગાથા છદ છે

[illegible] પણ આગમ અને નોઆગમના ભેદથી બે [illegible] તે ગાથામા ઉપયોગ રાખે તે [illegible]

[illegible]

૩જા અધ્યયનમાં—સમ્યગ્ બોધ પ્રાપ્ત કરનાર પુરુષ કેવી રીતે ઉપસર્ગ સહન કરવામાં શક્તિશાળી બને છે તે બતાવવામાં આવ્યું છે.

૪થા અધ્યયનમાં—સ્ત્રી સંબંધી દોષો તજવાનું બતાવ્યું છે.

૫મા અધ્યયનમાં—કહ્યું છે કે જે પુરુષ ઉપસર્ગ સહન ન કરીને સ્ત્રીને વશીભૂત બને છે, તે અવશ્ય નરકમાં જાય છે.

૬ઠ્ઠા અધ્યયનમાં—શિષ્યોને ઉપદેશ આપતા કહ્યું છે કે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરવાથી તથા સ્ત્રી સંબંધી દોષો ટાળવાથી ભગવાન મહાવીર સ્વામીએ જીતવા યોગ્ય કર્મોનો તથા સંસારનો પરાભવ કરીને વિજય પ્રાપ્ત કર્યો તે બતાવીને તમે પણ તે પ્રમાણે કર્મોનો પરાભવ કરવા યત્ન કરો તે ઉપદેશ્યું છે.

૭મા અધ્યયનમાં—શીલવર્જિત ગૃહસ્થો તથા કુશીલ અન્યતીર્થિકો અથવા પાર્શ્વસ્થ (પાસત્થા) વગેરેનો સંગ જે સાધુએ છોડી દીધો છે, તે સાધુ "પરિત્યક્ત નિઃશીલ કુશીલ" કહેવાય છે તથા સુશીલ અર્થાત્ શાસ્ત્રાનુસાર સંયમનું પાલન કરનારા સંવેગમગ્ન પુરુષોની જે સેવા કરે છે તે જ શીલવાન હોય છે, એ દર્શાવ્યું છે

૮મા અધ્યયનમાં—બાલવીર્ય અને પંડિતવીર્ય એમ બંને પ્રકારના વીર્યને જાણીને પંડિતવીર્યમાં પ્રયત્ન કરવાનું [illegible] છે.

૯મા અધ્યયનમાં—[illegible]

૧૦મા અધ્યયનમાં—[illegible]

આ પ્રમાણે સોળ અધ્યયનોનો સમુદાય અર્થ સંક્ષેપમા કહેવામા આવ્યો. હવે અહીંથા એકેક અધ્યયનનુ વર્ણન કરીશ.

પ્રથમ અધ્યયન

પહેલા અધ્યયનનું નામ સમય-અધ્યયન છે. તેના ઉપક્રમ વગેરે ચાર અનુયોગ દ્વાર થાય છે.

ઉપક્રમ

જેના વડે શાસ્ત્ર નિક્ષેપના અવસરને પ્રાપ્ત થાય છે, તેને ઉપક્રમ કહે છે.

નિક્ષેપ

તે નિક્ષેપ લૌકિક અને શાસ્ત્રીય એ ભેદોથી બે પ્રકારે છે તેમા લૌકિક નિક્ષેપ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ૬ પ્રકારે છે. તેનું વિસ્તૃત વિવેચન આવશ્યક વગેરે સૂત્રોમા જ કરી દીધુ છે.

શાસ્ત્રીય નિક્ષેપ પણ આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા અર્થાધિકાર અને સમવતાર એ ૭ ભેદોથી ૭ પ્રકારનો છે આનુપૂર્વીથી માંડી સમવતાર સુધી નિક્ષેપા અનુયોગ દ્વાર સૂત્રને અનુસાર જાણવા

આ અધ્યયન આનુપૂર્વી વગેરે નિક્ષેપામા જ્યા જ્યા ઉતારી શકાય ત્યા ત્યા ઉતારવુ આનુપૂર્વી દશ પ્રકારની છે તેમા આ અધ્યયન ગણનાનુપૂર્વીમા ઉતરે છે ગણનાનુપૂર્વી ત્રણ પ્રકારની [illegible] છે તે.

એ પ્રમાણે પાચ અંકોની ભંગ સખ્યા ૧૨૦ આવી.

૧ ૨ ૩ ૪ ૫ એ અનુક્રમને **આનુપૂર્વી** કહે છે.

૫ ૪ ૩ ૨ ૧ એ ઊલટા ક્રમને **પશ્ચાનુપૂર્વી** કહે છે

એ બેની વચમાની ૧૦૮ સખ્યાને **અનાનુપૂર્વી** કહે છે. (આનુપૂર્વીના ૨૦ કોઠામા દરેકમા ૭ લીટીઓ મળીને એકદર ૧૨૦ લીટી–સખ્યા થાય તેમા પહેલી છેલ્લી બાદ જતા ૧૦૮ રહે)

ગણુની સખ્યાને છેલ્લા ગણુની સખ્યાથી ભાગતા જે સખ્યા આવે તેને **પરિવર્ત** કહે છે. જેમકે ૧૨૦ ને છેલ્લા ગણુ ૫ થી ભાગતા પરિવર્ત સખ્યા ૨૪ આવે.

આનુપૂર્વીના ૭ ૭ લીટીના વીશ કોઠાને એકની નીચે એક એમ મૂકતા જઈએ તો આડી ૧૨૦ લીટી થાય અને ઊભા પાચ કોલમ થાય તે પાચ કોલમના અંકો નીચે પ્રમાણેની રીતે લખવા

પરિવર્તની જે સખ્યા હોય તેટલી વાર પશ્ચાનુપૂર્વી વડે પ્રથમપંક્તિમા (છેલ્લેથી પહેલા કોલમમા) છેલ્લા અંકથી લઈને અંકોને નીચે નીચે મૂકવા. પણ તેમા એકસરખા બે અંકો પાસે પાસે ન મૂકવા બધા ભંગોના સંખ્યા પૂરી થઈ જાય ત્યા સુધી એ પ્રમાણે અંકોને નીચે નીચે મૂકતા જવા. તેમા વિશેષતા એટલી કે [illegible] બે કોલમમા બાકીના બે અંકોને ક્રમ અને ઉત્ક્રમથી મૂકવા

આંક સુધી લખવું એટલે આનુપૂર્વીના બધા કોઠાનો (૧૨૦ લીટીનો) પહેલો આંક લખાઈ ગયો (છેલ્લુ કોલમ લખાઈ ગયું).

ને પછી ૪ નો પરિવર્તાંક ૬ છે તેથી છેલ્લાના પહેલાનો એટલે ચોથા આંક પશ્ચાનુપૂર્વીથી છ-છ વાર લખવો. તેમાં એક બે આંક પાસે પાસે આવે ત્યારે તે આંક છોડી દેવો એટલે ચોથું કોલમ તૈયાર થયું

ને પછી ત્રણના પરિવર્તાંક ૨ છે માટે કોઠામાં બીજી આંકના (ત્રીજા કોલમના) સ્થાપના પશ્ચાનુપૂર્વી ક્રમથી બબ્બેવાર કરવા એટલે ૧૨૦ આંક નીચે નીચે એવા લખવો એ પ્રમાણે લખતાં એટલે ત્રીજું કોલમ તૈયાર થયું.

બાકીના બે કોલમમાં એટલે પહેલા અને બીજા કોલમમાં પશ્ચાનુપૂર્વીથી બે આંકોની સ્થાપના કરવી એટલે એક વાર ક્રમથી અને બીજીવાર ઉત્ક્રમથી (ઉલટા ક્રમથી) સ્થાપના કરવી

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, કુતીર્થ, સંગાર, કુળ, ગણુ, સંકર, ગંડી અને ભાવ એ બાર પ્રકારે સમય નિક્ષેપ છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યસમય એટલે દ્રવ્યનો સમ્યક્ ચયન અર્થાત્ પરિણામ-વિશેષ (પરિણતિ વિશેષ) એટલે કે સ્વભાવ જાણુવો. જેમકે જીવદ્રવ્યનો સ્વભાવ ઉપયોગ છે, પુદ્‌ગળ દ્રવ્યનો સ્વભાવ મૂર્તત્વ છે. ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણેનો અનુક્રમે સ્વભાવ ગતિ, સ્થિતિ અને અવગાહન દાન છે. અથવા જે દ્રવ્યનો જે કાળ ઉપયોગને યોગ્ય છે તે તેનો સમય છે. જેમકે વર્ષાઋતુમા મીઠું (લવણુ), શરદ્ ઋતુમાં પાણી, હેમંત ઋતુમાં ગાયનું દૂધ, શિશિર ઋતુમા આમળાનો રસ, વસંતઋતુમા ઘી અને ગ્રીષ્મઋતુમા ગોળ અમૃત સમાન છે.

હવે ક્ષેત્ર-સમય બતાવવામા આવે છે. ક્ષેત્ર આકાશનું નામ છે. આકાશના સ્વભાવને ક્ષેત્ર-સમય કહે છે. આકાશ એક પરમાણુથી પણ પૂરાઈ જાય, બેથી પણ પૂર્ણ થાય અને સો પરમાણુ પણ આકાશમા સમાઈ જાય આકાશ સો લાખથી પણ પૂરાઈ જાય તથા હજારો કોડી પણ તેમા સમાઈ જાય

અથવા દેવકુરુ વગેરે ક્ષેત્રોનો એવો અનુભાવ છે કે ત્યા નિવાસ કરનારા પ્રાણીઓ સુરૂપ, નિત્ય સુખી અને નિર્વૈર હોય છે. અથવા ધાન્ય વગેરે વાવવા માટે ખેતરને જે શુદ્ધિ કરવાનો અવસર હોય છે તેને ક્ષેત્રસમય કહે છે

પાખંડીઓના પોતપોતાના આગમ-વિશેષ તથા તેમાં બતાવેલા અનુષ્ઠાન એ તે કુતીર્થ-સમય (સિદ્ધાંત) જાણવા.

સંકેતને સંગાર કહે છે. સંકેતરૂપ જે સમય છે તેને સંગાર-સમય કહે છે. જેમકે સિદ્ધાર્થ સારથિ દેવે પૂર્વકૃત સંકેત પ્રમાણે હરિ (કૃષ્ણ વાસુદેવ)ના ભાઈને જેઓ શરણું કરી રહ્યા છે, એવા શ્રી બલદેવ (બલભદ્ર)ને પ્રતિબોધ આપ્યા હતા.

કુળના આચાર તે કુળાચાર કહે છે. જેમકે શાક જાતિનો કુળાચાર પિતૃશુદ્ધિ છે અને બીજી જાતિનો કુળાચાર [illegible] છે.

ગણ અર્થાત્ મોર્ય [illegible] ગણના આચારને ગણસમય કહે છે. જેમકે [illegible] [illegible] [illegible] [illegible] પતિત [illegible] [illegible] [illegible]

આ અધ્યયનના ચાર ઉદ્દેશા છે તેમા પહેલા ઉદ્દેશાના ૭ અર્થાધિકાર પહેલી ગાથા વડે બતાવેલ છે જેમકે પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ તે પાચ મહાભૂતો છે તેઓ સર્વ લોકમા વ્યાપેલા હોવાથી મહાન્ અને ભૂત છે, માટે તે મહાભૂતો કહેવાય છે. તેનું વર્ણન તે આ પહેલો અર્થાધિકાર થયો.

તથા ચેતન અને અચેતન જગતના સર્વે પદાર્થો આત્માના પરિણામો છે, તે પ્રમાણે આત્મદ્વૈતવાદ પ્રતિપાદન કરવામા આવેલો છે, માટે તે બીજો અર્થાધિકાર છે.

તે જ જીવ છે અને તે જ શરીર છે અર્થાત્ શરીરના આકારમા ભૂતોનુ પરિણામ જ જીવ છે અને તે જ શરીર છે. તાત્પર્ય એ છે કે જીવ અને શરીર એક છે, તે ત્રીજો અર્થાધિકાર છે

તથા પાપ અને પુણ્ય વગેરે બધી ક્રિયાઓનો જીવ અકારક છે અર્થાત્ એ બધી ક્રિયાઓ જીવ કરતો નથી એવુ કહેનાર પુરુષ, તે ચોથો અર્થાધિકાર છે

તથા પાચ મહાભૂતો છે અને તેમા છઠ્ઠો આત્મા છે તે પાચમો અર્થાધિકાર છે.

તથા અક્રિયાવાદી એટલે કે કોઈ પણ ક્રિયાનું ફળ નથી એવું જે સ્વીકારે છે તે તેનો મત પણ અહીં કહ્યો છે, તે છઠ્ઠો અર્થાધિકાર છે

બીજા ઉદ્દેશામાં ચાર અર્થાધિકાર છે—

ચોથા ઉદ્દેશાનો અર્થાધિકાર આ પ્રમાણે છે—અવિરત અર્થાત્ ગૃહસ્થીઓમા જે અસંયમ પ્રધાન અનુષ્ઠાન હોય છે, તે જ અનુષ્ઠાન પર પ્રવાદી પરતીર્થિકોને ગૃહસ્થની ઉપમા આપવામા આવી છે

અનુગમ

હવે અનુગમ કહે છે તે બે પ્રકારે છે-સૂત્રાનુગમ અને નિર્યુક્તિ-અનુગમ. નિર્યુક્તિ-અનુગમ ત્રણ પ્રકારે છે—નિક્ષેપ-નિર્યુક્તિ અનુગમ, ઉપોદ્ઘાત-નિર્યુક્તિ—અનુગમ અને સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ-અનુગમ. તેમાં નિક્ષેપ-નિર્યુક્તિ-અનુગમ અનુગત છે. કારણ કે તે ઓઘનિષ્પન્ન અને નામનિષ્પન્ન નિક્ષેપામા જ અતર્ભૂત છે તથા હવે કહેવાના સૂત્રનો નિક્ષેપ પણ કરવાનો હોવાથી તે આવશે

ઉપોદ્ઘાત-નિર્યુક્તિ અનુગમ છત્રીશ દ્વારા બતાવનારી બે ગાથાઓથી જાણવૂ, તે આ છે—ઉદ્દેશે-નિદ્દેશેય ઇત્યાદિ

उद्देसे निद्देसे य, निग्गमे, खित्तकालपुरिसे य

मेघच्छन्नो यथा चंद्रो न राजति नभस्तले ।
उपोद्घातं विना शास्त्रं तथा न भ्राजते विधौ ॥

અર્થાત્—મેઘથી ઢકાયલો ચદ્ર આકાશમા શોભતો નથી તેમ ઉપોદ્ઘાત વિના શાસ્ત્ર વિધિમા શોભતુ નથી.

સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ તો સૂત્ર હોય ત્યારે સંભવે છે અને સૂત્ર સૂત્રાનુગમ હોય ત્યારે હોય છે, તે સૂત્રાનુગમનો અવસર [illegible] છે, જે અસ્ખલિત વગેરે ગુણો સહિત સૂત્રનુ [illegible] કરવુ તે [illegible] —(અહીં બુદ્ધિમાન નિ [illegible])

[illegible]

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

ભાગ પહેલો

પ્રથમ શ્રુતસ્કંધ

અધ્યયન પહેલું—સમય સિદ્ધાંત

ઉદ્દેશક પહેલો

સ્વ—સમય

ટીકાર્થ—આ ગાથાનો આચારાંગ સૂત્ર સાથે સબંધ છે. આચારાગ સૂત્રમા કહ્યું છે કે—"જીવ છ કાય વાળા હોય છે. તે જીવોની ઘાત કરવાથી કર્મનો બધ પડે છે" આ બધુ જાણવુ જોઈએ, તે આ ગાથામા બતાવ્યું છે.

અથવા કોઈ વાદી જ્ઞાન માત્રથી મુક્તિ બતાવે છે, તો વળી બીજો કોઈ વાદી માત્ર ક્રિયાથી મુક્તિ બતાવે છે, પરંતુ જૈન દર્શન જ્ઞાન અને ક્રિયા એ બને દ્વારા મુક્તિ માને છે, કોઈ એકથી નહિ. તે વાત આ શ્લોક દ્વારા બતાવી છે.

તે ઉપરાત, જ્ઞાન સહિતની કરેલી ક્રિયા જ મોક્ષફળ આપે છે, તેથી 'बुज्झिज्ज' પદ દ્વારા જ્ઞાન પહેલુ બતાવ્યુ છે અને तिउट्टिज्जा દ્વારા ક્રિયા બતાવી છે એમ પ્રાપ્ત કરવો જોઈએ એ ઉપદેશ આ बुज्झिज्ज નો અર્થ છે.

હવે એનો બોધ પ્રાપ્ત કરવો જોઈએ ? તેનો ઉત્તર એ છે કે बधणं અર્થાત્ જીવ-પ્રદેશ પરસ્પર અનુવેધરૂપે જેને સ્થાપિત કરે છે તેને બધન કહે છે. અર્થાત્ જીવપ્રદેશ જેમા સ્વય મળી જાય છે અને તેને પણ પોતામા મેળવી લે છે તે જ 'બધન' છે

આ બંને પ્રકારની વસ્તુ મમત્વબુદ્ધિથી ગ્રહણ કરવી તથા તુચ્છ વસ્તુ—તૃણ તુષ વગેરે પણ પરિગ્રહરૂપે ગ્રહણ કરવી અથવા કોઈ વસ્તુને પરિગ્રહબુદ્ધિથી ગ્રહણ કરવા માટે તે વસ્તુ પાસે જવાનો જીવનો સ્વભાવ હોવો—આ બધું પરિગ્રહ રાખવામા સમાવિષ્ટ છે. આ પ્રમાણે જે પુરુષ સ્વયં પરિગ્રહને ગ્રહણ કરે છે અથવા બીજાને પરિગ્રહ કરાવે છે અથવા પરિગ્રહ ગ્રહણ કરનાર પુરુષને અનુજ્ઞા આપે તે પુરુષ દુઃખ આપનારા અષ્ટવિધ કર્મો અથવા તે કર્મોના ફળસ્વરૂપ અસાતાવેદનીયના ઉદય વગેરેથી મુક્ત થતો નથી. વસ્તુતઃ પરિગ્રહમા આગ્રહ રાખવો તે જ અનર્થનું મૂળ છે "હું છુ અને આ મારું છે"—આ અભિમાનરૂપી દાહ-જ્વર જ્યાં સુધી જીવાત્મામા અસ્તિત્વ ધરાવશે ત્યા સુધી તે કાળનો જ કોળિયો છે અને તેને માટે પ્રશાંતિની આશા આકાશકુસુમવત્ જાણવી.

વળી જેમા છેવટે અનર્થ જ રહેલું છે એવા યશ અને સુખના અભિલાષી મૂઢ જીવો આ દુઃખદ પરિગ્રહને અત્યંત કષ્ટ વેઠીને ઉપાર્જન કરે છે આ પરિગ્રહ કપટનું ઘર છે, ધીરતાનો હ્રાસ કરે છે, શમનો શત્રુ છે, ચિત્તવિક્ષેપનો મિત્ર છે, મદનું ઘર છે, ધ્યાનનો કષ્ટદાયી અરિ છે, દુઃખનો જન્મદાતા છે, સુખનો વિનાશક છે અને [illegible] નિવાસસ્થાન છે આ પરિગ્રહ દુષ્ટ ગ્રહની [illegible] પુરુષને પણ [illegible] આપે છે અને તેનો નાશ કરી [illegible]

[illegible] કરવાની ઇચ્છા થાય છે, પરિગ્રહ [illegible] પરિગ્રહની [illegible]

મુક્તિ મળી શકતી નથી. (૨)

सयं तिवायए पाणे, अदुवाऽन्नेहिं घायए ।
हणंतं वाऽणुजाणाइ, वेरं वड्ढइ अप्पणो ॥३॥

જે પોતે પ્રાણીઓનો ઘાત કરે છે અથવા બીજા પાસે ઘાત કરાવે છે અથવા પ્રાણીઓનો ઘાત કરનાર પુરુષને અનુમોદન આપે છે તે પોતાનું વેર વધારે છે. (૩)

ટીકાર્થ—[illegible]
[illegible]

ચાર્વાક અનુમાનને આ પ્રમાણે અપ્રમાણ કહી શકે—"અનુમાન પ્રમાણ નથી કારણ કે—

પરંતુ આ પણ અનુમાન જ છે. જો ચાર્વાક એમ કહે કે બીજા માણસો અનુમાનને પ્રમાણ માને છે તેથી તેમની આ જાતની પ્રસિદ્ધિથી અમે પણ અનુમાનનો આશ્રય લઈને જ અનુમાનનું ખંડન કરીએ છીએ, તો આ કહેવું પણ અયુક્ત છે, કારણ કે પર-મત-પ્રસિદ્ધ અનુમાન તમારા મતમાં પ્રમાણ માનવામાં આવતું હોય તો પછી તમે તેને અપ્રમાણ કેવી રીતે કહો છો? અને જો તમે એ કહેતા હો કે અનુમાન તમારા મતમાં પ્રમાણ નથી તો તે અનુમાન દ્વારા જ તમે બીજાને કેમ સમજાવો છો? જો કોઈ મૂર્ખ મનુષ્ય ગોળને ઝેર માની લે તો શું બુદ્ધિમાન પુરુષ પણ તેને મારવા માટે ગોળ જ આપે? માટે પ્રત્યક્ષની પ્રમાણતા અને અનુમાનની અપ્રમાણતા સિદ્ધ કરવા જતાં, તમારી ઇચ્છા ન હોવા છતાં પણ તમારી નજદીક અનુમાનની પ્રમાણતા બળપૂર્વક આવી જાય છે.

જો એમ કહો કે આલય વિજ્ઞાન પણ છે, જેથી સમેલનાત્મક જ્ઞાન પણ થાય છે, તો તમે આત્માનુ જ એક બીજુ નામ "આલય વિજ્ઞાન" રાખી લીધું. જ્ઞાન ગુણ છે, તે ગુણી વિના હોઈ જ ન શકે, માટે જ્ઞાન–ગુણનો ગુણી "આત્મા" અવશ્ય હોવો જોઈએ.

આ આત્મા સર્વવ્યાપી નથી, કારણ કે તેનો ગુણ "જ્ઞાન" તે સર્વે જગ્યાએ વ્યાપ્ત નથી. જેવી રીતે ઘટનો ગુણ સર્વ વ્યાપ્ત નથી.

વળી તે આત્મા શ્યામાક (તંદુલ)ના દાણા જેવડો કે અંગૂઠાના પર્વ જેવડો પણ નથી, કારણ એવડો નાનો આત્મા તેણે ગ્રહણ કરેલા શરીરને વ્યાપ્ત કરી શકે નહિ તે આત્મા ચામડી પર્યંત સમસ્ત શરીરમાં વ્યાપેલો જણાય છે તેથી એ સિદ્ધ થાય છે કે આત્મા ચામડી પર્યંત સમસ્ત શરીર વ્યાપી હોય છે

સંસારી આત્મા અનાદિકાળથી કર્મોથી બદ્ધ છે. તે કદી પોતાના સ્વરૂપમાં સ્થિર નથી, તથા અમૂર્ત હોવા છતાં પણ આત્માનો મૂર્તકર્મ સાથે સંગમ હોવામાં કંઈ વિરોધ આ[illegible] નથી કર્મ સાથે સંબંધ હોવાને કારણે તે આત્માના મુક્ત, બદ્ધ, એકેન્દ્રિય, [illegible] ચતુરિન્દ્રિય પંચેન્દ્રિય, [illegible] અસંખ્ય [illegible] છે

[illegible]

આત્મવાદ

जहा य पुढवीथूभे, एगे नाणा हि दीसइ ।
एवं भो ! कसिणे लोए, विन्नू नाणाहि दीसइ ॥८॥

જેમ [illegible] પૃથ્વી-[illegible] ([illegible]) [illegible] [illegible] દેખાય છે. તે પ્રમાણે [illegible] [illegible] દેખાય છે. (૮)

[illegible]

પ્રતિબિંબિત ચન્દ્રની પેઠે નાના રૂપે દેખાય છે. તથા (પુરુષ૦) આ વિશ્વમાં જે બની ચૂક્યુ છે અને જે ભવિષ્યમા બનવાનુ છે બધું પુરુષ (આત્મા) જ છે તે જ આત્મા દેવત્વનો અધિષ્ઠા છે અને તે જ આત્મા પ્રાણીઓના ભોગ માટે કારણાવસ્થા છોડીને જગત્ રૂપને ધારણ કરે છે

તે આત્મા ગતિશીલ પણ છે અને ગતિરહિત પણ છે. તે દૂર પણ છે અને નજદિક પણ છે. તે બધાની અંદર પણ છે અને બહાર પણ છે.'—આ આત્માદ્વૈતવાદ સમાપ્ત થયો (૯)

एगमेगेति जप्पंत्ति, मंदा आरंभणिस्सिआ ।
एगे किच्चा सयं पावं, तिव्वं दुक्खं नियच्छइ ॥१०॥

કોઈ અજ્ઞાની પુરુષ એક જ આત્મા છે એમ કહે છે કિન્તુ આરંભમાં આસક્ત રહેનારા જીવો પાપકર્મ કરીને પોતે જ દુઃખ ભોગવે છે, બીજો કોઈ ભોગવતો નથી.(૧૦)

ટીકાર્થ—આ આત્માદ્વૈતવાદનો ઉત્તર આપતા નિર્યુક્તિકાર કહે છે કે—

આ ગાથામા એગં શબ્દ પ્રયોજી આત્માદ્વૈતવાદને પ્રદર્શિત કરવા માટે અથવા તે પુરુષ (સર્વ તે જગતનું કારણ બનાવનાર [illegible] આ પ્રમાણે કહે છે [illegible] હેરા છે તે સૂત્રકાર બતાવે છે— [illegible]

[illegible]

અસતનો વિવેક નષ્ટ થઈ જાય છે. તે નરકસ્થાનથી નીકળી તેઓ બીજી મોટી નરકમા જાય છે તેઓ સાતમી નરક ભૂમિમા રૌરવ, મહારૌરવ, કાળ મહાકાળ, અને અપ્રતિષ્ઠાન નામના નરક વાસમા જાય છે, એ અર્થ છે.

તેઓ આ નરકોમા શા માટે જાય છે? કહે છે કે તેઓ મૂર્ખ છે, માટે મુક્તિસિદ્ધ આત્માને પોતાના મિથ્યા આગ્રહવશ ન માનીને તેઓ વિચારશીલ પુરુષોએ જેની નિંદા કરી છે, તેવા પ્રાણી હિંસારૂપ વ્યાપારમા આસક્ત રહે છે તથા તેઓ પાપપુણ્યનો અભાવ માની, પરલોકની પરવા ન કરીને આરંભમા પ્રવૃત્ત રહે છે. આ 'તે જ જીવ તે જ શરીર' વાદીના મતનુ ખડન કરવા માટે નિર્યુક્તિકાર 'पञ्चण्हं' ઇત્યાદિ ગાથા બતાવે છે. આ ગાથા પૂર્વની પેઠે અહી પણ જાણવી

અકારકવાદીના મતનું ખંડન

હવે અકારકવાદીના મતનુ ખડન કરવા આ શ્લોકની વ્યાખ્યા કરે છે

[illegible] આત્માનુ અમૂર્તપણું, નિત્યત્વ અને [illegible] આત્માને નિષ્ક્રિય માને છે, તેમના મતમા [illegible] તથા નરક, તિર્યંચ, મનુષ્ય [illegible] શકે? અર્થાત્ [illegible] આત્માનો [illegible] ન શકે. [illegible] અને [illegible] છે તો [illegible] નિર્[illegible]

[illegible]

ગતિઓમા જઈ કે આવી શકતો નથી. વળી નિત્ય હોવાને લઈને વિસ્મૃતિ ન થવાથી તે આત્મામા જાતિસ્મરણ વગેરેની ક્રિયા પણ થઈ ન શકે.

તથા આદિ ગ્રહણથી "પ્રકૃતિ કર્મ કરે છે અને પુરુષ તેનું ફળ ભોગવે છે"—એ પ્રમાણે તેઓ આત્મામા ભોગ ક્રિયા માને છે તે પણ બની શકે તેમ નથી, કારણ કે ભોગક્રિયા પણ ક્રિયા જ છે અને સાખ્યવાદી આત્માને નિષ્ક્રિય માને છે, માટે આત્મામા ભોગ હોવો સંભવિત બનતો નથી.

જો એમ કહે કે દર્પણમા પ્રતિબિંબિત મૂર્તિ બહાર રહેતા છતાં પણ દર્પણમા દેખાય છે, તે પ્રમાણે ભોગ પણ આત્મામા ન હોવા છતા પણ આત્મામા દેખાય છે, તો તમારી આ વાત તો તમારા મૂર્ખ મિત્રો જ માનશે, કારણ કે આ કથન યુક્તિ રહિત છે તથા પ્રતિબિંબનો ઉદય પણ એક પ્રકારની ક્રિયા જ છે, તે વિકાર રહિત નિત્ય આત્મામા કેવી રીતે થઈ શકે ? માટે આ યુક્તિ પણ બાધિત છે

જો તેઓ એમ કહે કે આત્મામા ભોગક્રિયા અને પ્રતિબિંબની ઉદય ક્રિયા થાય છે એટલી ક્રિયાઓની અપેક્ષા આત્મા જો કે સક્રિય છે તો પણ માત્ર એટલી ક્રિયાથી અમે સક્રિયત્વ માનતા નથી, પરંતુ સમસ્ત ક્રિયા કરે તો જ તેને સક્રિય માનીએ છીએ, તો આ શંકાનો નિર્યુક્તિકાર ઉત્તર આપે છે કે—

તે પ્રમાણે જે વૃક્ષ નિશ્ચિત રૂપે ફળ આપતા નથી તેમ જ સમય ઉપર ફળ આપતા નથી તે વૃક્ષ બીજા વૃક્ષથી પૃથક્ થઈ જતું નથી, પરંતુ તે પણ વૃક્ષ જ ગણાશે, વગેરે દષ્ટાંતો અહીં સમજી લેવા. તથા જે ગાય દૂધ આપતી નથી અથવા થોડું આપે છે તે ગાય પણ ગાય જ કહેવાશે, ઇત્યાદિ દષ્ટાંતો આપીને પણ પૂર્વોક્ત રીતિથી દષ્ટાંતની યોજના કરી લેવી. (૧૪)

નિત્યવાદ

संति पंच महब्भूया, इहमेगेसिमाहिया ।
आय छट्ठो पुणो आहू, आया लोगे य सासए ॥१५॥

કેટલાક લોકો કહે છે કે આ લોકમાં પાંચમહાભૂત અને પાંચમહાભૂતોથી ભિન્ન છઠ્ઠો ચૈતન્યસ્વરૂપ આત્મા પણ છે. અને આત્મા અને લોક શાશ્વત છે, નિત્ય છે. (૧૫)

ટીકાર્થ—વેદવાદી સાંખ્ય અને વૈશેષિક કહે છે કે આ જગતમાં પૃથ્વી વગેરે પાંચ મહાભૂતો અને તેથી પૃથક્ છઠ્ઠો આત્મા છે. બીજા વાદીઓના મતથી વિરુદ્ધ, આ લોકો કહે છે કે પૃથ્વી આદિ લોક અને આત્મા શાશ્વત× અર્થાત્ અવિનાશી છે. તેમના મતમાં આત્મા આકાશની પેઠે સર્વવ્યાપક અને અમૂર્ત હોવાથી નિત્ય છે અને પોતાના સ્વરૂપથી નષ્ટ ન થવાને કારણે પૃથિવી વગેરે અવિનાશી છે (૧૫)

दुहओ ण विणस्संति, नो य उप्पज्जए असं ।
सव्वेऽवि सव्वहा भावा, नियत्तीभावमागया ॥१६॥

× [illegible] પાંચ મહાભૂત અને આત્માને [illegible] અને [illegible]

अच्छेद्योऽयमभेद्योऽयमविकार्योऽयमुच्यते ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

અર્થાત્ આ આત્માને શસ્ત્ર કાપી ન શકે, આગ બાળી ન શકે, પાણી ભીંજવી ન શકે અને વાયુ શોષી ન શકે. આત્મા છેદી શકાય નહિ, ભેદાય નહિ, તે અવિકારી, નિત્ય, સર્વગત, સ્થિર, અચળ અને સનાતન છે.

પૃથિવી વગેરે પાંચમહાભૂત તથા છઠ્ઠો આત્મા નિત્ય છે, એટલે અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી, કારણ કે બધા પદાર્થ સર્વદા વિદ્યમાન રહે છે. જે પદાર્થ અસત્ છે તેમાં કર્તા કરણ વગેરે કારકોનો વ્યાપાર થઈ શકતો નથી, માટે સત્ પદાર્થની જ ઉત્પત્તિ થાય છે, એ સિદ્ધાંત માનવો જોઈએ.

જો અસત્ પદાર્થની ઉત્પત્તિ થતી હોય તો ગધેડા શીંગડા વગેરેની પણ ઉત્પત્તિ થાય. માટે કહ્યું છે કે असदकरणात ' " અર્થાત્ જે વસ્તુ હોતી જ નથી તે બનાવી શકાતી નથી, જેમકે ગધેડાના શીંગડા બનાવી શકાતા નથી તેથી એ સિદ્ધ છે કે જે વસ્તુનો સદ્‌ભાવ છે તે જ બનાવી શકાય છે, અસત્ વસ્તુ બનાવી શકાતી નથી.

કર્તા કોઈ પણ વસ્તુને બનાવવા માટે તેના ઉપાદાનને ગ્રહણ કરે છે જો અસત્‌ની પણ ઉત્પત્તિ હોય તો ઉપાદાનના ગ્રહણની આવશ્યકતા જ કેમ રહી? કોઈ પણ વસ્તુથી કોઈ પણ વસ્તુ [illegible]. તે [illegible] કરવા માટે [illegible] શું જરૂર? [illegible] લેવું. માટે સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઉપાદાનમાં વિદ્યમાન વસ્તુની જ ઉત્પત્તિ થાય છે, અસત્ (અવિદ્યમાન) વસ્તુની નહિ.

શબ્દ દ્વારા ક્રિયાનો જ પ્રતિષેધ કરવામાં આવે છે, પરન્તુ મુદ્ગર વગેરે પદાર્થ ઘટાદિ પદાર્થને ઉત્પન્ન કરતા નથી, કારણ કે ઘટ વગેરે પદાર્થ પોતાના કારણોથી જ ઉત્પન્ન થાય છે

જો એમ કહો કે ભાવ (પદાર્થ)ના અભાવને 'અભાવ' કહે છે, તે અભાવ મુગ્દર દ્વારા થયો છે, તો આ પણ ઠીક નથી. કારણ કે અભાવ, અવસ્તુ તથા નીરૂપ છે, તેમા કારકોનો વ્યાપાર કેવી રીતે હોઈ શકે ? જો અભાવમા પણ કારકોનો વ્યાપાર થાય તે ગધેડાના સીગડામા પણ કારકોનો વ્યાપાર થવો જોઈએ માટે વિનાશનું કારણ મુગ્દર વગેરે કાંઈ કરતુ નથી, પરન્તુ પદાર્થ પોતાના સ્વભાવથી જ અનિત્ય ઉત્પન્ન થાય છે અને તેના ક્ષણિક હોવામા કાંઈ બાધક નથી તેથી તે ક્ષણિક છે

આ ગાથામા "તુ" શબ્દ પૂર્વોક્ત મતવાદીઓથી આ મતનો ભેદ બતાવે છે તે જ ભેદ શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા બતાવે છે "अण्णो अणण्णो" જેમ પાચ મહાભૂત અને છટ્ઠો આત્મા માનનાર સાખ્યવાદી ભૂતોથી ભિન્ન આત્માને માને છે તથા જેમ ચાર્વાક પાંચ ભૂતોથી અભિન્ન આત્માનો સ્વીકાર કરે છે તે પ્રમાણે બૌદ્ધો માનતા નથી આ વાદીઓ શરીર રૂપે પરિણત થયેલ પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલ અથવા આદિ-અંત રહિત નિત્ય આત્માને સ્વીકારતા નથી. આ બૌદ્ધોની માન્યતાનું વર્ણન થયું (૧૭)

ધાતુવાદ

पुढवी आउ तेऊ य, तथा वाऊ य एगओ ।
चत्तारि धाउणो रूवं, एवमाहंसु आवरे ॥१८॥

પૃથ્વી. જળ. તેજ. અને વાયુ એ ચાર ધાતુઓ



અને જો આત્મા જેવો કોઈ પદાર્થ છે જ નહિ તો સ્વ અનુભવસિદ્ધ સુખદુઃખનો અનુભવ કોને થશે તે વિચારો. જો બૌદ્ધો કહે કે આ સુખદુઃખનો અનુભવ વિજ્ઞાન સ્કંધને થશે તો તે કહેવું અયોગ્ય છે. કારણ કે વિજ્ઞાન સ્કંધ પણ ક્ષણિક છે અને જ્ઞાનક્ષણ અતિ સૂક્ષ્મ હોવાથી સુખદુઃખનો અનુભવ થઈ શકે નહિ

તથા ક્રિયા અને ક્રિયાના ફળનું ક્ષણાન્તર હોવાથી પારસ્પરિક અત્યન્ત અસંગતિ છે, અર્થાત્ જે ક્રિયા કરે છે અને જે તેનું ફળ ભોગવે છે તે બન્નેનો પરસ્પર અત્યંત ભેદ છે. તેથી ×કૃતનાશ અને +અકૃતની ઉત્પત્તિ રૂપ દોષ બૌદ્ધોના મતમાં આવે છે.

જો બૌદ્ધો એમ કહે કે જ્ઞાનસંતતિ (જ્ઞાનપરંપરા) એક જ છે તેથી જે જ્ઞાનસંતતિ ક્રિયા કરે છે તે જ તેનું ફળ ભોગવે છે, માટે અમારા મતમાં કૃતનાશ અને અકૃતાગમ દોષ નથી તો આ વાત પણ સંગત નથી કારણ તે જ્ઞાન સંતતિ પણ પ્રત્યેક જ્ઞાનોથી ભિન્ન નથી, માટે એ જ્ઞાનસંતતિથી પણ કોઈ ફળ નથી.

જો બૌદ્ધો એમ કહે કે પૂર્વપદાર્થ ઉત્તરપદાર્થમાં પોતાની વાસના મૂકી જઈને પછી નષ્ટ થાય છે, જેમકે તેઓ કહે છે કે જે જ્ઞાનસંતતિમાં કર્મવાસના સ્થિત રહે છે, તેમાં જ ફળ ઉત્પન્ન થાય છે, જેમ કે કપાસમાં લાલાશ હોય છે તેમાં જ ફળ ઉત્પન્ન થાય છે, તો અહીં પણ એ વિકલ્પ કરી શકાય કે શું તે વાસના તે ક્ષણિક પદાર્થથી ભિન્ન છે કે અભિન્ન છે? જો વાસના ભિન્ન

× પોતાની કરેલી ક્રિયાનું ફળ જ ભોગવવું તે કૃતનાશ દોષ છે.

+ જે ક્રિયા કરતો નથી. તે તે ક્રિયાનું ફળ ભોગવે છે, અર્થાત્ [illegible] અકૃતની ઉત્પત્તિ રૂપ અ[illegible]

જાણીને તેને તોડવું જોઈએ" પરંતુ નિયતિવાદી વગેરે પરતીર્થિકોના સિદ્ધાંતાનુસાર બંધનનું જ અસ્તિત્વ નથી, તે આ ઉદ્દેશકમાં બતાવવામાં આવશે. આ પ્રમાણે અનેક સંબંધ વડે આવેલા આ ઉદ્દેશકના ચાર અનુયોગદ્વારોનું વર્ણન કરીને સૂત્રાનુગમમાં અસ્ખલિત વગેરે ગુણયુક્ત સૂત્ર ઉચ્ચારવું તે આ સૂત્ર છે(—)

આ સૂત્રનો ÷અનંતર સૂત્ર અને ×પરંપર સૂત્ર સાથે સંબંધ બતાવવો જોઈએ. અનંતર સૂત્ર સાથે આનો સંબંધ આ પ્રમાણે છે—અનંતર સૂત્રમાં કહ્યું છે કે પંચભૂતવાદી તથા પંચસ્કંધવાદી વગેરેની બુદ્ધિ મિથ્યાત્વને લઈને નષ્ટ થઈ ગઈ છે, માટે તેઓ મિથ્યા પદાર્થમાં આગ્રહ રાખે છે તેથી વસ્તુતત્ત્વના જ્ઞાનથી રહિત તે લોકો વ્યાધિ, મૃત્યુ અને જરાથી વ્યાપ્ત એવા સંસારરૂપી ચક્રમાં ઊંચી નીચી યોનિઓમાં ભ્રમણ કરતા કરતા અનંતકાળ સુધી એક ગર્ભમાંથી નીકળી બીજા ગર્ભમાં વાસ કરતા રહેશે. તેજ પ્રમાણે અહીં પણ નિયતિવાદી, અજ્ઞાનવાદી અને ચતુર્વિધ કર્મને બંધનકર્તા નહિ માનનારા અન્ય દર્શનીઓને પણ સંસાર ચક્રવાસનું ભ્રમણ અને એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં જવાનું બતાવે છે પરંપર સૂત્રમાં 'બુજ્ઝેજ્જ' વગેરે છે તેથી તેની સાથે આનો સંબંધ એ છે કે "बुज्झिज्जा" ઇત્યાદિ ગાથામાં કહ્યું છે કે "જીવને બોધ પ્રાપ્ત કરવો જોઈએ" અહીં પણ એમ સમજવું કે નિયતિ-

÷ જે સૂત્ર કોઈ સૂત્રની અત્યંત નિકટ હોય છે અર્થાત્ વચ્ચે બીજા સૂત્રનું વ્યવધાન હોતું નથી તે સૂત્ર અનંતર સૂત્ર કહેવાય છે.

× જે સૂત્રોની મધ્યમાં બીજા સૂત્રો પણ હોય છે તેમને પરંપર સૂત્ર કહે છે.

જો ભિન્ન હોય તો તે પુરુષના સુખદુઃખને ઉત્પન્ન કરી ન શ
કારણ તે પુરુષથી ભિન્ન છે. જો સ્વભાવ પુરુષથી ભિન્ન ન હે
તો અભેદને લીધે સ્વભાવ તે જ પુરુષ થયો અને પુરુષ સુખદુઃખ
કર્તા નથી તે અમે પહેલા કહી ચૂકયા જ છીએ.

વળી કર્મ પણ સુખ દુઃખનુ કર્તા હોઈ ન શકે કારણ તે કર્મ
પુરુષથી ભિન્ન છે કે અભિન્ન ? જો અભિન્ન માનીએ તો કર્મ
તે જ પુરુષ થઈ જશે અને તો પછી પહેલા કહ્યુ તેમ પુરુ
સુખ-દુઃખનો કર્તા નથી જો તે કર્મ પુરુષથી ભિન્ન હોય તો ત
સચેતન છે કે અચેતન ? જો સચેતન હોય તો એક શરીરમા બે
ચેતન માનવા પડશે જો કર્મ અચેતન માનો તો પત્થરની ખડકની
પેઠે સ્વય પરતંત્ર હોવાથી સુખદુઃખનું કર્તા કેમ બની શકે ? ત
આગળ ઉપર વિસ્તારથી કહેવાશે માટે અહી આટલુ બસ છે.

તે પ્રમાણે મોક્ષને સિદ્ધિ કહે છે તે મોક્ષમા જે સુખ ઉત્પન્ન
થાય છે તેને "સૈદ્ધિક" કહે છે. અસિદ્ધિ એ સંસારનું નામ છે
તે સસારમા જે અસાતાના ઉદય સ્વરૂપ દુઃખ ઉત્પન્ન થાય
તેને "અસૈદ્ધિક" કહે છે અર્થાત્ સાંસારિક દુઃખને અસૈદ્ધિક કહે
છે અથવા સુખ અને દુઃખ એ બને સૈદ્ધિક અને અસૈદ્ધિક એ
બને પ્રકારના હોય છે ફૂલમાળા, ચદન, સુંદર સ્ત્રીના ઉપભો
રૂપ સિદ્ધિથી ઉત્પન્ન થયેલુ સુખ સૈદ્ધિક છે, અને ચાબૂકનો માર,
ગરમ લોઢાનો ડામ વગેરે સિદ્ધિથી ઉત્પન્ન થયેલુ દુઃખ "સૈદ્ધિક"
છે વળી તેનુ બાહ્ય કારણ દેખાતું નથી એવુ જે આનંદ રૂપ
સુખ મનુષ્યના હૃદયમા ઓચિંતુ ઉત્પન્ન થઈ જાય છે તે અસૈદ્ધિક
સુખ છે. તથા તાવ, માથાનો દુખાવો અને શૂળ વગેરે જે દુઃખ
શરીરના અંગોથી ઉત્પન્ન થાય છે તે અસૈદ્ધિક દુઃખ છે એ બને
સુખ અને દુઃખ પુરુષના પોતાના ઉદ્યમથી ઉત્પન્ન થતુ નથી તથ



કહ્યુ છે તે મ્લેચ્છ જાણતો નથી. તેથી આર્ય પુરુષના ભાષણનું કારણ નિશ્ચય રૂપે નહિ જાણતા ફકત અર્થજ્ઞાનશૂન્ય તેના ભાષણનો અનુવાદ માત્ર કરે છે—

एवमन्नाणिया नाणं, वयंताऽवि सयं सयं ।
निच्छयत्थं न याणंति, मिलक्खुव्व अबोहिया ॥१६॥

તે પ્રમાણે જ્ઞાનહીન બ્રાહ્મણ અને શ્રમણ પોતાનું જ્ઞાન કહેતા હોવા છતાં પણ નિશ્ચિત અર્થને જાણતા નથી. તેઓ પૂર્વોક્ત મ્લેચ્છોની પેઠે અજ્ઞાની છે. (૧૬)

ટીકાર્થ—આ પ્રમાણે અજ્ઞાનવાદીઓના પક્ષનુ દૃષ્ટાંત બતાવી હવે તેની દાર્ષ્ટાંતમા યોજના કરવા માટે શાસ્ત્રકાર કહે છે-

જેવી રીતે મ્લેચ્છ પુરુષ આર્ય પુરુષના ભાષણનો સાચો અર્થ ન જાણતો હોવા છતા પણ ફકત તેના ભાષણનો અનુવાદ માત્ર કરે છે, તે પ્રમાણે સમ્યગ્જ્ઞાન રહિત કોઈ શ્રમણ અને બ્રાહ્મણ પોતપોતાના જ્ઞાનને પ્રમાણરૂપ કહેવા છતા પણ પરસ્પર વિરુદ્ધ અર્થ કહેતા હોવાથી, નિશ્ચિત અર્થને જાણતા નથી આશય એ છે કે તેઓ પોતાના તીર્થંકરને સર્વજ્ઞ સમજીને તેમના ઉપદેશથી ક્રિયામાં પ્રવૃત્ત થાય છે, પરંતુ સર્વજ્ઞની વિવક્ષા (અભિપ્રાય) અર્વાગ્દર્શી (સામેની વસ્તુને જોનાર) પુરુષ જાણી શકતો નથી, કારણ કે જે સર્વજ્ઞ નથી તે સર્વજ્ઞને જાણી શકે નહિ. કહ્યુ છે કે જેમને સર્વજ્ઞનું જ્ઞાન અને જ્ઞેયનુ જ્ઞાન નથી તેમની પાસે જો સર્વજ્ઞ આવે તો પણ તેઓ કયા અંગે જાણી શકે કે "આ સર્વજ્ઞ છે"?

એ પ્રમાણે પારકાના ચિત્તની વૃત્તિ દુર્જ્ઞાન હોય છે તથા ઉપ-દેશ [illegible] પુરુષના યથાર્થ [illegible] પણ [illegible] સમજી [illegible]

સંભાવના ન હોવાથી, નિશ્ચય અર્થને ન જાણનાર માણસ મ્લેચ્છ પુરૂષની પેઠે ફક્ત બીજાની ઉકિતનો અનુવાદ માત્ર કરે છે, પરંતુ વાસ્તવમાં તે બોધરહિત છે, તેનાથી તો અજ્ઞાન પણ શ્રેષ્ઠ છે આ પ્રમાણે જેમ જેમ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ ગુરુતર દોષ પણ વધતો જાય છે જે જાણી જોઈને બીજાના માથા સાથે પોતાના પગને અડાડે છે તે મહા અપરાધી છે, અને જે ભૂલથી અડાડે છે તેનો કોઈ દોષ મનાતો નથી, માટે અજ્ઞાન જ પ્રધાન છે, જ્ઞાન નહિ. ઉપર પ્રમાણે અજ્ઞાનવાદીના મતને બતાવી હવે તેના દૂષણ બતાવે છે. (૧૬)

अन्नाणियाणं वीमंसा, अण्णाणे ण विनियच्छइ ।
अप्पणो य परं नालं, कुतो अन्नाणुसासिउं ॥१७॥

"અજ્ઞાન જ શ્રેષ્ઠ છે" તે પર્યાલોચનાત્મક વિચાર અજ્ઞાનપક્ષમાં સંગત થઈ શકતો નથી. અજ્ઞાનવાદી પોતાને પણ શિક્ષા દેવામાં સમર્થ નથી, તો પછી બીજાને શિક્ષા કેવી રીતે આપી શકે ? (૧૭)

ટીકાર્થ—જે જ્ઞાન નથી તેને 'અજ્ઞાન' કહે છે તે અજ્ઞાન જેને છે તેને 'અજ્ઞાની' કહે છે. અથવા અજ્ઞાન શબ્દ સંજ્ઞા શબ્દ છે, માટે મત્વર્થીય પ્રત્યય લાગતા તે શબ્દ બન્યો. 'અજ્ઞાન જ શ્રેષ્ઠ છે એવું કહેનારા તે અજ્ઞાનવાદીઓ આ પર્યાલોચનાત્મક વિચાર કરે છે અથવા તેઓ જે પદાર્થને નિશ્ચય કરવાની ઇચ્છા રાખે છે. તે નિશ્ચય રૂપે અજ્ઞાન વિષયમાં સંગત થઈ શકતો નથી, કારણ કે આ જે વિચાર કે મિમાંસા છે કે (—) "આ જ્ઞાન [illegible] છે [illegible]
[illegible] છે, [illegible] અજ્ઞાન જ શ્રેષ્ઠ છે [illegible] જેમ જેમ [illegible]

છે તેમ તેમ દોષ વધે છે”—આ વિચાર પણ અજ્ઞાનીઓએ કરવો ન જોઇએ કારણ કે એવો પર્યાલોચનાત્મક વિચાર પણ “જ્ઞાન” રૂપ છે.

વળી તે અજ્ઞાનવાદીઓ તેમના મતમા જે અજ્ઞાનવાદ મુખ્ય છે તે અજ્ઞાનવાદની શિક્ષા આપવા પણ સમર્થ નથી. કારણ કે અજ્ઞાન પક્ષનો આશ્રય લઇને તેઓ સ્વયં અજ્ઞાની બની જાય છે,તો પછી તેમના શિષ્યને શિક્ષા કેવી રીતે આપી શકે ? કારણ પોતે અજ્ઞાની હોય તો શિષ્યને જ્ઞાનમાર્ગ બતાવવાની શિક્ષા કેવી રીતે આપે ?

વળી અજ્ઞાનવાદીઓ કહે છે કે “બધો ઉપદેશ વગેરે મ્લેચ્છના અનુવાદની પેઠે નિરાધાર છે”—આ પણ તેમનું કહેવુ અયુક્ત છે. કારણ, જ્ઞાન વિના બીજાની ભાષાનો અનુવાદ પણ કરી ન શકાય

વળી તે અજ્ઞાનવાદીઓ એમ કહે છે કે “બીજાની ચિત્તવૃત્તિ જાણી શકાતી નથી, માટે અજ્ઞાન જ શ્રેષ્ઠ છે.”—આ તેમની વાત પણ અયુક્ત છે. કારણ કે “અજ્ઞાન જ શ્રેષ્ઠ છે”—આવો બીજાને ઉપદેશ આપવા પ્રવૃત્ત થઇને તેઓએ પોતે બીજાની ચિત્તવૃત્તિનુ જ્ઞાન હોવાનુ સ્વીકારી લીધું (જો બીજાની ચિત્તવૃત્તિ જાણી ન શકાય તો અજ્ઞાનવાદીની ચિત્તવૃત્તિ તેમના શિષ્યો જાણી ન શકે, છતા તેઓ તેમને અજ્ઞાનવાદની શિક્ષા કેમ આપે છે ?) બીજાની ચિત્તવૃત્તિ જાણી શકાય છે આ વાતને બીજા મતવાદીઓએ પણ સ્વીકારી છે. જેમ કે—आकारैः અર્થાત્ મનુષ્યના આકારથી, ઇંગિતથી, ગતિથી, ચેષ્ટાથી, ભાષણથી નેત્ર અને મુખના વિકારથી મનુષ્યનું આન્તરિક મન જાણી શકાય છે (૧૭)

वणे मूढे जहा जंतू, मूढे नेयाणुगामिए ।
दोऽवि एए अकोवीया, तिव्वं सोयं नियच्छइ ॥१८॥

જેવી રીતે વગડામાં દિશામૂઢ (રસ્તો ભૂલેલું) પ્રાણી રસ્તો નહિ જાણવાથી તીવ્ર દુઃખ પામે છે—(૧૮)

ટીકાર્થ—એ પ્રમાણે તે બિચારા અજ્ઞાનવાદીઓ પોતાને અને બીજાને શિક્ષા આપવામાં સમર્થ નથી, તે સૂત્રકાર હવે દૃષ્ટાંત દ્વારા બતાવે છે કે—

જેવી રીતે જંગલમાં દિશાનો નિશ્ચય કરવામાં અસમર્થ કોઈ મૂઢ પ્રાણી બીજા મૂઢ પ્રાણીની પાછળ ચાલે છે, ત્યારે તે બંન્ને માર્ગ જાણવામાં નિપુણ ન હોવાથી અસહ્ય દુઃખ કે ઘોર જંગલ-ને પ્રાપ્ત કરે છે, કારણ કે તે અજ્ઞાનથી વેષ્ટિત છે, તે પ્રમાણે પોતાના માર્ગને શોભન અને બીજાના માર્ગને અશોભન માનીને તે અજ્ઞાનવાદીઓ પોતે મૂઢ હોઈ બીજાને પણ મોહિત કરે છે. (૧૮)

अंधो अंधं पहं णेंतो, दुरमद्धाणुगच्छइ ।
आवज्जे उप्पहं जंतू, अदुवा पंथाणुगामिए ॥१९॥

જે પોતે આંધળો છે તે બીજા આંધળાને રસ્તામાં લઈ જતાં જયાં જવાનું છે ત્યાંથી દૂર દૂર ચાલ્યો જાય છે અથવા ઉલટે માર્ગે ચાલ્યો જાય છે અથવા બીજો જ રસ્તો પકડી લે છે—(૧૯)

ટીકાર્થ—એ પ્રમાણે શાસ્ત્રકાર બીજું દૃષ્ટાંત આપે છે કે-જેવી રીતે સ્વયં અંધ મનુષ્ય બીજા અંધને માર્ગમાં લઈ જતાં જે રસ્તે જવાનું છે તેથી જુદા જ માર્ગને દૂર ચાલ્યો જાય છે અથવા

ઉત્પથે વળી જાય છે અથવા બીજો જ રસ્તો પકડી લે છે, પરંતુ જે માર્ગે જવાનું છે તે માર્ગ પકડતો જ નથી-(૧૯)

एवमेगे णियायट्ठी, धम्ममाराहगा वयं ।
अदुवा अहम्ममावज्जे, ण ते सव्वज्जुयं वए ॥२०॥

તે પ્રમાણે કોઇ મોક્ષાર્થીઓ કહેવા માત્રના ધર્મારાધક બની રહે છે, પરંતુ તેઓ અધર્મનું જ આચરણ કરે છે. તેઓ સરળ સંયમ માર્ગને અંગીકાર કરતા નથી. (૨૦)

ટીકાર્થ—આ પ્રમાણે દષ્ટાંત બતાવી શાસ્ત્રકાર હવે દાર્ષ્ટાંત બતાવવા કહે છે—

આ ગાથામા एवं શબ્દ પૂર્વના અર્થને બતાવવા માટે છે. પૂર્વોક્ત રીતે જે ભાવમૂઢ અને ભાવાન્ધ આજીવિક વગેરે છે તે નિયાગ અર્થાત્ મોક્ષ કે સદ્ધર્મને મેળવવા ઇચ્છા રાખે છે અને તેઓ "અમે ઉત્તમ ધર્મના આરાધક છીએ" એવું માની પ્રવ્રજ્યા ધારણ કરે છે તેઓ પ્રવ્રજિત થઈને પણ પૃથિવી, પાણી અને વનસ્પતિઓની પચન પાચન (રાંધવું, રંધાવવું વગેરે) ક્રિયામા પ્રવૃત્ત બની પોતે એવા કાર્યનું અનુષ્ઠાન કરે છે અને બીજાને પણ ઉપદેશ કરે છે, તેથી તેઓ ઇષ્ટ મોક્ષ પ્રાપ્તિથી ભ્રષ્ટ થઈ જાય છે અથવા મોક્ષની પ્રાપ્તિ તો દૂર રહી, તેઓ આ પ્રમાણે પ્રવૃત્તિ કરીને અધર્મ-પાપ જ મેળવે છે

આ ગાથામા आवज्जे એ પદમાં [illegible] ના અર્થમાં લિંડ લકાર [illegible] છે, [illegible] એ બતાવે છે કે એ આજીવિક મત [illegible] અનર્થ [illegible] સંભવિત છે કે તેઓ ઇષ્ટ [illegible] વિપરીત પાપ રૂપ અનર્થને મેળવે છે.

આ પ્રમાણે અસત્ કર્મનુ અનુષ્ઠાન કરનાર, અજ્ઞાનને કલ્યાણનું કારણ બતાવનાર ગોશાલક મતાનુયાયી આજીવિક વગેરે, જે સયમ માર્ગ અથવા સદ્ધર્મ મોક્ષ પ્રાપ્તિ માટે સર્વ રીતે સરળ છે તે પ્રાપ્ત કરી શકતા નથી

અથવા અન્ન નાથ તથા જ્ઞાનને મિથ્યા બતાવનાર તે અન્યદર્શનીઓ, મોક્ષપ્રાપ્તિ માટે સૌથી સરળ માર્ગ જે સત્ય છે તે સત્ય તેઓ બોલતા નથી

પૂર્વોક્ત અજ્ઞાનવાદી જે અજ્ઞાનને કલ્યાણનુ કારણ બતાવે છે તેના ૬૭ ભેદ થાય છે તે ભેદોને નીચે પ્રમાણે જાણવા જેમ કે સત્, અસત્, સદસત્ અવકતવ્ય, સદવકતવ્ય, અસદવકતવ્ય, સદસદવકતવ્ય આ સાત રીતે જીવ અજીવ વગેરે નવ પદાર્થો જાણી શકાતા નથી અને તે જાણવાનુ પણ કાઈ પ્રયોજન નથી, તે આ પ્રમાણે ભાવવા-જીવ સત્ છે તે કોણ જાણે છે? અથવા તે જાણવાથી પણ શુ! તથા જીવ અસત્ છે તે કોણ જાણે છે? અને તે જાણવાથી પણ શું? આ પ્રમાણે સદસત્ ભેદો પણ જીવ ઉપર ઉતારવા. તે પ્રમાણે અજીવાદિ પદાર્થોમા પણ દરેકમા સાત ભાગા લેવા તેથી નવ પદાર્થના દરેકના સાત ભાગા એ પ્રમાણે નવ સપ્તક (૯×૭) મળીને અજ્ઞાનના ૬૩ ભાગા થાય છે

ઉપરોક્ત ૬૩ ભગામા નીચેના ચાર ભાગા ઉમેરવા (૧) ભાવની ઉત્પત્તિ સત્ હોય છે તે કોણ જાણે છે? અથવા તે જાણવાથી પણ શું લાભ? (૨) તથા ભાવની ઉત્પત્તિ અસત્ હોય છે તે કોણ જાણે છે? અથવા તે જાણવાથી પણ શું? (૩) તથા ભાવની ઉત્પત્તિ સદસત્ હોય છે તે કોણ જાણે છે? અથવા તે જાણવાથી પણ શું? (૪) તથા ભાવની ઉત્પત્તિ અવક્તવ્ય હોય છે તે કોણ

જાણે છે ? અને તે જાણવાથી પણ શુ ?

પૂર્વોકત સાત વિકલ્પોમાથી ભાવોત્પત્તિના વિષયમા ચાર વિકલ્પો કહ્યા, પરંતુ બાકીના ત્રણ વિકલ્પો પદાર્થની ઉત્પત્તિ થયા પછી તે પદાર્થના અવયવની અપેક્ષાથી છે, માટે ભાવોત્પત્તિના વિષયમા તે સંભવે નહિ, તેથી કહ્યા નથી.

ઉકત સાત વિકલ્પોમા જે પહેલો વિકલ્પ છે કે "જીવ સત્ છે તે કોણ જાણે છે" તેનો અર્થ એ છે કે કોઈ પણ જીવને એવું વિશિષ્ટ જ્ઞાન નથી કે જે અતીન્દ્રિય જીવ વગેરે પદાર્થોને જાણી શકે તથા જે જાણીને પણ કાંઈ લાભ નથી, કારણ કે જીવ ભલે નિત્ય, સર્વગત, અમૂર્ત અને જ્ઞાનાદિગુણ યુકત હોય અથવા ભલે તેથી વિપરીત હોય, તો પણ તેથી કયા પુરુષાર્થની સિદ્ધિ થાય ? (અર્થાત્ કાંઈ પણ નહિ) માટે અજ્ઞાન જ શ્રેય છે. આ પ્રમાણે તેઓ અજ્ઞાનને જ કલ્યાણનું કારણ બનાવે છે (૨૦)

एवमेगे वियक्काहिं, नो अन्नं पज्जुवासिया ।
अप्पणो य वियक्काहिं, अयमंजूहिं दुम्मई ॥२१॥

કોઈ દુર્બુદ્ધિ જીવો પૂર્વોકત વિકલ્પોને લઈને જ્ઞાનવાળાની સેવા કરતા નથી, તેઓ પોતાના વિકલ્પોને લઈને "આ અજ્ઞાનવાદ જ સરળ માર્ગ છે" એમ માને છે. (૨૧)

ટીકાર્થ— ઉકત રીતિથી કોઈ અજ્ઞાનીઓ પોતે કરેલી [illegible] ને લઈને બીજા કોઈ જ્ઞાનવાદી આર્હત વગેરેની [illegible] તથા પોતાના અભિમાન રૂપ મહગ્રહ [illegible] જ [illegible] અમે. બીજા કોઈ નહિ" એવું મમ

પ્રાણુવિયોગ આ પાચ વાતો પૂરી હોય, તો હિંસા ઉત્પન્ન થાય છે

હવે કોઈ એ વાદીને પૂછે કે "શું પરિજ્ઞા-ઉપચિત વગેરે વા! એકાંત રૂપથી કર્મનો ઉપચય ન થાય ?"

તો જવાબ આપે છે કે તેનાથી કાંઈક અવ્યકત માત્રામા કર્મ બંધ થાય છે.–આ બતાવવા માટે સૂત્રકાર શ્લોકનો ઉત્તરાર્ધ બતાવે છે કે ફકત મનોવ્યાપાર રુપ પરિજ્ઞોપચિત કર્મ તથા કેવળ શરીરની ક્રિયાથી ઉત્પન્ન થતું અવિજ્ઞોપચિત કર્મ તથા ઈર્યાપથ અને સ્વપ્નાતિક કર્મ– આ ચાર પ્રકારે કર્મોનો થોડો સ્પર્શ થાય અને તે કર્મોનો વિપાક પણ સ્પર્શ માત્ર અનુભવે, કારણ તેનો વિપાક વધુ હોતો નથી જેમ દીવાલ પર નાખેલી રેતીની મૂઠી દીવાલને સ્પર્શ કરીને જ વીખરાઈ જાય, તે પ્રમાણે આ ચતુર્વિધ કર્મ સ્પર્શ પછી નષ્ટ જ થઈ જાય છે. માટે તે કર્મોના ઉપચયનો અભાવ કહ્યો, પરન્તુ અત્યંત અભાવ કહ્યો નથી. આ પ્રમાણે તે ચતુર્વિધ કર્મ અવ્યકત છે અર્થાત્ પરિસ્ફુટ નથી. અહીં ખુ શબ્દ અવધારણાર્થક છે માટે તે ચતુર્વિધ કર્મ અવ્યકત જ છે, કારણ કે તેનો વિપાક સ્પષ્ટ અનુભવી શકાતો નથી માટે પરિજ્ઞોપચિત વગેરે કર્મ અવ્યકત રૂપથી પાપ સહિત છે (૨૫)

मंतिमे तउ आयाणा, जेहिं कीरइ पावगं ।
अभिकम्माय पेसाय, मणसा अणुजाणिया ॥२६॥

આ ત્રણ "આદાન" છે, જેના વડે પાપ કરવામાં આવે છે.— (૧) કોઈ પ્રાણીને મારવા માટે આક્રમણ કરવાથી (૨)નેને મારે કોઈને મોકલવાથી અર્થાત કરાવવાથી અને (૩) મનથી અનુમોદન કરવાથી. (૨૬)

ટીકાર્થ—જો પૂર્વોક્ત ચતુર્વિધ કર્મનો ઉપચય ન થાય તો કર્મનો ઉપચય કઈ રીતે થાય ? ત્યારે તે વાદી તરફથી સૂત્રકાર કહે છે કે—

આ ત્રણ આદાન છે. જેના વડે કર્મબંધ થાય છે, તે (૧) વધ્ય પ્રાણીને મારવાની ઇચ્છાથી પોતે જ તે પ્રાણીને મારવું તે એક કર્માદાન છે. (૨) પ્રાણીને મારવા માટે કોઈને નોકર ચાકર મોકલી તે પ્રાણીની ઘાત કરાવવી એ બીજું કર્માદાન છે (૩) તથા પ્રાણીની ઘાત કરતા પુરુષને મનથી અનુજ્ઞા દેવી તે ત્રીજું કર્માદાન છે. પરિજ્ઞા-ઉપચિત કર્મથી તેનો એ ભેદ છે કે પરિજ્ઞા-ઉપચિત કર્મમાં તો કેવલ મારવાનું ઘાત મનથી ચિંતવવાનું જ હોય છે, પરંતુ આમાં તો બીજો કોઈ પ્રાણીને મારતો હોય તે સમય તે મારનારને અનુમોદન આપે (૨૬)

एते उ तउ आयाणा, जेहिं कीरइ पावगं ।
एवं भावविसोहीए, निव्वाणमभिगच्छइ ॥२७॥

એ ત્રણ આદાન છે. જેની દ્વારા પાપ કર્મ કરવામાં આવે છે. પરંતુ જ્યાં ભાવની વિશુદ્ધિ છે. (અર્થાત્ એ રાગ નથી) ત્યાં કર્મબંધ થતો નથી. અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૨૭)

અહી વાદી શંકા કરે કે અમે કાયચેષ્ટા રહિત એકલા મનો વ્યાપારને પણ કર્મોપચયને અકારણ કહ્યું છે. તો જૈનાચાર્ય ઉત્તર આપે છે કે—

સમાધાન—એ વાદીએ આ જરુર કહ્યુ છે, પરંતુ અયુક્ત કહ્યું છે. કારણ કે તે વાદી જ કહે છે કે "ચિત્તની વિશુદ્ધિથી નિર્વાણ પમાય છે". આવું તેઓ બોલે છે, તેથી મોક્ષનું પ્રધાન કારણ એક મન જ સિદ્ધ થયું. વળી તેમણે એમ પણ કહ્યુ છે કે—

રાગ વગેરે કલેશોથી વાસિત મન જ સસાર છે અને તે જ મન રાગાદિ રહિત હોય તો સંસારનો અંત કહેવાય છે. તેવુ જ બીજા દાર્શનિકો પણ કહે છે કે—

હે બુદ્ધિ વૈભવવાળા હે મન ! હું તને નમસ્કાર કરૂ છું. કારણ કે બધા પુરુષો સમાન હોવા છતા પણ તું કોઈમા શુભ અંગે અને કોઈમા અશુભ અંશે પરિણમે છે. તે જ કારણ છે કે કોઈ નરક—નગરમા કષ્ટ ભોગવવા ચાલ્યા ગયા તો કોઈ વધી ગયેલી શુભાશની શક્તિ વડે સૂર્ય ભેદનારા અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે.

તેથી જૈનાચાર્ય ઉક્ત વાદીને કહે છે કે તમારા કહેવા પ્રમાણે જ ક્લિષ્ટ મનોવ્યાપાર કર્મબંધનું કારણ છે એ સિદ્ધ થાય છે તથા ઈર્યાપથમા પણ અનુપયોગ રહે તો તે વ્યગ્રચિત્તપણું છે, તેથી તેનાથી પણ કર્મબંધ થાય છે અને તે ઉપયોગ રાખી ચાલે તો અપ્રમાદને કારણે કર્મબંધ થતો નથી. કહ્યું છે કે ઈર્યા સમિતિથી યુક્ત પુરુષ પૃથ્વી ઉપર મૂકવા પોતાનો પગ ઊંચો કરે ત્યાર પછી તેના પગ નીચે આવીને કોઈ સૂક્ષ્મ જીવ મરી જાય તો

તેને જરા પણ કર્મબંધ શાસ્ત્રમાં કહ્યો નથી, કારણ તે પુરુષ સર્વ રીતે જીવ રક્ષામાં શુદ્ધ ઉપયોગ રાખવાના કારણે નિષ્પાપ છે તથા ચિત્તની અશુદ્ધિથી સ્વપ્નાતિકમાં પણ કાંઈક કર્મબંધ થાય છે. તથા તમે (તે વાદીઓએ) પણ સ્વપ્નાન્તિકમાં અવ્યક્ત પાપ થાય છે વગેરે બધો ભાગ સ્વીકાર્યું છે.

આ પ્રમાણે જ્યારે એટલા ક્લિષ્ટ મનના વ્યાપારથી કર્મબંધનો સદ્ભાવ છે ત્યારે તમે જે એ કહ્યું છે કે "प्राणी प्राणिज्ञानम्" વગેરે બધુ જ અસંગત છે વળી તમે જે એ કહ્યું છે કે "पुत्रं पिता समारभ्य" વગેરે (અર્થાત્ રાગદ્વેષ રહિત પિતા વિપત્તિના સમયે પુત્રનું માંસ ખાઈને પણ કર્મબંધન કરતા નથી) એ કથન પણ વિચારશૂન્ય છે, કારણ કે જ્યાં સુધી "હું મારું છું" એવું ચિત્તનું પરિણામ હોતુ નથી ત્યાં સુધી કોઈ મારતુ નથી, અને "હું મારું છું" એ ચિત્તનું પરિણામ કેવી રીતે અસંક્લિષ્ટ હોઈ શકે ?

ચિત્તની ક્લિષ્ટતાથી અવશ્ય કર્મબંધન થાય છે, તે સંબંધમાં તમે (વાદીઓ) અને અમે (જૈનાચાર્ય કહે છે કે અમારું દર્શન પણ) એને સંગત માનીએ. (માટે પુત્રઘાતી પિતાને પાપ રહિત બતાવવા અસંગત છે.)

હોય છે અને અનુમોદન હોય ત્યા કર્મબંધ પણ અવશ્ય થાય છે.

તથા બીજા દર્શનીઓએ પણ કહ્યું છે કે—અનુમોદન કરનાર, પશુના અંગોને કાપીને જૂદા જૂદા કરનાર, પશુને મારવા માટે તેને વધ્યસ્થાન પર લઈ જનાર તથા પશુને મારવા માટે તેને ખરીદનાર અથવા વેચનાર, તથા પશુનું માસ રાધનાર તથા ખાનાર અને મારવાવાળો એ આઠેય પશુની ઘાતનું પાપ કરે છે વળી કૃત,કારિત અને અનુમોદિત રુપ ત્રણ પ્રકારનું આદાન છે, તે તેમનું કહેલું જૈનેન્દ્ર મતના લવ (અંશ) નો આસ્વાદન કર્યો છે, તથા કહેલું છે. માટે ચતુર્વિધ કર્મનો ઉપચય ન થાય એવું કહેનાર વાદીઓ કર્મની ચિંતાથી રહિત છે, એ સિદ્ધ થયુ. (૨૯)

इच्चेयाहि य दिट्ठीहिं, सायागारवणिस्सिया ।
सरणंति मन्नमाणा, सेवंती पावगं जणा ॥३०॥

પૂર્વોક્ત અન્યદર્શની પોતાના દર્શનને સુખભોગ અને માન-મોટાઈનું કારણ માને છે, તથા પોતાના દર્શનને રક્ષણકર્તા માની પાપકર્મનું સેવન કરે છે.

ટીકાર્થ—હવે શાસ્ત્રકાર આ ક્રિયાવાદીઓની અનર્થ પરંપરા બતાવવા કરે છે કે—

ચતુર્વિધ કર્મથી ઉપચય થતો નથી, આવા પહેલા કહેવાઈ ગયેલા મતને લઈને સુખભોગ તથા માન મોટાઈમા આસક્ત થઈને તે અન્યદર્શનીઓ બધુ ય કરે છે અને જેવુ ભોજન મળે તેવું જ ખાઈ જાય છે તેઓ પોતાના દર્શનને સંસારનો ઉદ્ધાર કરનાર માને છે અને આવુ માનીને વિપરીત અનુષ્ઠાન વડે પાપકર્મનુ સેવન કરે છે આ પ્રમાણે વર્તનારી હોવા છતાં પણ તેઓ

પ્રાકૃત (સાધારણ) પુરુષ જેવા છે (૩૦)

जहा अस्साविणिं णावं, जाइअंधो दुरूहिया ।
इच्छई पारमागंतुं, अंतरा य विसीयई ॥३१॥

જેમ કોઈ જન્માંધ પુરુષ ફૂટેલી નાવ પર ચઢીને પાર જવા ઈચ્છે છે, પરંતુ તે વચ્ચમાં જ ડૂબી જાય છે.(૩૧)

ટીકાર્થ—આ અર્થને સ્પષ્ટ કરવા માટે સારગર્ભિત દષ્ટાન્ત આપે છે કે—

જેમાં ચારે બાજુથી પાણી આવવા માટે છે તેને આસ્રાવિણી કહે છે, અર્થાત્ જેમાં છિદ્ર છે તે નાવ આસ્રાવિણી છે એવી નાવ ઉપર ચઢીને જેમ કોઈ જન્માંધ પુરુષ નદીને પાર જવા ઈચ્છા કરે છે, પરંતુ આસ્રાવિણી હોવાથી તે નાવ પાણીથી ભરાઈ જાય છે અને તે જન્માંધ પુરુષ નદી વચ્ચે જ ડૂબી જાય છે અને મરી જાય છે.-(૩૧)

एवं तु समणा एगे, मिच्छदिट्ठी अणारिया ।
संसार-पारकंखी ते, संसारं अणुपरियट्टंति ॥३२॥

તે જ પ્રમાણે કોઈ મિથ્યાદ્રષ્ટિ અનાર્ય શ્રમણ સંસારને પાર કરવાની ઈચ્છા કરે છે, પરંતુ તે સંસારમાં જ પરિભ્રમણ કરે છે. એમ હું કહું છું. (૩૨)

ટીકાર્થ—[illegible]
કહે છે કે—

અનુરાગથી સંસાર પાર કરવાની તથા મોક્ષ-સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે, પરંતુ તેમનું શાસ્ત્ર "ચતુર્વિધ કર્મથી ઉપચય થતો નથી" એવી શિક્ષા આપતું હોવાથી, તેઓ સંસાર પાર કરવા સમર્થ નથી, માટે તેઓ ચતુર્ગતિ રુપ સંસારમાં જ ભ્રમણ કરે છે.

તેઓ વારંવાર સંસારમાં જ જન્મ, જરા, મરણ અને દુર્ગતિ વગેરે ક્લેશો ભોગવીને અનંતકાળ સુધી નિવાસ કરે છે, પરન્તુ તેઓ મોક્ષ મેળવી શકતા નથી, એમ હું કહું છું, આ પૂર્વવત જાણવું. (૩૨)

ઉદ્દેશક ત્રીજો

આધાકર્મોપભોગ ફળ

जं किंचि उ पूइकडं, सड्ढी मागंतु मीहियं ।
सहस्संतरियं भुंजे, दुपक्खं चेव सेवइ ॥१॥

આધાકર્મી આહારના એક કણથી પણ યુક્ત અને અપવિત્ર તથા શ્રદ્ધાળુ ગૃહસ્થે આગંતુક મુનિઓ માટે બનાવેલો હોય એવો આહાર જે સાધુ હજાર ઘરના અંતરેથી પણ લાવીને ખાય છે તે સાધુ ગૃહસ્થ અને સાધુ એમ બન્ને પક્ષનું સેવન કરે છે. (૧)

ટીકાર્થ— [illegible]

આ સૂત્રનો અનંતર સૂત્ર સાથે સંબંધ આ પ્રમાણે છે--અનંતર ઉદ્દેશાના છેલ્લા સૂત્રમાં કહ્યું છે કે—"एवं तु श्रमणा एके" વગેરે. તેનો સંબંધ અહીં પણ છે, માટે તેનો અર્થ એ થયો કે—કોઈ પણ શ્રમણ જે થોડો પણ અપવિત્ર પૂતિકૃત આહાર ખાય છે તે સંસાર ભ્રમણ કરે છે. તથા પરંપર સૂત્રમાં કહ્યું છે કે "મનુષ્યને બોધ પ્રાપ્ત કરવો જોઈએ" વગેરે તેથી જે આહાર થોડો પણ આધાકર્મી વગેરે દોષયુક્ત હોય તેનો બોધ પ્રાપ્ત કરવો જોઈએ, તે સંબંધ અહીં જોડવો. આ રીતે બીજા સૂત્રોની સાથે પણ આ સૂત્રનો સંબંધ સ્વયં જાણી લેવો. હવે આ સૂત્રનો અર્થ બતાવવામાં આવે છે—

જે આધાકર્મી વગેરે ઘણો આહાર છે તેનું તો કહેવું જ શું, પરંતુ જે આહાર આધાકર્મ આહારના એક કણથી પણ યુક્ત છે તથા શ્રદ્ધાળુ ગૃહસ્થે આગંતુક મુનિઓના નિમિત્તે બનાવ્યો છે, પોતે તે આહાર બનાવ્યો પણ નથી, એવા આહારને પણ હજાર ઘરના આંતરેથી લાવીને ખાય, તે પુરુષ ગૃહસ્થ અને સાધુ બંને પક્ષનું સેવન કરે છે. કહેવાનું એ છે કે શ્રદ્ધાળુ ગૃહસ્થે જે આહાર આગંતુક યતિઓ માટે બનાવ્યો હોય અને હજાર ઘરનું અંતર દઈને પણ તે આહારના એક કણથી યુક્ત આહાર જે ખાય છે તે સાધુ અને ગૃહસ્થ બંને પક્ષોનું સેવન કરે છે. તો પછી સ્વયં સંપૂર્ણ આહાર તૈયાર કરીને જે ખાય છે એવા શાક્ય ભિક્ષુ વગેરેની તો વાત જ શું કરવી? તેઓ તો સુતરાં સાધુ અને ગૃહસ્થ એ બંને પક્ષોનું સેવન કરે છે.

અથવા ઈર્યાપથ અને સાંપરાયિક એ દ્વિપક્ષ છે અથવા પૂર્વબદ્ધ કર્મપ્રકૃતિને નિકાચિત વગેરે અવસ્થાઓમાં લાવી મૂકે છે અને વળી નવી કર્મપ્રકૃતિ બાંધે છે આગમમાં લખ્યું છે કે—

"આહાકમ્મ" ઇત્યાદિ અર્થાત્ હે ભગવન્ ! જે શ્રમણ આધાકર્મ આહાર નું સેવન કરે છે તે કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે છે ? હે ગૌતમ ! તે શ્રમણ આઠ કર્મ પ્રકૃતિઓ બાંધે છે તે ઢીલા બંધનથી બંધાયેલા કર્મોને દૃઢ બનાવે છે તથા કર્મોનો ચય અને ઉપચય કરે છે, તથા હ્રસ્વ સ્થિતિવાળી કર્મપ્રકૃતિને દીર્ઘ સ્થિતિવાળી બનાવે છે તથી આધાકર્મી આહાર નું સેવન કરનારા શાક્ય ભિક્ષુ વગેરે પરતીર્થી તથા સ્વયૂથિક, સાધુ અને ગૃહસ્થ એ બન્ને પક્ષોનું સેવન કરે છે તે આ ગાથાનો અર્થ છે (૧)

तमेव अवियाणंता, विसमंसि अकोविया ।
मच्छा वेसालिया चेव, उदगस्सऽभियागमे ॥२॥

उदगस्स पभावेण, सुक्कं सिग्घं तिमंति उ ।
ढंकेहि य कंकेहि य, आमिसत्थेहि ते दुही ॥३॥

જે પ્રમાણે પાણીનું પૂર ઓસરતા પાણીના અભાવથી સુકા અને ભીના સ્થાને ગયેલા [illegible] જાતની માછલી ઢંક અને કંક પક્ષીઓથી દુઃખી થાય છે. તે પ્રમાણે આધાકર્મ આહારના સેવનને ન જાણનારા અને [illegible] [illegible]
[illegible]

એ વાસલા વગેરેની પેઠે સ્થિત રહીને કાર્યમા પ્રવૃત્ત થાય છે. * તથા બીજા વાદી અર્થાત્ સાખ્યમતવાળા કહે છે કે આ લોક પ્રધાન (પ્રકૃતિ) વગેરે દ્વારા બનાવવામા આવ્યો છે સત્ત્વ, રજ અને તમની સામ્ય અવસ્થાને પ્રકૃતિ કહે છે. તે પ્રકૃતિ પુરુષ અર્થાત્ આત્માના ભોગ અને મોક્ષ માટે ક્રિયામા પ્રવૃત્ત થાય છે.

અહીં આદિ શબ્દથી એ જાણવુ કે—તે પ્રકૃતિથી મહાન્ અર્થાત્ બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિતત્ત્વથી અહંકાર અને અહંકારથી સોળ પદાર્થોના ગણ ઉત્પન્ન થાય છે. તે ગણોમાથી પાચ તનમાત્રાઓથી પાચ મહાભૂત ઉત્પન્ન થાય છે. એ ક્રમથી આ સંપૂર્ણ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે × અથવા અહીં આદિ શબ્દથી સ્વભાવ વગેરે લેવાના છે. તેથી તેનો એ અર્થ છે કે—કાટાની તીક્ષ્ણતા સ્વભાવકૃત છે, તે પ્રમાણે આ સમસ્ત જગત્ સ્વભાવકૃત છે, કોઈ કર્તા દ્વારા બનાવેલું નથી

---

* ત્રીજો હેતુ એ છે કે જેમ વાસલો પોતાની મેળે કોઈ કાર્ય કરતો નથી, પરંતુ જ્યારે કારીગર ઇચ્છા કરે ત્યારે તેના વડે કામ કરે છે, તે પ્રમાણે પૃથિવી, સમુદ્ર અને પર્વત વગેરે પોતાની મેળે કોઈ કાર્ય કરતા નથી, પરંતુ મનુષ્ય વગેરે પ્રાણી જ્યારે ઇચ્છે છે ત્યારે તેમના વડે કામ લે છે, માટે વાસડો પરાધીન પ્રકૃતિનો હોવાથી કોઈ કર્તાએ તેને બનાવ્યો છે. તે પ્રમાણે પૃથિવી વગેરે પણ પરાધીન પ્રકૃતિવાળા હોવાથી કોઈના બનાવેલા છે જેણે તેમને બનાવેલ છે તે ઈશ્વર છે

× સાંખ્યવાદીઓ—કહે છે કે આ જગતનુ મૂળ કારણ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ છે આ ગુણોથી આ સમસ્ત વિશ્વ ઉત્પન્ન થયું છે તેથી આ સૃષ્ટિ ત્રિગુણાત્મક કહેવાય છે આ જગતમા જેટલા પદાર્થો છે તે બધામાં આ ત્રણ ગુણોની સત્તા રહે છે.

તથા બીજા માણસો કહે છે કે—જેમ મોરના અંગના પીંછાં નિયતિવશ ચિત્રાયેલા હોય છે, તે પ્રમાણે આ સમસ્ત વિશ્વ

દૃષ્ટાન્ત રૂપે—એક સુન્દર સ્ત્રી છે તે એમાં સત્વ, રજ અને તમ એ ત્રણેય ગુણ મળે છે કારણ કે તે સ્ત્રી પોતાના પતિનું સુખ ઉત્પન્ન કરે છે સુખ ઉત્પન્ન કરવું તે સત્વ ગુણનું કાર્ય છે માટે તે સ્ત્રીમાં સત્વગુણનું અસ્તિત્વ મળે છે તથા તે સ્ત્રી પોતાની શોકને દુઃખ ઉત્પન્ન કરે છે તેથી તેમાં રજો ગુણનો પણ સદ્‌ભાવ છે, તથા તે સ્ત્રી કામી પુરુષોને મોહ ઉત્પન્ન કરે છે, તેથી તેમાં તમોગુણ પણ વિદ્યમાન છે, કારણ કે મોહ ઉત્પન્ન કરવો તે તમોગુણનું કાર્ય છે

આ પ્રમાણે સાંખ્યવાદીઓ કહે છે કે સંસારમાં [illegible] સુખ દુઃખ અને મોહ ઉત્પન્ન કરે છે માટે [illegible] તમ એ ત્રિગુણાત્મક પ્રકૃતિમાં [illegible] ત્રિગુણાત્મક પ્રકૃતિ [illegible] તે પ્રકૃતિમાંથી [illegible] ઉત્પન્ન [illegible] ઉત્પન્ન થાય છે અને [illegible] થાય છે અને [illegible] ઉત્પન્ન [illegible]

બે વિભાગોમાં સર્વ પ્રકૃતિ થઈ. તે પ્રમાણે પૃથિવી, પાણી, તેજ, વાયુ, આકાશ, સમુદ્ર, નદી અને પર્વત વગેરે ઉત્પન્ન થયા તથા તેમણે કહ્યું છે કે સૃષ્ટિની પહેલા આ જગત્ અંધકારરૂપ, અજ્ઞાત અને લક્ષણ રહિત હતુ. તે વખતે આ જગત્ અતર્ક્ય, અજ્ઞેય અને બધી બાજુથી સુપ્ત હતુ. એવી સ્થિતિમા બ્રહ્માએ ઇંડા વગેરેના ક્રમથી આ સમસ્ત જગતને બનાવ્યુ.—આ પ્રમાણે પરમાર્થને ન જાણનારા તે બ્રાહ્મણો વગેરે જૂઠુ બોલીને આમ કહે છે. તથા વસ્તુતત્ત્વ જૂદી જાતનુ છે અને તેઓ તેને જૂદી રીતે બતાવે છે. (૮)

सएहिं परियाएहिं, लोयं बूया कडेति य ।
तत्तं ते ण विजाणंति, ण विणासी कयाइवि ॥९॥

ઉપર્યુક્ત સૃષ્ટિ-કર્તૃત્વવાદી પોતપોતાની યુક્તિઓથી જગતને બનાવ્યાનું કહે છે. તેઓ વસ્તુસ્વરૂપને જાણતા નથી, કારણ કે લોક કદી પણ વિનાશી નથી. (૯)

ટીકાર્થ—હવે સૂત્રકાર જગતને દેવતા વગેરેએ બનાવેલું છે આદિ સિદ્ધાંતો માનનારા દાર્શનિકોને ઉત્તર આપવા કહે છે કે—

પૂર્વોક્ત અન્ય દર્શનીઓ પોતાની યુક્તિઓથી આ લોકને બનેલો બતાવે છે, કોઈ તેને દેવકૃત, કોઈ બ્રહ્મકૃત તો કોઈ વળી ઈશ્વરકૃત કહે છે કોઈ પ્રધાનાદિકૃત અને કોઈ સ્વયંભૂકૃત કહે છે આ લોકને સ્વયંભૂકૃત કહેનારા કહે છે કે આ લોક સ્વયંભૂએ રચ્યો છે અને માયાથી મરે છે. તો કોઈ વળી તેને ઈંડાથી ઉત્પન્ન થયેલો બતાવે છે.

આ બધા વાદીઓ પોતપોતાની યુક્તિના બળથી કહે છે કે

આગમોએ આ કહેલા સિદ્ધાન્ત જ સાચો છે, બીજો મત [illegible] વાસ્તવમાં આવા સિદ્ધાંતો માનનારા તે વાદીઓ વસ્તુતત્ત્વથી અનભિજ્ઞ છે આ લોકનો યથાર્થ સ્વભાવ શું છે? તેનું તેઓ [illegible] વિવેચન કરતા નથી. વાસ્તવમાં આ લોક કદી પણ [illegible] રૂપે નાશ પામતો નથી, કારણ દ્રવ્ય રૂપે તે હંમેશા વિદ્યમાન રહે છે. વળી આ લોકને કોઈએ પહેલ વહેલા બનાવેલો પણ નથી [illegible] આ લોક પૂર્વે હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. વળી દેવોપ્તવાદીઓએ આ લોકને દેવકૃત કહ્યો છે તે [illegible] કારણ કે આ લોક દેવકૃત છે એ સિદ્ધ કરવાનું તેમની પાસે કોઈ પ્રબળ પ્રમાણ નથી [illegible] પ્રમાણ વિના [illegible] તેનું [illegible] સ્વીકાર કરી ન શકે

પૂર્ણ કરશે માટે એ બધાનું મૂળ કારણ કોઈ પણ સિદ્ધ થઈ શકશે નહિ

જો એમ કહો કે એ દેવના અનાદિ હોવાથી ઉત્પન્ન થતો નથી તો તે પ્રમાણે આ લોકને પણ અનાદિ શા માટે માનતા નથી? તથા તમારા કહેવા પ્રમાણે જે દેવે આ લોક બનાવ્યો છે તે નિત્ય છે કે અનિત્ય? જો નિત્ય હોય તો અર્થક્રિયા સાથે વિરોધ હોવાથી તે એક સાથે જ ક્રિયાઓનો કર્તા થઈ શકતો નથી, તેમ જ ક્રમશઃ કર્તા પણ થઈ શકતો નથી (કહેવાનું એ છે કે જે પદાર્થ નિત્ય છે તેનો સ્વભાવ બદલતો નથી અને સ્વભાવ બદલ્યા વિના કોઈ પણ પદાર્થથી ક્રિયા થઈ શકતી નથી, માટે તે એક સ્વભાવવાળો નિત્ય દેવ એક સાથે ક્રિયાઓ કરી શકતો નથી, તેમ વળી ક્રમશઃ પણ કરી શકતો નથી માટે આ જગતનો કર્તા તે દેવ બની શકતો નથી)

જો તે દેવ અનિત્ય હોય તો ઉત્પત્તિ પછી પોતે જ વિનાશી હોવાથી તે પોતાની રક્ષા કરવા પણ સમર્થ નથી તો પછી તે [illegible] માટે વ્યાપાર ચિંતા શું કરી શકવાનો હતો? [illegible] દેવે [illegible] બનાવ્યો છે તે મૂર્ત છે કે અમૂર્ત છે? જો [illegible] અમૂર્ત છે [illegible] આકાશની પેઠે તે અકર્તા જ છે. જો તે મૂર્તિમાન [illegible] તે કાર્યની ઉત્પત્તિ [illegible] સાધારણ પુરુષની પેઠે તેને પણ [illegible] ની અપેક્ષા [illegible] છે, તો પછી તે સમગ્ર જગતનો કર્તા નથી તે સ્પષ્ટ છે

“[illegible] દેવગુપ્ત છે [illegible]” —આ [illegible] [illegible] પણ નથી તે જ [illegible] [illegible] છે. [illegible] [illegible] છે

ના [illegible] વાદીઓએ [illegible] મત [illegible]
એના નાના મતના સ્થાનભૂત આ [illegible]
કોઈ વિશિષ્ટ બુદ્ધિવાળાઓ [illegible]
ના તેમને [illegible] અયુક્ત છે [illegible]
[illegible] વ્યાપ્તિનું ગ્રહણ થતી નથી, પણ [illegible]
ગ્રહણ થાય છે.

પ્રત્યક્ષ જોઈ શકાય છે, માટે ઘટને જોઈને કુંભારનું અનુમાન કરી શકાય છે, પરંતુ જગતને જોઈને ઈશ્વરનું અનુમાન કરી ન શકાય, કારણ કે ઘટને બનાવતો કુંભાર જેમ પ્રત્યક્ષ જોઈ શકાય છે, તે પ્રમાણે નદી, સમુદ્ર, પર્વત વગેરેને બનાવતો કોઈ બુદ્ધિમાન કર્તા (ઈશ્વર) કદી જોઈ શકતો નથી, માટે જગતને જોઈને વિશિષ્ટ બુદ્ધિમાન કર્તાનુ અનુમાન કરી શકાતું નથી.

વળી વાદી એમ કહે કે "ઘટાદિ પદાર્થનું વિશિષ્ટ સંસ્થાન જોઈને બુદ્ધિમાન કર્તાનું કારણપૂર્વક અમે સાધન માનીએ છીએ, તે પ્રમાણે પર્વતાદિ પદાર્થો પણ વિશિષ્ટ સંસ્થાનને લઈને બુદ્ધિમાન કર્તા દ્વારા નિર્મિત થયેલા છે"—તો આ પણ તેમનું કહેવું યુક્ત નથી. કારણ કે વિશિષ્ટ સંસ્થાનની રચના માત્રને લઈને બધા પદાર્થો બુદ્ધિમાન કર્તા દ્વારા નિર્મિત થયેલા છે તેની પ્રતીતિ થતી નથી. જો એમ માનવામા આવે તો પછી માટીના ઘડાની પેઠે માટીનો ગફ્ડો જોઈને પણ એમ માનવું જોઈએ કે તે પણ કુંભારે બનાવ્યો છે. જેમ કુંભાર માટીમાથી પદાર્થો બનાવે છે તેથી એમ ન માની શકાય કે જે જે માટીના બનેલા પદાર્થો છે તે બધા કુંભારે બનાવેલા છે, કારણ એવુ માનવાથી માટીનો ગફ્ડો પણ કુંભારે બનાવ્યાનુ માનવું પડશે, તે પ્રમાણે સંસ્થાનની રચના માત્ર જોઈને એવું ન કહી શકાય કે જે જે સંસ્થાન રચના યુક્ત છે તે બુદ્ધિમાન કર્તાએ બનાવેલા છે પરંતુ જે સંસ્થાન વિશેષને બુદ્ધિમાન કર્તાએ બનાવેલ છે એવુ જાણવામા આવ્યુ હોય તે જ સંસ્થાન વિશેષને જોઈને તેના વિશિષ્ટ કર્તાનું અનુમાન કરી શકાય, પરંતુ કેવળ સંસ્થાન-રચનાને જોઈને અનુમાન ન કરી શકાય.

વળી ઘટ વગેરે સંસ્થાનને જોઈને ઈશ્વરનું અનુમાન કરી ન શકાય, કારણ કે તેનો વિશિષ્ટ કર્તા કુંભાર જ દેખાય છે, પરંતુ

છે. દેખાતો નથી. જો ઘટના કર્તાને પણ ઈશ્વર માનવામાં આવે તો પછી કુંભારની જરૂર જ શી છે ?

જો વાદી એમ કહે કે ઈશ્વર સર્વવ્યાપી હોવાથી ઘટ વગેરેની બનાવવામાં પણ નિમિત્ત રૂપે વ્યાપાર કરે છે તો તો "દૃષ્ટની હાનિ અને અદૃષ્ટની કલ્પના" નો પ્રસંગ બનશે. કારણ કે ઘડાનો કર્તા કુંભાર પ્રત્યક્ષ ઉપલબ્ધ હોવા છતાં પણ તેને ન માનવો તે "દૃષ્ટની હાનિ" છે અને ઘડા બનાવતા ઈશ્વરને કદી પણ જોવામાં આવતો [illegible] છતાં પણ તેની ખોટી કલ્પના કરી તેને ઘડાનો નિમિત્ત [illegible] તે "અદૃષ્ટની કલ્પના" છે. [illegible] નાગના સ્વરૂપને [illegible] [illegible] અને ઔષધથી તે રૂઝાય [illegible] [illegible] માટે શસ્ત્ર તથા ઔષધ જ કારણ છે, ઈશ્વર પદાર્થ નહિ. [illegible] સાથે તેનો જરા પણ સંબંધ નથી [illegible] [illegible] માનતા નથી. [illegible] [illegible] અદૃષ્ટ કારણની કલ્પના કરવી [illegible] [illegible]

લેવુ. કારણ કે આ હેતુ પણ કાર્યત્વના હેતુની પેઠે જ ઇષ્ટ અર્થનો સાધક નથી.

તથા એ જે પહેલા કહ્યુ છે કે—"આ લોક પ્રધાનાદિકૃત છે" વગેરે, એ પણ અસંગત છે. કારણ કે તે પ્રધાન મૂર્ત છે કે અમૂર્ત ? જો તે અમૂર્ત છે તો તે મૂર્તિમાન સમુદ્ર વગેરેને ઉત્પન્ન કરી ન શકે, જેમકે અમૂર્ત આકાશથી કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ જોવામા આવતી નથી. તેથી મૂર્ત અને અમૂર્તનો પરસ્પર કાર્ય-કારણ-ભાવ વિરુદ્ધ છે. જો તે પ્રધાન મૂર્ત છે તો તે પોતે કોનાથી ઉત્પન્ન થયો ? વાદી તેને પોતાની મેળે ઉત્પન્ન થયેલો કહી શકશે નહિ કારણ કે તેમ માને તો આ લોકને પણ સ્વય ઉત્પન્ન થયેલો કેમ ન માનવામા આવે ? આ પ્રધાન બીજાથી ઉત્પન્ન થયેલ છે એમ પણ કહી શકશે નહિ, કારણ તેમા અનવસ્થા દોષ આવે છે, તેથી જેમ વાદી પ્રધાનને ઉત્પન્ન થયા વિના જ અનાદિ ભાવથી સ્થિત માને છે, તે પ્રમાણે લોકને પણ અનાદિ ભાવથી સ્થિત કેમ માનતા નથી ?

તથા સત્ત્વ, રજ અને તમની સામ્ય અવસ્થાને વાદીઓ જે પ્રધાન કહે છે, તે અવિકૃત પ્રધાનથી મહત્ વગેરે પદાર્થોની ઉત્પત્તિ માનવી તેમને માટે ઇષ્ટ નથી, પરંતુ તે વાદીઓ વિકૃત પ્રધાનથી જગત્‌ની ઉત્પત્તિ બતાવે છે અને જે વિકૃત છે તે પ્રધાન નથી, માટે પ્રધાનથી મહત્ વગેરેની ઉત્પત્તિ માનવી અસંગત છે.

તથા પ્રકૃતિ અચેતન છે. તે પુરુષનું પ્રયોજન સિદ્ધ કરવા માટે કેવી રીતે પ્રવૃત્ત થઈ શકે, કે જેનાથી આત્માનો ભોગ સિદ્ધ થઈ શકે તથા મુક્તિ પણ થઈ શકે ? જો તેઓ કહે કે અચેતન હોવા છતાં પણ પ્રકૃતિનો એ સ્વભાવ છે કે તે પુરુષનું પ્રયોજન સિદ્ધ કરવા માટે પ્રવૃત્ત થાય છે, તો પછી પ્રકૃતિથી સ્વભાવ જ બળવાન

થશે કારણ કે તે પ્રકૃતિને પણ નિયમમાં રાખે છે તો પછી તેઓ સ્વભાવને જ જગતનું કારણ કેમ માનતા નથી ? આવી પ્રકૃતિ વગેરેની કલ્પનાનું શું પ્રયોજન છે ? એ કહે કે "આદિ શબ્દથી કાળ સ્વભાવને પણ જગતનું કારણ માને છે" તો માનો ? સ્વભાવને જગતનું કારણ માનવાથી આપના મતની [illegible] નિ[illegible] નથી, કારણ કે પોતાના ભાવને અર્થાત્ પોતાના સ્વરૂપને [illegible] [illegible] આ પદાર્થોની ઉત્પત્તિ આદિ [illegible]

નિયતિવાદીઓનું [illegible] "[illegible]" તો આ પક્ષમાં [illegible] કેમ [illegible] નથી, [illegible] તેનું [illegible] નિયતિ [illegible] [illegible] પૂરી પ્રતીત થતી નથી

કે અમૂર્ત વગેરે વિકલ્પો પણ વિચારી લેવા. તથા જે એ કહ્યું છે કે "તે સ્વયંભૂએ યમરાજને ઉત્પન્ન કર્યો અને તે યમરાજ લોકને મારે છે"—એ પણ પ્રલાપ માત્ર છે કારણ કે સ્વયંભૂ જગત્કર્તા હોઈ શકે નહિ તે કહેવાઈ ગયુ છે.

તથા કોઈએ જે એ કહ્યુ છે કે—"આ લોક ઈંડા વગેરેના ક્રમથી ઉત્પન્ન થયો છે" તે પણ અસંગત છે કારણ કે જે પાણીમા તે સ્વયંભૂએ ઈંડુ ઉત્પન્ન કર્યું, તે પાણી જેમ ઈંડા વિના જ ઉત્પન્ન થયુ, તે પ્રમાણે આ લોક પણ ઈંડા વિના જ ઉત્પન્ન થયાનું માનવામા કોઈ બાધા આવતી નથી. તથા તે બ્રહ્મા જેટલી વારમા ઈંડુ બનાવે છે તેટલા વખતમા આ લોકને જ શા માટે બનાવી લેતો નથી? માટે યુક્તિ વિરુદ્ધ ઈંડાની કષ્ટદાયક કલ્પના શા માટે કરવી? વળી કેટલાક કહે છે કે બ્રહ્માના મુખમાથી બ્રાહ્મણ, ભુજામાથી ક્ષત્રિય, સાથળમાથી વૈશ્ય અને પગમાથી શૂદ્ર થયા છે, માટે બ્રહ્માએ સૃષ્ટિ બનાવી છે તે માની લો પરંતુ તેઓનુ આ કથન પણ યુક્તિવિરુદ્ધ છે કારણ મુખ વગેરે દ્વારા કોઈની ઉત્પત્તિ જોવામા આવતી નથી. જો તેમ થાય તો એક બ્રહ્મામાથી બધા ઉત્પન્ન થયેલા હોવાથી બ્રાહ્મણ વગેરે વર્ણભેદ (જાતિભેદ) સંભવે નહિ. વળી બ્રાહ્મણોના કઠ, તૈત્તિરીયક અને કલાપ વગેરે ભેદો ન થાય, કારણ તે બધા એક જ મુખમાથી ઉત્પન્ન થયેલા છે તથા બ્રાહ્મણોમા ઉપનયન, વિવાહ વગેરે સંસ્કારનો પણ સદ્‌ભાવ ન થાય, અને થાય તો બહેનની સાથે પણ લગ્ન કરવાનો પ્રસંગ આવશે (એક મુખમાથી ઉત્પન્ન થયેલા હોવાથી ભાઈ-બહેન કહેવાય) માટે આ પ્રમાણે અનેક દોષો આવતા બ્રહ્માના મુખ વગેરેથી ઉત્પત્તિનું કથન માની શકાય નહિ.

મનોજ્ઞ કહેવાય છે. જે મનોજ્ઞ નથી તેને અમનોજ્ઞ કહે છે, તે અસત્ અનુષ્ઠાન છે. તે અસત્ અનુષ્ઠાનથી જેની ઉત્પત્તિ થાય છે તેને 'અમનોજ્ઞ સમુત્પાદ' કહે છે. એવકાર અવધારણાર્થક છે. તેનો સંબંધ આ પ્રમાણે જોડવો—

અશુભ અનુષ્ઠાન કરવાથી જ દુઃખ પેદા થાય છે એવું બુદ્ધિમાન પુરુષે જાણવું જોઈએ. કહેવાનું એ છે કે પોતાના કરેલા અશુભ અનુષ્ઠાનથી જ દુઃખની ઉત્પત્તિ થાય છે, કોઈ બીજાના કરેલા અનુષ્ઠાનથી થતી જ નથી. આમ હોવા છતાં પણ પૂર્વોક્ત વાદીઓ અશુભ અનુષ્ઠાનથી થતી દુઃખની ઉત્પત્તિને જાણતા નથી, માટે ઈશ્વર વગેરે અન્ય પદાર્થ દ્વારા દુઃખની ઉત્પત્તિ માને છે. આવી ખોટી રીતે દુઃખની ઉત્પત્તિને માનનારા દુઃખના નાશનું કારણ કેવી રીતે જાણી શકે ? કારણના નાશથી કાર્યનો પણ નાશ થાય છે, પરંતુ એ અન્ય તીર્થિકો દુઃખના કારણને જ જાણતા નથી. દુઃખના કારણને જાણતા ન હોવાથી તેઓ દુઃખના નાશ માટે કેવી રીતે પ્રયત્ન કરી શકે ? જો તેઓ તેવો પ્રયત્ન કરે તો પણ દુઃખનો નાશ કરી શકતા નથી, પરંતુ તથી ઊલટું જન્મ, જરા, મરણ અને ઇષ્ટના વિયોગ રૂપ અનેક દુઃખોથી પીડિત બની તેઓ રેંટ (અરઘટ્ટ)ના ન્યાયે અનંતકાળ સુધી સંસારમાં જ પડ્યા રહેશે (૧૦)

ત્રૈરાશિકવાદ

सुद्धे अपावए आया, इहमेगेसिमाहियं ।
पुणो किड्डापदोसेणं, सो तत्थ अवरज्झई ॥११॥

આ જગતમાં કોઈ કહે છે કે આત્મા શુદ્ધ અને પાપ રહિત છે. તો પણ તે રાગ-દ્વેષથી અપરાધી થાય છે. (૧૧)

આ મનુષ્ય ભવમાં જે મુનિ સંયમમાં રત રહે છે, તે બાદમાં પાપ રહિત બની જાય છે. પછી જેમ નિર્મળ પાણી મેલું થાય છે, તેમ તે આત્મા પણ મલિન થઈ જાય છે. (૧૨)

ટીકાર્થ—જે જીવ મનુષ્ય ભવ પ્રાપ્ત કરી પ્રવ્રજ્યા ધારણ કરીને યમ-નિયમમા રત રહે છે તે પાપ રહિત બની જાય છે. તે સમસ્ત-કર્મ કલંકથી રહિત બની જાય છે, એ ભાવ છે. ત્યારબાદ તે પુરુષ પોતાના શાસનને પ્રજ્વલિત કરીને મુક્તિગામી થાય છે પછી તે પોતાના શાસનની પૂજા જોઈને રાગ કરે છે અને તિરસ્કાર જોઈને દ્વેષ કરે છે. આ પ્રમાણે રાગદ્વેષના ઉદયથી તે પુરુષ મલિન આત્મા બની જાય છે, જેમ નિર્મળ પાણી પહેલા સ્વચ્છ થઈને પણ પાછળથી વાયુ દ્વારા ઉડતી ધૂળના સંયોગથી મલિન થઈ જાય છે તે પ્રમાણે આશય એ છે કે તે જીવ અનંતકાળ પછી સંસારથી ઉદ્વિગ્ન થઈને શુદ્ધાચાર સંપન્ન બને છે અને તેમ કરીને મોક્ષ મેળવીને કર્મ રહિત થઈ જાય છે. પરંતુ તે પાછો પોતાના શાસનની પૂજા અને તિરસ્કાર થતો જોઈને રાગદ્વેષ કરે છે. રાગદ્વેષ કરવાથી તે પાછો કર્મ સહિત બને છે. આ પ્રમાણે ત્રૈરાશિક મતમા આત્મા ત્રણ રાશિ (અવસ્થાઓ)ને પ્રાપ્ત કરે છે

કહ્યું પણ છે કે—હે ભગવન્! આપના શાસનને ન માનનાર પુરુષો ઉપર મોહનું સામ્રાજ્ય વ્યાપેલ દેખાય છે. તે મૂર્ખાઓ કહે છે કે મુક્ત જીવ પાછો સંસારમા આવે છે, પરંતુ આ તેમની વાત મોહના પ્રભાવથી કહેલી હોય છે જો બીજ બળી ગયું હોય તે પાછું ફરીથી ઉગતું નથી, તે પ્રમાણે સંસારનું મથન કરીને જે જીવ મુક્ત થઈ ગયા છે તે પાછો સંસારમા આવતો નથી, તથાપિ તે [illegible] તીર્થ [illegible] આવવાનું

ન હોવાથી એ મુક્ત જીવો પુનઃ સંસારમાં કેવી રીતે આવી શકે? માટે આ જુઠા સિદ્ધાંતને માનનારા એ અન્યતીર્થીઓ જો કે દ્રવ્ય બ્રહ્મચર્યમાં કથંચિત્ સ્થિત રહે છે, તથાપિ સમ્યગ્જ્ઞાન ન હોવાથી તેઓ સમ્યક્ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઈ શકતા નથી. તથા એ બધા પ્રાવાદુકો પોતપોતાના દર્શનના અનુરાગથી પોતપોતાના દર્શનને સુંદર બતાવે છે, પરંતુ વસ્તુસ્વરૂપને જાણનાર પુરુષોએ તેમના દર્શનોમાં શ્રદ્ધા કરવી ન જોઈએ. (૧૨)

શૈવ-એકદંડી આદિવાદ

सए सए उवट्ठाणे, सिद्धिमेव न अन्नहा ।
अहो इहेव वसवत्ती, सव्वकाम-समप्पिए ॥१४॥

કોઈ વાદી કહે છે કે—

મનુષ્યને પોતપોતાના અનુષ્ઠાનથી જ સિદ્ધિ મળે છે, અન્યથા નહિ. મોક્ષ પ્રાપ્તિ પૂર્વે મનુષ્યે જિતેન્દ્રિય બનીને રહેવું જોઈએ. એ પ્રમાણે તેની બધી કામનાઓ પૂર્ણ થાય છે. (૧૪)

ટીકાર્થ—હવે સૂત્રકાર કૃતવાદીઓનો મત બીજી રીતે બતાવે છે. તે કૃતવાદીઓ-શૈવ અને એકદંડી વગેરે કહે છે કે—દીક્ષા લેવી ગુરુચરણની સેવા કરવી વગેરે પોતપોતાના અનુષ્ઠાનોથી જ મનુષ્ય સમસ્ત સાંસારિક પ્રપંચોથી રહિત મુક્તિ મેળવે છે. બીજી રીતે મુક્તિની પ્રાપ્તિ થતી નથી. કારણ કે શૈવલોક દીક્ષાથી જ મોક્ષ માને છે અને એકદંડી વાદીઓ પચીસ તત્ત્વોના જ્ઞાનથી મુક્તિ બતાવે છે. વળી બીજા લોકોની પણ [illegible] કે સ્નાન, આચમન અને [illegible] અનુષ્ઠાનથ [illegible] આ પ્રમાણે બીજા દાર્શનિકો પણ પોતપોતાના દર્શનથી મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરે છે

ઈશિત્વ, વશિત્વ, અપ્રતિઘાતિત્વ અને યત્રકામાવસાયિત્વ. (૧૪)

सिद्धा य ते अरोगा य, इहमेगेसिमाहियं ।
सिद्धिमेव पुरोकाउं, सासए गढिया नरा ॥१५॥

વળી કોઈ (અન્ય દર્શની) કહે છે કે અમારા દર્શનના અનુષ્ઠાનથી સિદ્ધિને જે પ્રાપ્ત કરે છે તે નિરોગી થઈ જાય છે. તે અન્ય દર્શનીઓ સિદ્ધિને આગળ રાખીને પોતાના દર્શનમાં ગૂંથાયેલા છે. (૧૫)

ટીકાર્થ—આ પ્રમાણે તે અન્ય દર્શનીઓ કહે છે કે અમારા દર્શનમાં કહેલા નિયમોનુ અનુષ્ઠાન કરવાથી પુરુષને આ જન્મમાં આઠ ગુણ ઐશ્વર્યવાળી સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને પરલોકમા સંપૂર્ણ દ્વંદ્વની નિવૃત્તિ રૂપ મોક્ષ મળે છે, તે બતાવતા શાસ્ત્રકાર કહે છે કે—

અન્ય દર્શનીઓ કહે છે કે—જે પુરુષો અમારા દર્શનમા કહેલા નિયમોનુ સુંદર રીતે અનુષ્ઠાન કરે છે તેઓ આ જન્મમા આઠ પ્રકારની ઐશ્વર્યવાળી સિદ્ધિ મેળવે છે અને પછી વિશિષ્ટ સમાધિ-યોગથી શરીરને છોડી સિદ્ધ થઈ જાય છે અર્થાત તેઓ સમસ્ત દ્વંદ્વ રહિત નિરોગી બની જાય છે. અહી "નિરોગી" શબ્દ ઉપ-લક્ષણમા વપરાયો છે, તેથી એમ અર્થ કરવાનો કે તેઓ અનેક પ્રકારના શારીરિક અને માનસિક દુઃખોનો સ્પર્શ કરતા નથી કારણ તેમને શરીર અને મન હોતા નથી આ પ્રમાણે શૈવ વગેરે સિદ્ધિ માટે બતાવે છે.

તે શૈવ વગેરે સિદ્ધિને જ આગળ રાખીને, પોતાના દર્શનમા આસક્ત રહીને પોતાના શાસ્ત્રને અનુકૂળ એવી યુક્તિઓનું પ્રતિ-પાદન કરે છે. [illegible] પોતાના અભિષ્ટ

[illegible]

[illegible]

[illegible]

થાય છે, કારણ કે ઇન્દ્રિયોને વશ કર્યા વિના સમસ્ત દુઃખોની નિવૃત્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

તેઓ અણિમા વગેરે આઠ પ્રકારની ઐહિક સિદ્ધિઓનું વર્ણન કરે છે, તે પણ ભોળા મનુષ્યોને ઠગવા માટેનો દંભ જ છે. તે પાપીઓને બાળ તપના પ્રભાવથી જે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તે પણ કેવા પ્રકારની થાય છે તે શાસ્ત્રકાર બતાવે છે કે—તેઓ ઘણા લાંબા સમય સુધી અસુર સ્થાનોમાં નાગકુમાર વગેરે અલ્પ ઋદ્ધિવાળા, અલ્પ આયુવાળા અને અલ્પ શક્તિવાળા અધમ પ્રેષ્યભૂત (નોકર) દેવ બને છે, પ્રમુખ દેવ બનતા નથી. ઇતિ શબ્દ ઉદ્દેશકની સમાપ્તિ માટે છે. બ્રવીમિ પૂર્વવત્ જાણવું.



પરતીર્થિકના સમાગમ સમયે સાધુનું કર્તવ્ય

तं च भिक्खू परिन्नाय, वियं तेसु ण मुच्छए ।
अणुक्कस्से अप्पलीणे, मज्झेण मुणि जावए ॥२॥

વિદ્વાન સાધુ તે વાદીઓને સારી રીતે ઓળખીને તેમાં મૂર્છા ન કરે. તથા કોઈ જાતનો મદ કર્યા વિના સંસર્ગ રહિત મધ્યસ્થ વૃત્તિમાં રહે. (૨)

ટીકાર્થ—આવા અન્યતીર્થીઓ સંબંધી જૈન ભિક્ષુએ શું કરવું ઘટે તે બતાવવા શાસ્ત્રકાર કહે છે કે—

પાખંડી મતના અસત્ ઉપદેશને સારી રીતે જાણીને તથા તેઓ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વથી મલિન ચિત્ત અને સદ્વિવેક રહિત છે માટે તેઓ પોતાનું તથા બીજાનું કલ્યાણ કરવામાં સમર્થ નથી તે જાણીને, વિદ્વાન, સંયમી, વસ્તુસ્વરૂપના જ્ઞાતા, ભાવભિક્ષુ તે અન્યતીર્થીઓમાં મૂર્છા ન કરે તેમની સાથે સંપર્કમાં પણ ન આવે એ અર્થ છે. તેમની સાથે મુનિ શું કરે તે આ ગાથાના ઉત્તરાર્ધમાં બતાવ્યું છે ત્રણ લોકને જાણનાર મુનિ, આઠ પ્રકારના મદસ્થાનોમાંથી કોઈ પ્રકારનો પણ મદ ન કરતા તથા પરતીર્થી, ગૃહસ્થ અથવા પાર્શ્વસ્થ વગેરે સાથે સંબંધ ન રાખતા, મધ્યસ્થ વૃત્તિથી અર્થાત્ રાગદ્વેષ રહિત બનીને વ્યવહાર કરે ભાવ એ છે કે પરતીર્થી વગેરાની સાથે જો કથંચિત સંબંધ થઈ જાય તો સાધુ અહંકાર હોઈને અને ભાવથી તેમની સાથે સંબંધ ન રાખતા તથા રાગદ્વેષ રહિત બનીને તથા આત્મપ્રશંસા અને તેઓની નિંદા નહિ કરતા પોતાનો કાળ વ્યતીત કરે. (૨)

[illegible]

मर्यादाया न [illegible], [illegible]

[illegible] [illegible], [illegible]

[illegible]

ઉત્તરાર્ધ દ્વારા શાસ્ત્રકાર બતાવે છે—જે પુરુષ ધર્મોપકરણ સિવાય પોતાના શરીરના ભોગ માટે અલ્પ પરિગ્રહ પણ રાખતા નથી તથા જે પુરુષો સાવદ્ય આરંભ કરતા નથી, તે કર્મલઘુ પુરુષો સંસાર સાગરથી જીવોને પાર ઉતારવા માટે નૌકા જેવા સમર્થ છે. માટે ઉદ્દેશિક આદિ આહારને વર્જિત કરનાર શુદ્ધ ભિક્ષાન્નભોજી ભાવભિક્ષુ સર્વતોભાવેન તેમના શરણમા જાય. (૩)

कडेसु घासमेसेज्जा, विऊ दत्तेसणं चरे ।
अगिद्धो विप्पमुक्को अ, ओमाणं परिवज्जए ॥४॥

વિદ્વાન સાધુ બીજાએ બનાવેલા આહારની ગવેષણા કરે તથા આપેલા આહારને જ લેવાની ઈચ્છા કરે. તથા આહારમાં મૂર્ચ્છા એવં રાગદ્વેષ ન કરે. તથા બીજાનું અપમાન પણ ન કરે. (૪)

ટીકાર્થ—પરિગ્રહ અને આરંભ વર્જિત સાધુએ કેવી રીતે રહેવુ જોઈએ એ બતાવવા શાસ્ત્રકાર કહે છે કે—

ગૃહસ્થ પરિગ્રહ અને આરંભ દ્વારા પોતાને માટે જે ભાત વગેરે આહાર બનાવે છે તે 'કૃત' કહેવાય છે. તે કૃત આહાર અર્થાત્ બીજા દ્વારા બનાવેલા આહારમાથી સાધુ આહાર લેવાની ઈચ્છા કરે. અહી કૃત આહારને ગ્રહણ કરવાના વિધાન દ્વારા સોળ પ્રકારના ઉદ્ગમ દોષોનો પરિહાર કરવાનું સૂચન કર્યું છે. જે ખવાય છે તેને ગ્રાસ કહે છે આહારનું નામ ગ્રાસ છે. વિદ્વાન મુનિ ઉદ્ગમ દોષ રહિત આહારનું અન્વેષણ કરે. સંયમ પાલન કરવામા નિપુણ મુનિ બીજાના જે માણસો કોઈ પણ જાતના પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વિના જે આહાર કરવાની બુદ્ધિથી આપે, તે આહાર તેની ઈચ્છા કરે. આ ઉપદેશ દ્વારા અહીં સોળ પ્રકારના

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

લોકવાદ પરમાર્થથી વિપરીત બુદ્ધિ વડે રચાયો છે અર્થાત્ તે તત્ત્વ-જ્ઞાનથી વિપરીત જ્ઞાનથી સંપાદિત થયેલો છે. બીજા અવિવેકીઓએ જે અસત્ય અર્થ બતાવ્યો છે, તેનો લોકવાદ પણ અનુગામી છે. તાત્પર્ય એ છે કે પદાર્થોનું સાચું સ્વરૂપ ન બતાવતા વિપરીત સ્વરૂપ બતાવનાર અવિવેકીઓએ જે મિથ્યા અર્થ બતાવ્યો છે તેમની પેઠે જ વિપરીત અર્થ બતાવતો હોઈને આ લોકવાદ પણ તેમનો જ અનુગામી છે (૫)

अणंते निइए लोए, सासए ण विणस्सती ।
अंतवं निइए लोए, इति धीरोऽतिपासई ॥६॥

આ લોક અનંત, નિત્ય અને શાશ્વત છે, તે નષ્ટ થતો નથી તથા આ લોક અંતવાળો અને નિત્ય છે, તે ધીર પુરુષ (વ્યાસ વગેરે) અત્યંત દેખે છે. (૬)

ટીકાર્થ—વિપરીત બુદ્ધિથી રચાયેલા તે લોકવાદને બતાવવા શાસ્ત્રકાર કહે છે. જેનો અંત નથી તે અનંત છે. કહેવાનું એ છે કે આ લોકનો નિરન્વય નાશ થતો નથી, કારણ કે જે જેવો છે તે પરભવમાં પણ તેવો જ ઉત્પન્ન થાય છે. પુરુષ પાછો પુરુષ જ બને છે અને સ્ત્રી સ્ત્રી જ બને છે. અથવા આ લોક અનંત અર્થાત્ પરિમાણ રહિત એટલે કે અવધિવર્જિત છે તથા આ લોક નિત્ય અર્થાત્ ઉત્પત્તિ વિનાશ રહિત સ્થિર એક સ્વભાવવાળો છે. અને વળી તે હંમેશા વર્તમાન રહે છે માટે શાશ્વત છે. આ લોક જો અણુ વગેરે કાર્યદ્રવ્યની અપેક્ષાથી જો કે શાશ્વત નથી, છતાં તેનું કારણદ્રવ્ય કદાપિ પરમાણુ રૂપે છોડતું નથી, માટે આ શાશ્વત છે. આ લોકનો કદી નાશ થતો નથી, આ વાત દિશા, આત્મા અને આકાશ વગેરેની અપેક્ષાથી કહેવાઈ છે.

પરંતુ જે વિચાર કરીને કાર્ય કરનારા છે તેઓ માની શકશે નહિ કારણ કે આ વાતને સિદ્ધ કરનારૂં કોઈ પ્રમાણ નથી.

તથા લૌકિકોએ કહ્યું છે કે "પુત્રહીન પુરુષ માટે કોઈ લોક નથી"—એ પણ બાળ-ભાષણ જેવુ યુક્તિ રહિત છે, કારણ કે પુત્રની સત્તામાત્રથી વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થાય છે અથવા પુત્રે કરેલા વિશિષ્ટ અનુષ્ઠાનથી થાય છે? જો પુત્રના સદ્‌ભાવ માત્રથી વિશિષ્ટ લોકની પ્રાપ્તિ માનતા હો તો સમસ્ત લોક કુતરા અને કુક્કુરોથી ભરાઈ જશે કારણ કે તેમને ઘણા પુત્રો થાય છે. જો પુત્રે કરેલા શુભ અનુષ્ઠાનથી વિશિષ્ટ લોકની પ્રાપ્તિ માનો તો તે પણ અર્થહીન છે. કારણ કે જે પુરુષને બે પુત્રો હોય તેમા એક શુભ અનુષ્ઠાન કરે, બીજો અશુભ અનુષ્ઠાન કરે તો તે પિતા એક પુત્રના શુભ અનુષ્ઠાનના પ્રભાવથી ઉત્તમ લોકમા જશે? અને બીજા પુત્રે કરેલા અશુભ અનુષ્ઠાનથી અશુભ લોકમા જશે? તથા તે પિતાએ જે અનુષ્ઠાન કર્યું હતું તે તો નિષ્ફળ જ જશે. માટે "પુત્ર વિનાના માટે કોઈ લોક નથી"—આ કથન અવિવેકીનું છે

તથા 'કુતરા યક્ષ છે' એ કથન તો યુક્તિવિરુદ્ધ હોવાથી સાભળવા યોગ્ય પણ નથી

તથા લૌકિકોએ જે એ કહ્યુ છે કે—"તીર્થંકર અપરિમિત પદાર્થોને જાણે છે પરંતુ સર્વજ્ઞ નથી" એ કહેવુ પણ કેવળ મિથ્યા છે. કારણ કે અપરિમિત પદાર્થદર્શી બનીને પણ જે પુરુષ સર્વજ્ઞ નથી તે હેય (ત્યાગવા યોગ્ય) અને ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) પદાર્થોનો ઉપદેશ આપવા સમર્થ હોતો નથી, માટે બુદ્ધિમાન પુરુષ તેનો આશ્રય કરી ન શકે તે પુરુષ માટે કીટ સંખ્યાનું જ્ઞાન હોવું પણ ઉપયોગી છે, કારણ કે જો તે કીડાના વિષયમા જાણતો ન

ઔદારિક જીવોનો યોગ (અવસ્થા વિશેષ) સ્થૂળ છે. અને તેઓ વિપર્યયને પ્રાપ્ત થાય છે. બધા પ્રાણીઓને દુઃખ અપ્રિય છે, માટે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી જોઈએ નહિ (૯)

ટીકાર્થ—સંસારી પ્રાણીઓ જૂદી જૂદી પર્યાયો બદલે છે, એ વાત શાસ્ત્રકાર દૃષ્ટાંતથી બતાવે છે ઔદારિક શરીરવાળા બધા જીવોનો યોગ વ્યાપાર અર્થાત્ અવસ્થા વિશેષ ઉદાર અર્થાત્ સ્થૂળ છે ઔદારિક શરીરવાળા પ્રાણીઓ ગર્ભકલલ અને અર્બુદ રૂપ પૂર્વ અવસ્થાને છોડીને તેથી વિપરીત બાળ, કુમાર અને યૌવન વગેરે સ્થૂળ અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. આશય એ છે કે ઔદારિક શરીરવાળા મનુષ્ય વગેરે પ્રાણીઓની કાળકૃત કૌમાર વગેરે અવસ્થાઓ પ્રત્યક્ષ રૂપે ભિન્ન ભિન્ન દેખાય છે, પરંતુ જે પહેલા જેવો હતો તે હમેશા એવો જ રહે એવું જોવામાં આવતું નથી.

એ પ્રમાણે સ્થાવર જંગમ બધા પ્રાણીઓ જૂદી જૂદી અવસ્થા પ્રાપ્ત કરે છે, એમ જાણવું સાંસારિક બધા પ્રાણી શારીરિક અને માનસિક દુઃખોથી પીડા પામતા અને જૂદી જૂદી અવસ્થાઓને પ્રાપ્ત કરતા દેખાય છે, માટે તે પ્રાણીઓની કોઈ પણ પ્રકારે હિંસા ન થાય એમ વર્તવું જોઈએ અથવા બધા પ્રાણીઓને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે, માટે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી ન જોઈએ માટે આ પદ દ્વારા પ્રાણીઓનો અન્યથાભાવ બતાવ્યો છે અને તેમને ન મારવાનો ઉપદેશ પણ આપવામા આવ્યો છે (૯)

एयं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण ।
अहिंसा-समयं चेव, एतावंतं वियाणिया ॥१०॥

જેની ગૃદ્ધિ નથી તે 'વિગતગૃદ્ધિ' કહેવાય છે. આ બન્ને ગુણોથી યુક્ત મુનિ, જેનાથી મોક્ષ મળે છે તેવા જ્ઞાન, દર્શન, ચારિત્રની સમ્યક્ પ્રકારે રક્ષા કરે. જ્ઞાન દર્શન ચારિત્રની જે રીતે વૃદ્ધિ થાય તેવી રીતે તે મુની કાર્ય કરે. ચારિત્ર વગેરેનું પાલન કેવી રીતે થઈ શકે છે? પ્રયોજનવશ કોઈ સ્થાન ઉપર જતા સાધુ યુગમાત્રદષ્ટિ રાખીને જાય તથા ખૂબ સારી રીતે જોઈને સુપ્રમાર્જિત આસન ઉપર બેસે અને પોતાની શય્યા કે સંથારાનું સાચી રીતે નિરીક્ષણ કરી અને પ્રમાર્જિત કરી તેની ઉપર બેસે કે સૂવે અને આહાર પાણીના વિષયમા પણ સારી રીતે ઉપયોગ રાખે આશય એ છે સાધુ ઈર્યા, ભાષા, આદાન નિક્ષેપ અને પ્રતિષ્ઠાપના સમિતિમા સદા ઉપયોગ રાખીને ઉદ્ગમ વગેરે દોષવર્જિત આહાર-પાણીનું અન્વેષણ કરે. (૧૧)

एतेहिं तिहिं ठाणेहिं, सजए सततं मुणी ।
उक्कसं जलणं णूमं, मज्झत्थं च विगिंचए ॥१२॥

ઈર્યા સમિતિ, આદાન નિક્ષેપણા સમિતિ અને એષણા સમિતિ, આ ત્રણે સ્થાનોમાં હમેશાં સંયમ રાખીને મુનિ ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરે. (૧૨)

ટીકાર્થ—વળી પાછા શાસ્ત્રકાર ચારિત્રની શુદ્ધિ માટે ગુણો બતાવે છે પૂર્વોક્ત ત્રણ સ્થાનોમા સાધુએ સદા સંયમી બનીને રહેવુ જોઈએ. પૂર્વોક્ત ત્રણ સ્થાન આ છે- ઈર્યા સમિતિ, પહેલું સ્થાન છે તથા આસન અને શય્યા શબ્દથી આદાન અને ભાંડનિક્ષેપણા સમિતિ કહેવામા આવી છે, તે બીજું સ્થાન છે. ભક્તપાન શબ્દથી એષણા સમિતિ કહેવાઈ છે ભક્તપાન માટે ગૃહસ્થના ઘરમા પ્રવેશ કરેલ સાધુને બોલવું પડે તે પણ સંભવિત છે, માટે અહીં ભાષા



समिए उ सया साहू, पंच-संवर-संवुडे ।
सिएहिं असिए भिक्खू , आमोक्खाय परिव्वएज्जासि,
त्तिबेमि ॥१३॥

ભિક્ષણશીલ સાધુ સદા સમિતિઓથી યુક્ત અને પાંચ સંવરોથી ગુપ્ત બનીને ગૃહસ્થોમાં મૂર્છા ન રાખે અને મોક્ષની પ્રાપ્તિ સુધી સંયમનું પાલન કરે. એમ હું કહું છું. (૧૩)

ટીકાર્થ—આ પ્રમાણે મૂળ ગુણ અને ઉત્તર ગુણને બતાવી હવે શાસ્ત્રકાર બધાનો ઉપસંહાર કરતા કહે છે. સદા સાધુ પાંચ પ્રકારની સમિતિયુક્ત બનીને રહે તથા પ્રાણાતિપાતવિરમણ વગેરે પાંચ મહાવ્રતોથી યુક્ત રહીને સાધુ સદા પાંચ સંવરોથી ગુપ્ત રહે. તથા મન વચન અને કાયાથી સદા ગુપ્ત રહે. ગૃહપાશમાં બંધાયેલા ગૃહસ્થોમાં સાધુ મૂર્છિત ન બને. જેમ કીચડમાં રહીને પણ કમળ કીચડથી લેપાતું નથી, તે પ્રમાણે ગૃહસ્થોમાં નિવાસ કરીને પણ સાધુ તેમના કર્મથી લેપાય નહિ. હે ભિક્ષણશીલ અર્થાત્ ભાવભિક્ષો! આ પ્રમાણે સમસ્ત કર્મોનો ક્ષય કરવા માટે સદા સંયમના અનુષ્ઠાનમાં રત રહો—એ શિષ્ય પ્રત્યે ઉપદેશ છે. અહીં इति શબ્દ અધ્યયનની સમાપ્તિ સૂચવે છે. 'ब्रवीमि'—'હું કહું છું' એ ગણધર કહે છે. ગણધર કહે છે કે તીર્થંકર દેવે જેવું મને કહ્યું છે, એવું જ હું કહું છું, મારી ઇચ્છાથી કાંઈ કહેતો નથી.

અનુગમ સમાપ્ત. હવે નયોનો અવસર છે બધા નયોનું અનેક પ્રકારે વક્તવ્ય સાંભળીને, જેને ક્રિયા અને જ્ઞાનમાં સ્થિત સાધુ વિશુદ્ધ માને છે તેને સર્વનય વિશુદ્ધ માનવો.

છે કે—આ ગાથામાં દ્રવ્ય નિદ્રા અને ભાવ સંબોધ (ભાવથી જાગવું) બતાવવામાં આવેલ છે. દ્રવ્યનિદ્રા આદિ છે અને ભાવપ્રબોધ અંત છે. માટે આદિ અને અંતના ગ્રહણથી તેમના મધ્યવર્તી ભાવનિદ્રા અને દ્રવ્યબોધનું ગ્રહણ પણ સમજી લેવું. તેમાં દર્શનાવરણીય કર્મના ઉદયરૂપ નિદ્રાનો અનુભવ કરવો તે દ્રવ્યનિદ્રા છે અને જ્ઞાન દર્શન અને ચારિત્રની શૂન્યતા તે ભાવનિદ્રા છે. દ્રવ્યનિદ્રામાં સૂતેલ પુરુષનું જાગવું દ્રવ્યબોધ છે અને જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને સંયમને સ્વીકારવા તે ભાવબોધ છે. અહીં ભાવબોધનું જ વર્ણન છે, તે આ ગાથાના ઉત્તરાર્ધ વડે સુગમતાથી બતાવેલ છે. અહીં દ્રવ્ય અને ભાવ ભેદથી નિદ્રા અને બોધના ચાર÷ ભેદ કરી લેવા. (૧)

આયુષ્યની અનિત્યતા

डहरा वुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।
सेणे जह वट्टयं हरे, एवं आउखयंमि तुट्टई ॥२॥

÷ દ્રવ્યથી સૂવું અને ભાવથી જાગવું તે પહેલો ભેદ છે. દ્રવ્યથી જાગવું અને ભાવથી સૂવું તે બીજો ભેદ છે. દ્રવ્ય અને ભાવ બંનેથી સૂવું તે ત્રીજો ભેદ છે. દ્રવ્ય અને ભાવ બંનેથી જાગવું તે ચોથો ભેદ છે. જે શરીરથી સૂવે છે પરંતુ જ્ઞાન દર્શન અને ચારિત્રથી જાગ્રત છે તે પ્રથમ ભેદવાળા પુરુષ છે. જે શરીરથી જાગે છે પરંતુ જ્ઞાન દર્શન ચારિત્રથી સૂતેલ છે તે બીજા ભેદવાળા પુરુષ છે. જે શરીરથી પણ સૂવે છે અને જ્ઞાન દર્શન ચારિત્રથી પણ સૂવે છે તે ત્રીજા ભેદવાળા પુરુષ છે. જે શરીરથી પણ જાગે છે અને જ્ઞાન દર્શન ચારિત્રથી પણ જાગ્રત છે તે ચોથા ભેદવાળા પુરુષ છે.

થયેલા છે તથા વિશેષ રૂપથી કર્મનો નાશ કરનારા તથા આરંભને ત્યાગી સંયમ પાલનમા ઉદ્યત છે, તેમ જ જે ક્રોધ અને માયાનો નાશ કરનારા છે. અહી ક્રોધ સાથે માન અને માયા સાથે લોભ પણ લેવાનો છે તથા આદિ શબ્દથી બચેલુ મોહનીય કર્મ લેવું. માટે ક્રોધ, માન, માયા અને લોભ તથા શેષ મોહનીય કર્મનો નાશ કરનારા જે પુરુષ મન, વચન અને કાયા અને કર્મ દ્વારા પ્રાણીઓનો નાશ કરતા નથી તથા સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્ત છે, તે પુરુષના ક્રોધ વગેરે શાન્ત થઈ જવાથી તેઓ શાત છે અથવા તેઓ મુક્ત જીવની પેઠે સુખી છે. (૧૨)

ण वि अहमेव लुप्पए, लुप्पंति लोअंसि पाणिणो ।
एवं सहिएहिं पासए, अणिहे से पुट्ठे अहियासए ॥१३॥

બુદ્ધિમાન્ પુરુષ એમ વિચાર કરે કે શીત અને ઉષ્ણ વગેરે પરિષહોથી હું એકલો જ પીડાતો નથી, પરંતુ લોકમાં બીજા પ્રાણીઓ પણ પીડાય છે, માટે ક્રોધાદિ રહિત બનીને સહન કરે. (૧૩)

ટીકાર્થ—બુદ્ધિમાન્ પુરુષ એવુ વિચારીને પરીષહ અને ઉપસર્ગ સહન કરે કે—શીતોષ્ણ વગેરેથી હું એકલો જ પીડાતો નથી, પરંતુ આ જગત્મા બીજા તિર્યંચ અને મનુષ્ય વગેરે પ્રાણી પણ પીડાય છે તે પ્રાણીઓને સમ્યગ્ વિવેક નથી, તેથી કષ્ટ ભોગવતા છતા પણ તેઓ નિર્જરા રૂપ ફળ મેળવી શકતા નથી માટે કોઈ વિવેકી પુરુષની ઉક્તિ છે કે મે શીત ઉષ્ણ વગેરેના દુઃખો સહન તો કર્યા, પરંતુ ક્ષમા ગણીને નહિ પણ અશક્તિવશ સહન કર્યા મે ગૃહસુખનો ત્યાગ તો કર્યો, પરંતુ સંતોષને માટે નહિ, પણ અપ્રાપ્તિને લઈને. મે શીત, ઉષ્ણ અને પવનનું દુઃખ સહન કર્યું,

તું મુક્તિ જવા યોગ્ય બની અર્થાત્ રાગદ્વેષ વિનાનો બની, પાપ-કર્મના પરિણામનો વિચાર કર ! હે પુરુષ ! તું ઉત્તમ વિવેકવાળો અને પાપકર્માનુષ્ઠાન વિનાનો બની, ક્રોધાદિને છોડી દઈ શાંત બની જા. કર્મનું વિદારણ કરવામાં સમર્થ એવા વીર પુરુષ મહામાર્ગને પ્રાપ્ત કરે છે. એ મહામાર્ગના વિશેષણો બતાવે છે—તે મહામાર્ગ જ્ઞાનાદિ મોક્ષનો માર્ગ છે તથા તે મોક્ષ પાસે લઈ જનાર અને ધ્રુવ અર્થાત્ નિશ્ચિત છે. માટે આ સમજીને એ જ માર્ગનું અનુષ્ઠાન કરવું જોઈએ, પાપકર્મ કરવાની ધૃષ્ટતા કરવી નહિ. (૨૧)

वेयालियमग्गमागओ, मणवयसा कायेण +संवुडो ।
चिच्चा वित्तं च नायओ, आरंभं च सुसंवुडे चरे ॥
त्ति बेमि ॥२२॥

હે ભવ્યો ! કર્મનું વિદારણ કરનાર સમર્થ માર્ગમાં પ્રવેશી, મન વચન અને કાયાથી ગુપ્ત બની, ધન જ્ઞાતિ-વર્ગ અને આરંભનો ત્યાગ કરી ઉત્તમ સંયમી બની વિચરો. એમ હું કહું છું. (૨૨)

ટીકાર્થ—ફરી પાછું શાસ્ત્રકાર ઉપદેશ આપતા "વેયાલિય-મગ્ગ" ઈત્યાદિ કહીને આ ઉદ્દેશકને સમાપ્ત કરે છે કર્મનું વિદારણ કરનાર સમર્થ માર્ગમાં આવીને, મન-વચન-કાયાથી ગુપ્ત બની ધન સ્વજન વર્ગ અને સાવદ્ય અનુષ્ઠાનોને છોડી દઈ, જિતેન્દ્રિય બનીને સંયમમાં જ અનુષ્ઠાન કરવું જોઈએ. આ શ્રી સુધર્મા સ્વામી જંબૂસ્વામી વગેરેને કહે છે.

આ વૈતાલીય નામના બીજા અધ્યયનનો
પહેલો ઉદ્દેશો સમાપ્ત થયો.

+ પાઠાન્તર—निव्वुडो

ગોત્ર વગેરેનો મદ કરતા નથી, તેમ જ બીજાની નિંદા પણ કરતા નથી, કારણ કે પરનિંદા અશ્રેયસ્કર છે. (૧)

ટીકાર્થ—કાચળી છોડવા યોગ્ય જ છે માટે જેમ સર્પ તેને છોડી દે છે, તે જ પ્રમાણે સાધુ પણ ધૂળની પેઠે પોતાના અષ્ટવિધ કર્મોને કષાય રહિત બની છોડી દે છે. કષાયનો અભાવ જ કર્મના અભાવનું કારણ છે, એવુ જાણીને ત્રિકાળજ્ઞ મુનિ મદ કરતા નથી. હવે શાસ્ત્રકાર મદનુ કારણ બતાવે છે કાસ્યપ વગેરે ગોત્રવાળો જેમ પોતાના ઉત્તમ ગોત્રનો મદ કરે છે તેમ બીજા સાત મદ સ્થાનો પણ છે, તે માટે 'અન્યતર' શબ્દ વપરાયો છે. "માહન" સાધુને કહે છે. કોઈ કોઈ સ્થળે પાઠાંતર "जे चिउ" મળે છે તેનો અર્થ એ છે કે સાધુ જાતિ, કુળ અને લાભનો મદ કરતા નથી. સાધુએ મદ કરવો જોઈએ નહિ, એટલું જ નહિ, પરંતુ બીજાની નિંદા પણ કરવી જોઈએ નહિ, એ શાસ્ત્રકાર દર્શાવે છે. 'अथ' શબ્દ અનંતર અર્થમા વપરાયો છે બીજાની નિંદા પાપ ઉત્પન્ન કરે છે, માટે તે કદી કરવી નહિ.

હવે નિર્યુક્તિકાર ગાથાના અવયવને સ્પર્શ કરનારી બે ગાથાઓ લખે છે—પોતાના ઉત્કર્ષની વૃદ્ધિ કરનાર જે તપ, સંયમ અને જ્ઞાન છે તેનું અભિમાન પણ જ્યારે મહર્ષિઓએ છોડી દીધુ છે, ત્યારે બીજાની નિંદા છોડવાનુ તો પૂછવાનુ પણ શુ છે? તેનો તો તેઓ સર્વથા ત્યાગ કરી દે છે મોક્ષપ્રાપ્તિનુ એકમાત્ર સાધન નિર્જરા છે તેનો મદ પણ અગિતાઓ વર્જિત કર્યો છે, તો પછી બાકીના મદ જેવા કે જાતિ વગેરેનો મદ વગેરેની તો વાત પણ શું કરવી? તે મદોને તો પ્રયત્નપૂર્વક સુતરા ત્યાગ કરવો જોઈએ, એ ગાથાનો અર્થ છે (૧)

સમભાવથી સંયમનું પાલન

जे यावि अणायगे सिया, जे विय पेसगपेसए सिया ।
जे मोणपयं उवट्ठिए, नो लज्जे समयं सया चरे ॥३॥

ભલે ચક્રવર્તી સમ્રાટ હોય કે પછી ભલે દાસનો પણ દાસ હોય, પરંતુ જેણે મુનિપણું ધારણ કરી લીધું છે અર્થાત્ સંયમ માર્ગમાં ઉપસ્થિત થયેલા છે, તેણે લજ્જા છોડી દઈ સમભાવથી વિચરવું જોઈએ. (૩)

ટીકાર્થ—બીજા પુરુષોની તો વાત જ શુ કરવી, પરતુ જે પુરુષ નાયકવર્જિત સ્વયંપ્રભુ ચક્રવર્તી આદિ છે, તથા જે દાસના પણ દાસ છે અર્થાત્ તે જ ચક્રવર્તીના રાજ્યના કર્મચારીનો પણ નોકર હોય, પરંતુ જેણે મોક્ષપ્રદ મૌનીન્દ્રપદ અર્થાત્ સંયમનો આશ્રય લીધો હોય, તેણે લજ્જા છોડી દઈ, પોતાના ઉત્કર્ષનું માન ન રાખતા પરસ્પરમા વંદન નમસ્કાર વગેરે બધો વ્યવહાર કરવો જોઈએ. કહેવાનુ તાત્પર્ય એ છે કે—ગૃહસ્થાવસ્થામા પોતાના દાસનો પણ દાસ હોય અને તેણે પહેલા દીક્ષા લીધી હોય, અને ચક્રવર્તીએ પછી દીક્ષા લીધી હોય તો જરા પણ અભિમાન રાખ્યા વિના પૂર્વદીક્ષિત દાસને પણ તેઓ વંદન–નમસ્કાર કરવામા લજ્જા ન રાખે તથા બીજા કોઈ સાથે પણ અભિમાન ન રાખે, પરંતુ સર્વદા સમભાવપૂર્વક સાધુ સંયમમા તત્પર રહે. (૩)

લજ્જા–મદના ત્યાગથી સંયમ પાલન

सम अन्नयरंमि संजमे, संसुद्धे समणे परिव्वए ।
जे आवकहा–समाहिए, दविए कालमकासी पंडिए ॥४॥

ત્રણ કાળને જાણનાર મુનિ, પ્રાણીઓના ભૂત અને ભવિષ્યના સ્વભાવને જાણી તથા મોક્ષને જાણી, કડવા વચન કે દંડ વગેરેનો કોઈ માર મારે કે જીવથી મારી નાખે (હનન કરે) તો પણ સંયમ-માર્ગ ઉપર જ ચાલે. (૫)

ટીકાર્થ—કઈ વસ્તુનું અવલંબન લઈને સાધુ એમ કરે, તે શાસ્ત્રકાર બતાવે છે—

દૂરદર્શી હોવાથી અહીં મોક્ષને "દૂર" કહેલ છે. અથવા દીર્ઘ-કાળને દૂર કહે છે. તેથી ત્રિકાળદર્શી મુનિ મોક્ષને જોઈને અને દૂરકાળનો વિચાર કરીને લજ્જા અને મદ ન કરે. દૂરકાળનો શું વિચાર કરવાનો છે ? તો કહે છે કે—અતીત અર્થાત્ વીતેલો જે ધર્મ અર્થાત્ સ્વભાવ છે તે પ્રાણીઓને ઉચ્ચ નીચ ગતિઓમા જવાનો છે તથા ભવિષ્યકાળનો જે સ્વભાવ છે એ બન્નેને જાણી મુનિ લજ્જા અને મદ ન કરે. તથા લાકડી, ચાબૂકથી મારવામા આવે કે કડવા વચન કહેવામા આવે અથવા મારી નાખવામા આવે તો પણ મુનિ, સ્કંદકના શિષ્યોની પેઠે શાસ્ત્રોક્ત સંયમમાર્ગમા જ વિચરણ કરે. અહી "समया ह्रियामए" એ પાઠાંતર પણ મળે છે, તેથી તે મુનિરાજ સમભાવથી આપત્તિઓને સહન કરે એ અર્થ જાણવો (૫)

ધર્મ-પ્રવચન

पण्णसमत्ते सया जए, समताधम्म मुदाहरे मुणी ।
सुहुमे उ सया अलूसए, णो कुज्झे णो माणि माहणे ॥६॥

પ્રજ્ઞાપૂર્ણ (પૂર્ણ બુદ્ધિમાન) મુનિ સદા કષાયોને

વિનોદ કરી રહ્યા હતા. તેમા એક ચર્ચા ચાલી કે આ લોકમા ધર્મી પુરુષો ઘણાં છે કે અધર્મી? આ બાબતમા સમસ્ત સભાસદોએ એમ કહ્યું કે આ લોકમા અધર્મિક પુરુષો જ ઘણા છે. ધર્મ તો કોઈ સોમાથી એકાદ પુરુષ કરે છે

આ વાત સાભળી અભયકુમારે કહ્યુ કે પ્રાયઃ બધા માણસો ધાર્મિક જ છે જો મારી વાત માનવામા ન આવતી હોય તો પરીક્ષા કરી લો. સભાસદોએ કહ્યુ કે ભલે, પરીક્ષા કરો. ત્યાર બાદ અભયકુમારે એક સફેદ અને બીજો કાળા રંગનો મડપ બનાવરાવ્યો અને નગરમા એવી ઘોષણા કરાવી કે જે માણસો ધર્મી છે તેઓ બધા શ્વેત મડપમા દાખલ થાય અને જે અધાર્મિક હોય તેઓ કાળા મંડપમા દાખલ થાય. પરિણામે બધા માણસો સફેદ મંડપમા જ ગયા. જ્યારે તેઓ બહાર આવવા લાગ્યા તો તેમને પૂછવામા આવ્યું કે તમે કઈ રીતે ધાર્મિક છો? ઉત્તરમા કોઈએ કહ્યુ કે હું ખેડુત છુ તેથી ઘણા પક્ષીઓ મારૂ પાકેલું અનાજ ચુગી પોતાની ક્ષુધાની તૃપ્તિ કરે છે તથા ખળામાથી હુ અનેક ભિક્ષુઓને ધાન્ય આપુ છું તેથી મને દાનધર્મનો લાભ થાય છે, માટે હું ધાર્મિક છુ.

બીજાએ કહ્યુ—હું બ્રાહ્મણ છુ. હુ ષટ્કર્મમા તત્પર રહીને શૌચ-સ્નાન વગેરે દ્વારા વૈદોક્ત વિધિ અનુસાર પિતૃ અને દેવતાઓને તર્પણ કરૂં છું. તેથી હુ ધાર્મિક છુ.

વળી ત્રીજાએ કહ્યુ—હુ વણિક છું. વ્યાપાર દ્વારા છવિકા ચલાવુ છું, ભિક્ષા-દાન વગેરે કાર્યમા પ્રવૃત્ત રહુ છું. માટે હુ ધાર્મિક છું

વળી ચોથાએ કહ્યુ—હુ કુળપુત્ર છું તેથી ન્યાયથી ઉત્પન્ન

પ્રાયઃ પોતાને ધર્મી જ માનતા હતા તેથી અહીં ધર્મને બહુજન નમન અર્થાત્ ઘણા માણસોને નમન કરવા યોગ્ય કહ્યો છે, તે સિદ્ધ થાય છે. આવા લોકોત્તર ધર્મમાં સાવધાન બની માણસો બાહ્ય પરિગ્રહ-ધન ધાન્ય, કલત્ર વગેરે તથા આભ્યંતર મમતા વગેરેમાં આસક્ત ન રહેતા, તેનાથી અપ્રતિબદ્ધપણે રહી ધર્મ પ્રકાશે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે ઘટાવે છે કે—જેમ તળાવ સ્વચ્છ પાણીથી ભરેલું હોય તેમાં અનેક માછલા વગેરે જળચરો દોડાદોડ કરે તે પણ તે મલિન ન રહે, તે પ્રમાણે સાધુ પુરુષને અનેક કષ્ટો આવે તો પણ મલિન ન રહેતાં અને ક્ષાંતિ વગેરે દશ પ્રકારનો ધર્મ પ્રગટ કરે અથવા પોતે નિર્મળ ચારિત્ર પાળીને ભવ્ય જીવોને પ્રતિબોધ આપવા માટે તીર્થંકર પ્રરૂપિત દશવિધ સાધુ ધર્મનો પ્રકાશ કરે. અહીં વર્તમાનમાં છાંદસત્વાત્ ભૂતકાળનું રૂપ ગાથામાં લીધું છે (૭)

बहवे पाणा पुढो सिया, पत्तेयं समयं समीहिया ।
जो मोणपदं उवट्ठिए, विरतिं तत्थ अकासि पंडिए ॥८॥

આ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના ઘણા પ્રાણીઓ નિવાસ કરે છે. તે દરેક પ્રાણીને સમભાવથી જોઈ, સંયમમાં સ્થિત વિવેકી પુરુષ તે પ્રાણીઓના ઘાતથી વિરત રહે. (૮)

ટીકાર્થ—હવે બહુજનોથી નમસ્કૃત ધર્મમાં સ્થિત સાધુ કેવા ધર્મને પ્રકાશે છે, તે સૂત્રકાર દર્શાવે છે અથવા બીજો ઉપદેશ આ પ્રમાણે આપે છે કે—

દશ પ્રકારના પ્રાણ—૧ શ્રોતેન્દ્રિયબળ પ્રાણ, ૨ ચક્ષુરિન્દ્રિય બળપ્રાણ, ૩. ઘ્રાણેન્દ્રિય બળપ્રાણ, ૪ રસનેન્દ્રિયબળ પ્રાણ, ૫. સ્પર્શેન્દ્રિયબળ પ્રાણ, ૬. મનબળ પ્રાણ, ૭ વચનબળ પ્રાણ ૮. કાયાબળ પ્રાણ, ૯ શ્વાસોચ્છ્વાસબળ પ્રાણ અને ૧૦ આયુબળ

પરંતુ જે એવા નથી તેવા ધર્માચરણ નહિ કરેલા પુરુષો મૃત્યુ અને દુઃખ ઉપસ્થિત થતા શોક કરે છે. 'ण' શબ્દ વાકયના અલંકારમાં વપરાયો છે. અથવા એવા અધર્મી પુરુષો અર્થાત્ ધર્માચરણથી રહિત પુરુષો સ્વજનોના મૃત્યુથી કે ધન નાશ પામવાથી 'ममाइणो' અર્થાત્ તે ધન મારૂં હતુ અને હુ તેનો સ્વામી હતો, એવા અધ્યવસાય રાખીને શોક કરે છે આમ અજ્ઞાનતાવશ વિલાપ અને શોક કરવા છતા પણ પોતાના આત્મા સમાન વ્હાલો કરેલો પરિગ્રહ સોનું ચાંદી વગેરે ધન અને ઈષ્ટજનો જે નાશ પામેલ છે કે મૃત્યુ પામેલ છે તેને તે ગૃહસ્થો મેળવી શકતા નથી. જે ચારે બાજુથી મેળવી પોતાને આધીન કરવાની ભાવના છે તે પરિગ્રહ છે.

અથવા ધર્મના પારગામી મુનિ જે આરંભના અંતમા સ્થિત રહેલા હોય અર્થાત્ આરંભથી દૂર થયેલા હોય તેવા મુનિ પાસે તેના માતા પિતા વગેરે સ્વજનવર્ગ આવીને તે મુનિ ઉપર મમત્વ અને સ્નેહ કરે અને તેને મેળવવા વિલાપ અને શોક કરે, તો પણ તે આત્માર્થી મુનિને તેઓ પોતાનો પરિગ્રહ સમજતા છતા પણ મેળવી શકતા નથી (૯)

સુવર્ણ, સ્વજન આદિની નશ્વરતા

इह लोग दुहावहं विऊ, परलोगे य दुहं दुहावहं ।
विद्धंसणधम्ममेव तं इति, विज्जं कोऽगारमावसे ॥१०॥

સોનું ચાંદી વગેરે ધન અને સ્વજનવર્ગ-તે બધો પરિગ્રહ આ લોકમાં તેમ જ પરલોકમાં દુઃખદાયી છે તથા તે બધું નશ્વર છે. તેથી આ જાણનારો કયો પુરુષ ગૃહસ્થાવાસમાં રહેવાનુ પસંદ કરે ? (૧૦)

બનીને રહે સાર એ છે કે ભિક્ષણશીલ સાધુ ચાલવું, બેસવું, સ્થિત થવું અને શયન કરવું—એ બધી અવસ્થાઓમાં રાગદ્વેષ તજીને સમાધિવાળા બની ધર્મધ્યાનથી યુક્ત બની રહે. તથા તપ કરવામાં પણ પોતાનું પરાક્રમ ખૂબ પ્રગટ કરે તેઓ વિચારીને જ શબ્દો બોલે અને મનથી ગુપ્ત રહે. (૧૨)

સાધુનું શયન સંબંધી વર્તન

णो पीहे ण याव पंगुणे, दारं सुन्नघरस्स संजए ।
पुट्ठे ण उदाहरे वयं, ण समुच्छे णो संथरे तणं ॥१३॥

સાધુ શૂન્ય ગૃહનું દ્વાર ખોલે નહિ કે બંધ કરે નહિ. કોઈ પૂછે તો બોલે નહિ તથા તે ઘરનો કચરો સાફ કરે નહિ અને તૃણ વગેરે પાથરે નહિ. (૧૩)

ટીકાર્થ—સાધુ શયન વગેરેના કારણે એકાંત શૂન્ય ઘરમાં રહ્યા હોય તો કમાડ વગેરે વાસી તે મકાન બંધ ન કરે. તેમ જ કમાડને હલાવે પણ નહિ. તેમ જ બંધ બારણાને ઉઘાડે નહિ. ત્યાં કે બીજી જગ્યાએ રહેલા સાધુને કોઈ ધર્મ વગેરે અથવા માર્ગ પૂછે તો સાવદ્ય ભાષા ન બોલે. અથવા અભિગ્રહધારી જિનકલ્પી વગેરે સાધુ નિરવદ્ય વચન પણ ન બોલે. તથા તે સાધુ તે મકાનના ઘાસ અને કચરાને સાફ કરીને દૂર ન કરે. તથા કોઈ અભિગ્રહધારી સાધુ પોતાના શયન માટે ઘાસનું બિછાનું ન પાથરે, તો પછી કામળો વગેરે પાથરવાની તો વાત જ શું કરવી ? અથવા બીજા સાધુ પણ પોલા ઘાસનું બિછાનું ન બિછાવે (૧૩)

સાધુ ઉપસર્ગ સહન કરે

जत्थऽत्थमिए अणाउले, सम-विसमाइं मुणीऽहियासए ।
चरगा अदुवा वि भेरवा, अदुवा तत्थ सरीसिवा सिया ॥१४॥

આના ત્રણે પ્રકારના ઉપસર્ગો સાધુ મુનિરાજ નિર્વિકલ ભાવથી સહન કરે અને વિકાર ન પામે. સાધુ ભયથી રુંવાડું પણ ઊંચુ ન કરે, અર્થાત્ કંપાવે નહિ અહી "આદિ" શબ્દથી એવો અર્થ થાય કે ભૂત વ્યંતર વગેરેના ચાળા દેખીને તથા મોઢું જોઈને મુનિ કંપાયમાન ન બને. અહીં શૂન્યગૃહ વગેરેમાં રહેવું, તેમા શૂન્યગૃહ ઉપલક્ષણ માત્ર છે. માટે સ્મશાન વગેરે ભયંકર સ્થાનોમાં રહેલા જિનકલ્પી વગેરે મહામુનિ પણ કંપાયમાન થાય નહિ, એ પણ સમજવું (૧૫)

णो अभिकंखेज्ज जीवियं, नोऽवि य पूयणपत्थए सिया ।
अब्भत्थ मुविंति भेरवा, सुन्नागारगयस्स भिक्खुणो ॥१६॥

તે ઉપસર્ગોથી પીડિત સાધુ જીવવાની ઈચ્છા ન કરે તથા પૂજાવાની માગણી ન કરે (પૂજા માટે કષ્ટ સહન ન કરે). આ પ્રમાણે પૂજા અને જીવનથી નિરપેક્ષ બની શૂન્યગૃહમાં રહેતાં સાધુને ભૈરવાદિકૃત ઉપસર્ગ સહન કરવાનો અભ્યાસ થઈ જાય છે. (૧૬)

ટીકાર્થ—વળી ભૈરવ વગેરના ઉપસર્ગોથી પીડાયેલો સાધુ જીવવાની ઈચ્છા ન કરે અર્થાત્ જીવવાનુ મમત્વ રાખ્યા વિના પરિષહો સહન કરે, તેમ જ ઉપસર્ગો સહન કરવાથી પૂજાનો ઈચ્છુક પણ ન બને આ પ્રમાણે જીવન અને પૂજન બન્નેથી નિરપેક્ષ બનીને વાઘ સાપ [illegible] પિશાચ તથા શિયાળીયા વગેરેના ઉપદ્રવને સહન કરે છે [illegible] ઉપદ્રવો કરનાર આત્મીય [illegible] છે તથા શૂન્યાગારગત સાધુ [illegible] સુખેથી સહન કરે છે. (૧૬)

મુનિને રાજા મહારાજા વગેરેનો સંસર્ગ સારો નથી. કારણ કે તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચાર પાળનાર મુનિનો પણ સમાધિભંગ કરે છે. (૧૮)

ટીકાર્થ—જેમાં ત્રણ વાર ઉકાળો આવી ગયો છે એવું ગરમ પાણી પીનાર અથવા ગરમ પાણીને ઠંડુ કર્યા વિના પીનારા તથા જે શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત છે અને જે અસંયમ અર્થાત્ પાપાનુષ્ઠાનથી શરમાતા હોય અને તેની ઘૃણા કરતા હોય તેવા ધર્મસાધક મુનિ માટે રાજા મહારાજા વગેરેનો સંસર્ગ અનર્થની ઉત્પત્તિનું કારણ બને છે અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરવા છતાં પણ અસમાધિ અર્થાત્ અપધ્યાન થવા સંભવ છે અને સ્વાધ્યાય વગેરેનો સંભવ રહેતો નથી, તેથી તેમનો સંસર્ગ સારો નથી, માટે ત્યાજ્ય છે. (૧૮)

કલહ કરનારને મોક્ષનો અભાવ

अहिगरणकडस्स भिक्खुणो, वयमाणस्स पसज्झ दारुणं ।
अट्ठे परिहायती बहु, अहिगरणं न करेज्ज पंडिए ॥१९॥

જે સાધુ કલહ કરનાર છે અને પ્રગટરૂપે ભયાનક વાક્ય બોલે છે, તેનો મોક્ષ અથવા સંયમ અત્યંત નષ્ટ થઈ જાય છે, તેથી વિવેકી સાધુ કલહ ન કરે. (૧૯)

ટીકાર્થ—"અધિકરણ" કલહનું નામ છે. તે કરવાનો જેનો સ્વભાવ છે તેને "અધિકરણકર" કહે છે. જે સાધુ કલહ કરનાર છે તથા જેનાથી કલહ ઉત્પન્ન થાય એવી દારૂણ અને ભયંકર વાણી પ્રગટરૂપમાં બોલે છે તેનો મોક્ષ અથવા મોક્ષનું કારણ સંયમ ઘણો જ નષ્ટ થઈ જાય છે. આશય એ છે કે જે કલહ કરે છે અને બીજાને નિરન્તર દુઃખ દેનાર વાણી બોલે છે, તેનું ઘણા કાળમાં



મહાવીર સ્વામીથી ભિન્ન નથી, માટે અહીં ભગવાનને મહાન્ કહ્યા છે એવા મહાન્ તથા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરનારા મહર્ષિ જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાન સ્વામી દ્વારા પ્રતિપાદિત ગ્રામધર્મના ત્યાગ સ્વરૂપ જે ધર્મ છે, તેનું જેઓ આચરણ કરે છે તેઓ જ સંયમમાં પ્રવૃત્ત છે તથા તેઓ જ કુતીર્થિક ધર્મનો ત્યાગ કરીને સમ્યગ્ધર્મમાં પ્રવૃત્ત છે તથા તેઓ જ નિહ્નવ વગેરેનો ત્યાગ કરી કુમાર્ગના ઉપદેશથી સારી રીતે હઠી ગયેલા છે (પરંતુ કુપ્રાવચનિક અને જમાલિ પ્રભૃત કુમાર્ગ દેશનાથી હટેલા નથી.) તથા યથોક્ત ધર્મનું અનુષ્ઠાન કરનારા તેઓ જ પરસ્પર એક બીજાને ધર્મમાં પ્રેરિત કરે છે અથવા ધર્મથી ભ્રષ્ટ થનારાને ફરીથી ધર્મમાં પ્રવૃત્ત કરે છે (૨૬)

પૂર્વે ભોગવેલા વિષયો યાદ ન કરવા

मा पेह पुरा पणामए, अभिकखे उवधिं धूणित्तए।
जे दूमण तेहि णो णया, ते जाणंति समाहिमाहियं ॥२७॥

પહેલાં ભોગવેલાં શબ્દાદિ વિષયોનું સ્મરણ કરવું નહિ. માયા અને આઠ પ્રકારના કર્મોને દૂર કરવાની ઇચ્છા કરવી. મનને દુષિત કરનારા શબ્દાદિ વિષયોમાં જે પુરુષ આસક્ત નથી, તે પુરુષ પોતાના આત્મામાં સ્થિત છે અને ધર્મ-ધ્યાન તથા રાગદ્વેષના ત્યાગરૂપ ધર્મને જાણે છે. (૨૭)

ટીકાર્થ—દુર્ગતિ તરફ કે સંસાર તરફ જે પ્રાણીઓને નમાવે છે તેને 'પ્રણમક' કહે છે, તે શબ્દાદિ વિષયો છે. તેને પૂર્વે ભોગવ્યા છે, તેનું સ્મરણ ન કરવું, કારણ તેનું સ્મરણ પણ મહા અનર્થનું કારણ બને છે. તથા ન ભોગવેલા નવા વિષયોની પણ આકાંક્ષા [illegible] અનુષ્ઠાન [illegible]

1

અને નિમિત્ત બતાવવાના કાર્યોને છોડી દઈ સમ્યક્ ક્રિયાના અનુષ્ઠાનમા જ પ્રવૃત્તિ કરવી. તથા આ વસ્તુ મારી છે અને હું તેનો સ્વામી છું—આવા પ્રકારની મમતા પણ સાધુ ન કરે (૨૮)

छन्नं च पसंग णो करे, न य उक्कोस–पगास माहणे।
तेसिं सुविवेगमाहिए, पणया जेहिं सुजोसियं धुयं ॥२९॥

સાધુ પુરુષ ક્રોધ, માન, માયા અને લોભ ન કરે. જેમણે આઠ પ્રકારના કર્મોને નાશ કરનાર સંયમનું સારી રીતે સેવન કરેલું છે, તેમનો જ ઉત્તમ વિવેક જગતમાં પ્રસિદ્ધ થયેલો છે અને તેઓ જ ધર્મમાં અનુરક્ત છે. (૨૯)

ટીકાર્થ—"છન્ન" માયાનુ નામ છે. કારણ કે પોતનો અભિપ્રાય છૂપાવવો તે માયા છે તે માયા સાધુ ન સેવે તથા બધા કોઈ જાતની આપત્તિ વિના જેને પ્રશમે છે—આદર કરે કરે છે તે પ્રશસ્ત છે. તે લોભ છે, તે લોભ પણ સાધુએ કરવો નહિ. 'ઉત્કર્ષ' તે માનનું નામ છે. કારણ કે તે લઘુપ્રકૃત્તિવાળા પુરુષને જાતિ વગેરે મદના સ્થાનો કથા છે, તેમની દ્વારા મત્ત બનાવી દે છે, માટે સાધુ માન પણ ન કરે

તથા 'પ્રકાશ' તે ક્રોધનુ નામ છે કારણ કે તે મનુષ્યની અંદર —હીન પણ મોઢુ, દૃષ્ટિ, ભ્રૂકુટિભંગ વગેરે વિકારોથી પ્રગટ થઈ જાય છે એ ક્રોધ પણ સાધુ મુનિરાજ ન કરે

જે મહાત્માઓએ આ ચતુર્વિધ કષાયોનો પરિત્યાગ કર્યો છે, તેઓ જ ધર્મમા પ્રવૃત્ત થયેલા છે, અથવા તે જ સત્પુરુષોનો ઉત્તમ પરિજ્ઞાન રૂપ વિવેક જગતમા પ્રસિદ્ધ થયેલો છે તથા તેઓ જ ધર્મમા પ્રવૃત્ત થયેલા છે, જે સત્પુરુષોએ આઠ પ્રકારના કર્મો દૂર

અનુષ્ઠાનમા પ્રવૃત્તિ બતાવવા કહે છે કે 'સુસવુડે' અર્થાત્ સાધુ ઈન્દ્રિય અને નો-ઈન્દ્રિય દ્વારા વિષય તૃષ્ણા રહિત બનીને વિચરે.

શ્રુત અને ચારિત્રને ધર્મ કહે છે. તે ધર્મને જ સાધુ પોતાનું પ્રયોજન માને, કારણ સજ્જન પુરુષ ધર્મની જ પ્રાર્થના કરે છે. તથા સાધુ તપમા પોતાનું પરાક્રમ પ્રગટાવે અને જિતેન્દ્રિય બનીને સંયમનું અનુષ્ઠાન કરે. આમ શા માટે કરવુ? તો શાસ્ત્રકાર બતાવે છે કે સંસાર-સાગરમા ભ્રમણ કરનારા પ્રાણીઓને ધર્માનુષ્ઠાન કર્યા વિના આત્મ-કલ્યાણ પ્રાપ્ત થવુ અતીવ દુર્લભ છે કારણ કે (ન પુનઃ) અર્થાત્ મનુષ્ય-ભવ આગીયા કીડાની જ્યોતિ કે વીજળીના ચમકારા જેવો અતિ ચંચળ છે, તે વીતી જાય તો અગાધ સાગરમા પડેલી નાની વસ્તુ હાથ લાગવી મુશ્કેલ છે, તેમ મનુષ્યભવ પુનઃ પ્રાપ્ત કરવો અત્યંત દુર્લભ છે.

માટે યુગ સમિલ વગેરેના દૃષ્ટાંતોમા કહેલી નીતિ અનુસાર પ્રથમ તો મનુષ્ય ભવની પ્રાપ્તિ જ દુર્લભ છે, અને તેમા વળી આર્યક્ષેત્ર મળવુ અતિ દુર્લભ છે તેથી દુઃખથી આત્મહિત પ્રાપ્ત થાય છે, એ માનવું પડે છે.

પ્રાણીઓમા ત્રસ પ્રાણીઓ શ્રેષ્ઠ છે અને ત્રસમા પંચેન્દ્રિય પ્રાણી ઉત્કૃષ્ટ છે તેમા પણ મનુષ્ય વિશિષ્ટ છે મનુષ્યભવમા પણ આર્યદેશ મળવો ઉત્તમ છે આર્યદેશમા પણ કુળ મુખ્ય છે અને કુળમા જાતિ ઉત્કૃષ્ટ છે જાતિમા રૂપ અને સમૃદ્ધિ મળવી મુશ્કેલ છે અને તેમા પણ બળ મળવુ તે વિશિષ્ટતા છે બળ મેળવીને આયુષ્ય મળવુ ઉત્તમ છે અને આયુષ્યથી પણ વિજ્ઞાન મળવું મુખ્ય છે વિજ્ઞાનમા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી ઉત્તમ છે અને તેમાં શીલની પ્રાપ્તિ થવી તે પણ ઉત્તમ છે. ક્રમશ આ પદાર્થો પ્રાપ્ત કરવા તે સંક્ષેપમા મોક્ષ-સાધનનો ઉપાય છે. તેમા તમે ઘણી વગુ

[illegible]

[illegible]

પ્રાણીઓને કલ્યાણ-માર્ગની પ્રાપ્તિ ઘણી મુશ્કેલ છે એવું જાણી તથા આ આર્હત ધર્મ બધા ધર્મોમાં શ્રેષ્ઠ છે એવું સમજીને જ્ઞાનાદિ સંપન્ન ગુરુ દ્વારા ઉપદિષ્ટ માર્ગ ઉપર ચાલનારા અને પાપથી વિરત થયેલા ઘણા પુરુષોએ આ સંસાર-સમુદ્રને પાર કર્યો છે—એમ હું કહું છું. (૩૨)

ટીકાર્થ—પુનઃ શાસ્ત્રકાર ઉપદેશ આપવા માટે કહે છે કે—

ઉક્ત રીતિથી પોતાનુ કલ્યાણ પ્રાપ્ત કરવું અત્યંત દુર્લભ છે એવું જાણીને તથા બધા ધર્મોમા મહાન્ અંતર રાખનારા ધર્મ-વિશેષને અથવા કર્મના અંતરને જાણીને અથવા ઉત્તમ અનુષ્ઠાન યોગ્ય મનુષ્યત્વ અને આર્ય ક્ષેત્ર વગેરે પ્રાપ્ત થયેલ અવસરને જાણીને તથા આ શ્રુત ચારિત્ર સ્વરૂપ આર્હત ધર્મને સ્વીકારીને જ્ઞાનાદિથી સંપન્ન લઘુકર્મી ઘણા પુરુષો આચાર્ય વગેરે અથવા તીર્થંકરે બતાવેલા માર્ગનુ અનુષ્ઠાન કરીને પાપકર્મથી નિવૃત્ત બની ગયા છે અને તેમણે અપાર સંસાર-સાગરને પાર કર્યો છે. આ મે તમને કહ્યું છે અને બીજા તીર્થંકરોએ બીજાઓને કહ્યુ છે. 'ઇતિ' શબ્દ સમાપ્તિ-અર્થક છે. 'ત્તિબેમિ' પૂર્વવત્ છે. (૩૨)

આ વૈતાલીય નામના બીજા અધ્યયનનો
બીજો ઉદ્દેશો સમાપ્ત થયો.

જે ભિક્ષુએ આઠ પ્રકારના કર્મોનું આગમન રોકી દીધું છે, તેને જે અજ્ઞાનવશ કર્મ બંધાયેલું હોય તે સંયમના અનુષ્ઠાનથી ક્ષીણ થઈ જાય છે. તે પંડિત પુરુષ મરણને છોડીને મોક્ષ પ્રાપ્ત કરે છે. (૧)

ટીકાર્થ—જે ભિક્ષુએ કર્મોને રોકયા છે અથવા સમ્યક્ અનુપયોગ રૂપ અનુષ્ઠાન અથવા મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપ કર્મોને જેણે રોકી દીધા છે, તે સાધુને અજ્ઞાનવશ જે દુઃખ—પ્રતિકૂળ વેદનીય અથવા દુઃખના કારણ સ્વરૂપ આઠ પ્રકારના કર્મો બદ્ધ, સ્પૃષ્ટ તથા નિકાચિત ભેદથી ઉપચિત થયા છે તે તીર્થંકરોક્ત ૧૭ પ્રકારના સંયમના અનુષ્ઠાનથી પ્રત્યેક ક્ષણે નાશ થતા જાય છે. ભાવ એ છે કે જે તળાવમા પાણીના આગમનનો માર્ગ બંધ થઈ ગયો છે, તેમા પહેલાનું ભરાયેલુ પાણી જેમ સૂર્યના કિરણોથી પ્રતિદિન ઘટતું જાય છે, તે પ્રમાણે જે સાધુ મહાત્માએ આસ્રવ દ્વાર બંધ કરી દીધુ છે, તથા ઈન્દ્રિય, યોગ અને કષાયને રોકવામા હમેશા સાવધાન રહે છે, તે સંવૃતાત્મા પુરુષના અનેક જન્મસંચિત અજ્ઞાનજનિત કર્મો સંયમના અનુષ્ઠાનથી ક્ષીણ થઈ જાય છે. જે પુરુષ સંવૃતાત્મા છે તથા સત્કર્મનું અનુષ્ઠાન કરે છે તે મરણ—સ્વભાવને તથા ઉપલક્ષણથી જાતિ, જરા, મરણ અને શોક વિગેરેને છોડી મોક્ષ પ્રાપ્ત કરે છે. જે સત્ અને અસત્‌ના વિવેકી છે, તેને પંડિત કહે છે. અથવા સર્વજ્ઞો એવુ કહે છે કે જે વિવેકી પુરુષ પોતાના આત્માને સંવરમા ગણી નિર્મળ સંયમ પાળશે તેઓ મોક્ષમા જશે (૧)

શ્રી-કામભોગોમાં અનાસક્તિ

जे विन्नवणाहिऽज्झोसिया, संतिन्नेहि समं वियाहिया ।
तम्हा उड्ढं ति पासहा, अदक्खु कामाइ रोगवं ॥२॥

રાત્રિભોજન ત્યાગ અને મહાવ્રત પાલન

अग्गं वणिएहिं आहियं, धारंती राईणिया इहं ।
एवं परमा महव्वया अक्खाया उ सराइभोयणा ॥३॥

જેમ વાણિયો દૂર દેશથી ઉત્તમ રત્નો અને વસ્ત્રો વગેરે કમાઈ લાવેલો હોય તેને રાજા મહારાજાદિ ધારણ કરે છે, તે જ પ્રમાણે આચાર્ય દ્વારા ઉપદિષ્ટ રાત્રિભોજનવિરમણ સહિત પાંચ મહાવ્રતો સાધુ પુરુષ ધારણ કરે છે (૩)

ટીકાર્થ—હવે સૂત્રકાર બીજો ઉપદેશ આપવા કહે છે કે—

જેમ પ્રાણીઓ બીજા દેશમાંથી ઉત્તમ રત્નો, વસ્ત્રો અને પાત્રો વગેરે કમાઈ લાવેલો હોય તેને રાજા મહારાજા અને રાજા સમાન ઐશ્વર્યવાન મનુષ્યો ધારણ કરે છે, તે પ્રમાણે આચાર્ય મહારાજે વર્ણવેલાં રાત્રિભોજન વિરમણ સહિતના રત્નતુલ્ય આ પાંચ મહાવ્રતોને સાધુ પુરુષ ધારણ કરે છે. અહીં "तु" શબ્દ ઉપરોક્ત રત્નોની અપેક્ષાએ મહાવ્રતો રૂપી રત્નોની વિશિષ્ટતા દર્શાવે છે તેનો સાર એ છે કે જેમ પ્રધાન રત્નો માટે રાજા મહારાજાઓ જ ભાજન છે, તે પ્રમાણે મહાવ્રતરૂપી રત્નોના મહા પરાક્રમી સાધુ પુરુષ જ પાત્ર છે, અન્ય નહિ. (૩)

સુખશીળતા

जे इह सायाणुगा नरा अज्झोववन्ना कामेहिं मुच्छिया ।
किवणेण समं पगब्भिया, न वि जाणंति समाहिमाहितं ॥४॥

આ લોકમાં જે પુરુષો સુખની પાછળ ભમે છે તથા સમૃદ્ધિ, રસ અને સાતા ગૌરવમાં મૂર્છિત છે તેઓ

સાધુ પોતાનું પરાક્રમ વાપરવામા ન્યૂનતા ન ગણે તથા મન વચન કાયાથી ગુપ્ત રહે અર્થાત્ સુપ્રણિહિતયોગ બનીને રહે. સાધુ જ્ઞાનાદિથી યુક્ત બનીને સર્વદા પોતાના અને પરના વિષયમા યત્નવાન બને.

સાધુ કેવા બનીને એમ કરે ?

તો કહે છે કે—પરમ્ તે ઉત્કૃષ્ટ અને આયત તે દીર્ઘ, જે સર્વ કાળમા સ્થિત રહે છે તે પરમાયત એટલે કે મોક્ષ છે. એવા મોક્ષની સદા અભિલાષા કરતા સાધુ ઉપર બતાવેલા વિશેષણો (ગુણો)થી યુક્ત બનીને રહે. (૧૫)

ધન-સ્વજન આદિ શરણ નથી

वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नइ ।
एते मम तेसुवी अहं नो ताणं सरणं न विज्जई ॥१६॥

અજ્ઞાની જીવ ધન પશુ અને જ્ઞાતિ જનોને પોતાનું શરણ માને છે. તે માને છે કે તેઓ મારા છે અને હું તેમની ઉપર નિર્ભર છું. વસ્તુતઃ તે ત્રાણ અને શરણ નથી. (૧૬)

ટીકાર્થ—વળી સૂત્રકાર બીજો ઉપદેશ આપતા કહે છે કે—

ધન ધાન્ય અને હિરણ્ય વગેરેને "વિત્ત" કહે છે

હાથી, ઘોડા, ગાય, ભેંસ વગેરેને પશુ કહે છે

માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરે સ્વજન વર્ગને "જ્ઞાતિ" કહે છે

ઉપરોક્ત બધા પદાર્થોને અજ્ઞાની જીવ પોતાનું શરણ માને છે અજ્ઞાની જીવ એવું માને છે કે ધન, ધાન્ય, સોનુ, ચાંદી વગેરે વિત્ત તથા હાથી ઘોડા ગાય ભેંસ વગેરે પશુઓ તથા માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરે જ્ઞાતિ જનો વગેરે મારું [illegible]

સાધુ પોતાનું પરાક્રમ વાપરવામાં ન્યૂનતા ન રાખે તથા મન વચન કાયાથી ગુપ્ત રહે અર્થાત્ સુપ્રણિહિતયોગ બનીને રહે. સાધુ જ્ઞાનાદિથી યુક્ત બનીને સર્વદા પોતાના અને પરના વિષયમાં યત્નવાન બને.

સાધુ કેવા બનીને એમ કરે ?

તો કહે છે કે—પરમ્ તે ઉત્કૃષ્ટ અને આયત તે દીર્ઘ; જે સર્વ કાળમાં સ્થિત રહે છે તે પરમાયત એટલે કે મોક્ષ છે. એવા મોક્ષની સદા અભિલાષા કરતા સાધુ ઉપર બતાવેલા વિશેષણો (ગુણો)થી યુક્ત બનીને રહે. (૧૫)

ધન-સ્વજન આદિ શરણ નથી

वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नइ ।
एते मम तेसुवी अहं नो ताणं सरणं न विज्जई ॥१६॥

અજ્ઞાની જીવ ધન પશુ અને જ્ઞાતિ જનોને પોતાનું શરણ માને છે. તે માને છે કે તેઓ મારા છે અને હું તેમની ઉપર નિર્ભર છું. વસ્તુતઃ તે ત્રાણ અને શરણ નથી. (૧૬)

ટીકાર્થ—વળી સૂત્રકાર બીજો ઉપદેશ આપતા કહે છે કે—

ધન ધાન્ય અને હિરણ્ય વગેરેને "વિત્ત" કહે છે

હાથી, ઘોડા, ગાય, ભેંસ વગેરેને પશુ કહે છે

માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરે સ્વજન વર્ગને "જ્ઞાતિ" કહે છે

ઉપરોક્ત બધા પદાર્થોને અજ્ઞાની જીવ પોતાનું શરણ માને છે અજ્ઞાની જીવ એવું માને છે કે ધન, ધાન્ય, સોનું, ચાંદી વગેરે વિત્ત તથા હાથી ઘોડા ગાય ભેંસ વગેરે પશુઓ તથા માતા, પિતા, પુત્ર, સ્ત્રી વગેરે જ્ઞાતિ જનો મારે માટે હિતકારક છે, મ…

એકલો જ તે દુઃખ ભોગવે છે તે વખતે ધન અને જ્ઞાતિજન તેનું જરા પણ રક્ષણ કરી શકતા નથી. વળી સ્વજનવર્ગની વચ્ચે રહીને પણ રોગથી પીડા પામતો રોગી એકલો જ દુઃખ ભોગવે છે, પરંતુ સ્વજનવર્ગ તેના રોગને ઘટાડી શકતો નથી કે સંપૂર્ણ નાશ કરી શકતો નથી. અથવા ઉપક્રમ (ઘાત)ના કારણે જ્યારે પ્રાણીનું આયુષ્ય નષ્ટ થઈ જાય છે તથા તેની અવધિ પૂરી થતા આયુષ્ય પૂર્ણ થાય છે કે મૃત્યુકાળ ઉપસ્થિત થાય છે ત્યારે તે પ્રાણી એકલો જ અહીંથી પરલોકમા ગમન કરે છે અથવા બીજેથી અહીં એકલો જ આવે છે તે વખતે તેનો કોઈ પણ સાથી હોતો નથી. માટે વિવેકી પુરુષ જે સંસારના યથાવસ્થિત સ્વભાવને ઓળખે છે, તે તેઓનું શરણ જરા પણ માનતો નથી, તો પછી સંપૂર્ણપણે માનવાની તો વાત જ કયાં રહી ? કારણ કે તે સમજે છે કે જગતમા જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે વળી આ જીવન એકલાને જ શુભાશુભ ગતિ ભવાવર્તમા થાય છે. માટે આત્માએ એકલાએ જ પોતાનું હિત સંપાદન કરવુ જોઈએ

તથા જીવ એકલો જ કર્મ કરે છે અને તેનુ ફળ પણ એકલો જ ભોગવે છે તે એકલો જન્મે છે અને એકલો જ મરે છે અને એકલો જ પરલોકમા જાય છે. (૧૭)

કર્માનુસાર સંસાર ભ્રમણ

सव्वे सयकम्मकप्पिया, अवियत्तेण दुहेण पाणिणो ।
हिंडंति भयाउला सढा, जाइजरामरणेहि ऽभिद्दुता ॥१८॥

બધા પ્રાણીઓ પોતપોતાના કર્માનુસાર નાના પ્રકારની અવસ્થાઓમાથી યુક્ત છે તથા બધા અલક્ષિત દુઃખથી

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને મોક્ષ સાધનનો અવસર માનીને દરેક મનુષ્યે તેને ઉચિત કાર્ય કરવુ જોઈએ. તેમા જંગમ(ત્રસ)પણું હોવુ, પંચેન્દ્રિયપણું હોવું, તથા ઉત્તમ કુળમા ઉત્પન્ન થવુ અને મનુષ્યતા તે તો દ્રવ્ય છે. તથા ૨૫।। જનપદ સ્વરૂપ આ આર્યદેશ તે ક્ષેત્ર છે. અને અવસર્પિણીનો ચોથો અને પાચમો આરો વગેરે ધર્મપ્રાપ્તિ માટે યોગ્ય કાળ છે. તથા ધર્મશ્રવણ અને તેની ઉપર શ્રદ્ધા તથા ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ એકાત હિતકારણ વિરતિ (પ્રવ્રજ્યા) નો સ્વીકાર કરવામા ઉત્સાહ રૂપ ભાવ અનુકૂળ અવસર છે. એવા શુભ અવસરને સમજીને તથા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સુલભ નથી એ શાસ્ત્રનુ કથન જાણીને તેને અનુરૂપ કાર્ય કરવુ જોઈએ. કારણ કે જેમણે ધર્માચરણ કર્યું નથી, તેમને પુનઃ બોધ પ્રાપ્ત થવો સુલભ નથી કારણ કે—

મળેલી બોધિમા ધર્મ ન કરતા ભવિષ્યમા બોધિની પ્રાર્થના કરો છો તો તમે બીજા જ્ઞાનને કયુ મૂલ્ય આપીને પ્રાપ્ત કરશો ? અર્થાત્ તમને અત્યારે મહાપુણ્યોદયથી ધર્મશ્રદ્ધા મળી છે તે અવસર ગુમાવી દઈ ધર્માચરણ કરશો નહિ તો પછી ધર્મ વિના તમને પુનઃ બોધિની પ્રાપ્તિ કેમ થશે ? માટે જ્ઞાનાદિસંપન્ન પુરુષોએ એવું વિચારવુ જોઈએ કે ઉત્કૃષ્ટ દેશે ઉણા અર્ધ પુદ્ગળ પરાવર્તન કાળ સુધી ફરીથી બોધિ મળવી દુર્લભ છે. બોધિની દુર્લભતા મુનિ હમેશા ધ્યાનમા રાખે

અહી "अहियासए" પાઠાતર પણ મળે છે તેનો અર્થ એ છે કે સાધુ ઉત્પન્ન થયેલાં પરીષહોને બરાબર સમતા રાખી સહન કરે, એવું રાગદ્વેષને જીતનાર નાભિપુત્ર જિનેશ્વરદેવ શ્રી ઋષભદેવ ભગવાને અષ્ટાપદ પર્વત ઉપર પોતાના (૯૮) પુત્રોને કહ્યું હતું તથા અન્ય તીર્થંકરે એ પણ એમ જ કહ્યુ છે (૧૯)

હિંસા કરવી નહિ. પોતાના આત્માના હિતમાં પ્રવૃત્ત રહીને સ્વર્ગાદિની ઇચ્છા રહિત (અનિદાન) બનીને ગુપ્તેન્દ્રિય રહેવું. આ પ્રમાણે અનંત જીવ સિદ્ધ થયા છે, વર્તમાન કાળમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમાં પણ અનંત જીવ સિદ્ધ થશે. (૨૧)

ટીકાર્થ—હવે સૂત્રકાર પૂર્વોક્ત ગુણોને ઉદ્દેશીને કહે છે—ત્રિવિધ એટલે મન વચન અને કાયાથી અથવા કરવું, કરાવવુ અને અનુમોદવુ એ ત્રણ પ્રકારે દશ પ્રકારના પ્રાણ ધારણ કરનારા પ્રાણીઓને ન હણવા, તે પહેલું મહાવ્રત છે. આ પહેલુ મહાવ્રત ઉપલક્ષણથી કહ્યુ છે તેથી બીજા મહાવ્રતો પણ સમજી લેવા. તથા પોતાના આત્માનુ હિત તે આત્મહિત છે, તેમા પ્રવૃત્ત થઈને તથા જેને સ્વર્ગાદિક સુખની અભિલાષા નથી તે અનિદાન છે, તેવા બનીને તથા ઈન્દ્રિય અને નોઈન્દ્રિય (મન) તથા મન, વચન અને કાયા એ ત્રણેથી ગુપ્ત તે ગુપ્તિથી ગુપ્ત એવા બનીને વિચરવુ. આવા ઉત્તમ ગુણવાળો પુરુષ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એ બતાવવા કહે છે કે—પૂર્વોક્ત માર્ગનુ અનુષ્ઠાન કરીને અથવા સંવૃત્ત બનીને પોતાના સમસ્ત કર્મોનો ક્ષય કરીને વિશિષ્ટ સ્થાન એવા સિદ્ધ સ્થાનમા ગયા તથા વર્તમાન કાળમા પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા યોગ્ય ક્ષેત્રમા પૂર્વોક્ત માર્ગ દ્વારા જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને ભવિષ્ય કાળમા પણ આ જ માર્ગનુ અનુષ્ઠાન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે, પણ તેથી જુદો અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી તે કહેવાનો ભાવાર્થ છે, (૨૧)

एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरणाणदंसणधरे।
अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥२२॥

त्तिबेमि ॥

ભગવાન મહાવીર સ્વામીના માતા વિશાલા હતા (અથવા વિશાળ પુણ્યવાળા હતા) અને કુળ પણ વિશાળ હતુ તથા તેમનુ પ્રવચન પણ વિશાળ (ઉદાર) હતું, માટે તેઓ વૈશાલિક જિન કહેવાયા છે. તેની ગાથા આ પ્રમાણે છે—

विशाला जननी यस्य, विशाल कुलमेव वा ।
विशालं वचनं चास्य, तेन वैशालिको जिनः ॥

આ પ્રમાણે તે જિનેશ્વર દેવે કહ્યું છે, તે હુ તમને કહુ છું. "इति" શબ્દ સમાપ્ત્યર્થક છે 'ब्रवीमि' ને અર્થ "હું કહું છુ" થાય છે નયે પૂર્વની પેઠે જાણવા (૨૨)

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રનું "વૈતાલીય" નામનું
દ્વિતીય અધ્યયન સમાપ્ત.

પહેલે ભાગ સમાપ્ત

ભગવાન મહાવીર સ્વામીના માતા વિશાલા હતા (અથવા વિશાળ પુણ્યવાળા હતા) અને કુળ પણ વિશાળ હતુ તથા તેમનુ પ્રવચન પણ વિશાળ (ઉદાર) હતું, માટે તેઓ વૈશાલિક જિન કહેવાયા છે. તેની ગાથા આ પ્રમાણે છે—

विशाला जननी यस्य, विशालं कुलमेव वा ।
विशालं वचनं चास्य, तेन वैशालिको जिनः ॥

આ પ્રમાણે તે જિનેશ્વર દેવે કહ્યુ છે, તે હુ તમને કહું છું. "इति" શબ્દ સમાપ્ત્યર્થક છે 'ब्रवीमि' નો અર્થ "હું કહું છુ" થાય છે નયો પૂર્વની પેઠે જાણવા (૨૨)

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રનું "વૈતાલીય" નામનું
દ્વિતીય અધ્યયન સમાપ્ત.

પહેલો ભાગ સમાપ્ત

હિંસા કરવી નહિ. પોતાના આત્માના હિતમાં પ્રવૃત્ત રહીને સ્વર્ગાદિની ઈચ્છા રહિત (અનિદાન) બનીને ગુપ્તેન્દ્રિય રહેવું. આ પ્રમાણે અનંત જીવ સિદ્ધ થયા છે, વર્તમાન કાળમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમાં પણ અનંત જીવ સિદ્ધ થશે. (૨૧)

ટીકાર્થ—હવે સૂત્રકાર પૂર્વોક્ત ગુણોને ઉદ્દેશીને કહે છે—ત્રિવિધ એટલે મન વચન અને કાયાથી અથવા કરવુ, કરાવવુ અને અનુમોદવુ એ ત્રણ પ્રકારે દશ પ્રકારના પ્રાણ ધારણ કરનારા પ્રાણીઓને ન હણવા, તે પહેલું મહાવ્રત છે. આ પહેલુ મહાવ્રત ઉપલક્ષણથી કહ્યુ છે તેથી બીજા મહાવ્રતો પણ સમજી લેવા. તથા પોતાના આત્માનું હિત તે આત્મહિત છે, તેમા પ્રવૃત્ત થઈને તથા જેને સ્વર્ગાદિક સુખની અભિલાષા નથી તે અનિદાન છે, તેવા બનીને તથા ઈન્દ્રિય અને નોઈન્દ્રિય (મન) તથા મન, વચન અને કાયા એ ત્રણેથી સંવૃત તે ગુપ્તિથી ગુપ્ત એવા બનીને વિચરવુ આવા ઉત્તમ ગુણવાળો પુરુષ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એ બતાવવા કહે છે કે—પૂર્વોક્ત માર્ગનુ અનુષ્ઠાન કરીને અથવા સંવૃત્ત બનીને પોતાના સમસ્ત કર્મોનો ક્ષય કરીને વિશિષ્ટ સ્થાન એવા સિદ્ધ સ્થાનમા ગયા તથા વર્તમાન કાળમા પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા યોગ્ય ક્ષેત્રમા પૂર્વોક્ત માર્ગ દ્વારા જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને ભવિષ્ય કાળમા પણ આ જ માર્ગનુ અનુષ્ઠાન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે, પણ તેથી જુદો અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી તે કહેવાનો ભાવાર્થ છે, (૨૧)

एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरणाणदंसणधरे।
अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥२२॥

त्तिबेमि ॥

ભગવાન મહાવીર સ્વામીના માતા વિશાલા હતા (અથવા વિશાળ પુણ્યવાળા હતા) અને કુળ પણ વિશાળ હતુ તથા તેમનુ પ્રવચન પણ વિશાળ (ઉદાર) હતું, માટે તેઓ વૈશાલિક જિન કહેવાયા છે. તેની ગાથા આ પ્રમાણે છે—

विशाला जननी यस्य, विशालं कुलमेव वा ।
विशालं वचनं चास्य, तेन वैशालिको जिनः ॥

આ પ્રમાણે તે જિનેશ્વર દેવે કહ્યુ છે, તે હુ તમને કહુ છુ. "इति" શબ્દ સમાપ્ત્યર્થક છે 'ब्रवीमि' નો અર્થ "હું કહું છુ" થાય છે નયો પૂર્વની પેઠે જાણવા (૨૨)

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રનું "વૈતાલીય" નામનું
દ્વિતીય અધ્યયન સમાપ્ત.

પહેલો ભાગ સમાપ્ત